**શીઆહ જાફરી મશાયખી વિકાસ મંડળ, સાબરકાંઠાનો નવીન સંકલ્પ**

# શૈક્ષણિક કારકિર્દી ઘડતર કાર્યક્રમ

## Educational Career Buildup Programme (ECBP)

બિસ્મિલ્લાહિર રહમાનિર રહીમ

શીઆહ જાફરી મશાયખી વિકાસ મંડળ, સાબરકાંઠા છેલ્લા ૩૦ વર્ષથી સમાજના સર્વાંગી વિકાસ માટે સમયાંતરે વિવિધ કાર્યક્રમો લઈ આપની સમક્ષ આવતું રહ્યું છે જે પૈકી ચાલુ વર્ષથી સમાજના આર્થિક રીતે નબળા વર્ગના બાળકોના શૈક્ષણિક વિકાસ માટે આર્થિક રીતે સહાય પૂરી પાડવાના હેતુથી નામદાર બાવા સાહેબના શુભાશિષ અને માર્ગદર્શન મુજબ **'શૈક્ષણિક કારકિર્દી ઘડતર કાર્યક્રમ'** (ECBP)ની શરૂઆત કરવામાં આવેલ છે અને પ્રારંભિક તબક્કામાં જ સમાજના મોમિન ભાઈ-બહેનો તરફથી ઉષ્માભર્યો આવકાર સાંપડી રહેલ છે.

**ECBP શું છે ? શા માટે ?**

આપ સુવિદિત છો કે સમાજના સર્વાંગી વિકાસ માટે ઉચ્ચ શિક્ષણ અનિવાર્ય છે અને સાથે સાથે આજનું શિક્ષણ ખૂબ મોઘું પણ બન્યું છે. એ હકીકતને ધ્યાનમાં લેતાં આર્થિક રીતે નબળા વર્ગના બાળકોને ઉચ્ચ શિક્ષણ મેળવવા આર્થિક સમસ્યાઓ નડે તે સ્વાભાવિક છે. જેથી આર્થિક સધ્ધરતાના અભાવે શૈક્ષણિક કારકિર્દીના ઘડતરથી વંચિત રહી જતા બાળકોને ECBP દ્વારા મદદરૂપ થઈ તેમના કૌશલ્યોને વિકસાવવામાં આડે આવતાં પરિબળો દૂર કરીને તેમની કારકિર્દીનું સુંદર ઘડતર કરવું આ કાર્યક્રમનો મુખ્ય આશય છે. જેથી સમાજની આર્થિક રીતે સધ્ધર વ્યક્તિઓ ECBPમાં જોડાઈને ભાવિ પેઢીની કારકિર્દીના ઘડવૈયા બને અને પોતાનું યોગદાન આપી સાચા અર્થમાં વાલીપણું નિભાવે તે જરૂરી છે. અત્રે ઉલ્લેખનીય છે કે ECBP હેઠળ સમાજના આર્થિક રીતે નબળા વર્ગના બાળકોને શિક્ષણ માટે દત્તક લઈને અથવા શિષ્યવૃત્તિ આપીને સહાય કરવાનું નક્કી કરવામાં આવ્યું છે અને આ કાર્યક્રમ હેઠળ આપ મંડળ દ્વારા અથવા તો આપ વ્યક્તિગત રીતે પણ આર્થિક રીતે નબળા બાળકોને શિક્ષણ અર્થે દત્તક લઈ અથવા આર્થિક સહાય કરીને ECBPને સફળ કરવામાં સહભાગી થઈ શકો છો.

સદર કાર્યક્રમ હેઠળ આપ મરજીયાત પણે એકથી પાંચ વર્ષ માટે અથવા તો આજીવન સભ્ય બનીને કાર્યક્રમને વેગ આપવામાં મદદરૂપ થઈ શકો છો અને આજીવન સભ્ય એટલે કે દાતા પોતે હયાત હોય ત્યાં સુધી અથવા કાર્યક્રમ અમલમાં હોય ત્યાં સુધી કે પછી દાતાની આર્થિક સક્ષમતા હોય ત્યાં સુધી દર વર્ષે પોતે દર્શાવેલ રકમ આપીને સવાબના હકદાર બને.

**વર્ષ ૨૦૧૧-૧૨ માટે ECBPમાં જોડાયેલ દાતાઓ**

રૂા. ૨૫,૦૦૦/- મો.વજીરઅલી અલીભાઈ ખરોડીયા (તેજપુરા)તરફથી

મર્હૂમ મો.અલીભાઈ તથા મર્હૂમા રસુલબેનની રૂહના સવાબ અર્થે.

રૂા.૧૧,૦૦૦/- મો.આબિદઅલી યાકુબભાઈ આગલોડીયા(પીંપોદર) તરફથી

રૂા. ૧૦,૪૪૦/- મો.શબ્બીરઅલી વલીભાઈ રાજપુરા(કિશોરગઢ) તરફથી

રૂા. ૧૦,૦૦૦/- મો.મીકદાદઅલી ઈસ્માઈલભાઈ ગોદડ(કિશારગઢ) તરફથી
રૂા. ૧૦,૦૦૦/- મો.કાસમભાઈ ઈબ્રાહીમભાઈ વિજાપુરા(મહેરપુરા) તરફથી
રૂા. ૫,૪૪૦/- મો.યૂસુફભાઈ વલીભાઈ મસુ (મહેરપુરા)તરફથી
રૂા. ૫,૪૨૯/- મો.યાકુબભાઈ શરીફભાઈ આગલોડીયા(પીંપોદર) તરફથી
રૂા. ૫,૦૦૦/- મો.વજીરઅલી નશીરભાઈ પરબડીયા(સુરપુર) તરફથી
રૂા. ૫,૦૦૦/- મો.ઈસ્માઈલભાઈ યારમહંમદ ડોડીયા (મહેરપુરા) તરફથી
રૂા. ૫,૦૦૦/- મો.ગુલામહુસૈન વલીભાઈ ભટ્ટ (પીંપોદર) તરફથી
રૂા. ૫,૦૦૦/- મો.મદદઅલી નશીરભાઈ વિજાપુરા(જેઠીપુરા) તરફથી
રૂા. ૩,૦૦૦/- મો.કાસમભાઈ પી. મસી(સુરપુર) તરફથી
રૂા. ૩,૦૦૦/- મો.ડૉ.ઈબ્રાહીમભાઈ શરીફભાઈ વકીલ(કનાઈ) તરફથી
રૂા. ૨,૦૦૦/- મો.હાસમભાઈ અમદાભાઈ વિજાપુરા(જેઠીપુરા) તરફથી
રૂા. ૨,૦૦૦/- મો.ગુલામમહંમદ યૂસુફભાઈ પટેલ ‘માસૂમ’ મહેરપુરી(મહેરપુરા) તરફથી
રૂા. ૨,૦૦૦/- મો.મુસ્તાકઅલી ઈબ્રાહીમભાઈ રાજપુરા(કેસરપુરા) તરફથી
રૂા. ૨,૦૦૦/- મો.અલીભાઈ નુરભાઈ વિજાપુરા (મહેરપુરા) તરફથી
રૂા. ૨,૦૦૦/- મો.અબ્બાસભાઈ પીરભાઈ આગલોડીયા (પીંપોદર) તરફથી
રૂા. ૨,૦૦૦/- મો.હબીબભાઈ દાઉદભાઈ દેધરોટીયા(કનાઈ) તરફથી
રૂા. ૨,૦૦૦/- મો.ગુલામહુસૈન ફતેભાઈ મસી (કનાઈ) તરફથી
રૂા. ૧,૧૨૧/- મો.મોલ્વી સાહેબ હાસમભાઈ લશ્કરી(શેખપુર) તરફથી
પીર સૈયદ મોહંમદ ઝહીરહુસૈન બાવા(રહે.)ની રૂહના સવાબ અર્થે.
રૂા. ૧,૦૦૦/- મો.ઈબ્રાહીમભાઈ દાઉદભાઈ વાઘ(ઈલોલ તલાવ) તરફથી
રૂા. ૧,૦૦૦/- મો.વલીભાઈ શરીફભાઈ મસી (કનાઈ) તરફથી
રૂા. ૧,૦૦૦/- મો.ગુલામહૈદર અમદાભાઈ મસી(કનાઈ) તરફથી
રૂા. ૫૦૦/- મો.વલીભાઈ સુલેમાભાઈ મસી (કનાઈ) તરફથી
રૂા. ૫૦૦/- મો.ઈસ્માઈલભાઈ વલીભાઈ ખણુશીયા(કનાઈ)તરફથી

## પાંચ વર્ષ માટે ECBPમાં જોડાયેલ દાતાઓ

રૂા. ૧૦,૦૦૦/- મો.મહંમદભાઈ ઈબ્રાહીમભાઈ ખણુશીયા(કાટવાડ) તરફથી
રૂા. ૧૦,૦૦૦/- મો.અબ્બાસભાઈ વી. આગલોડીયા (ઈલોલ તલાવ) તરફથી
રૂા. ૫,૦૦૦/- મો.હાસમભાઈ શરીફભાઈ બલોસપુરા(ઈલોલ પહાડીયા) તરફથી
રૂા. ૩,૦૦૦/- મો.ગુલામમહંમદ વી. રાજપુરા (કેસરપુરા) તરફથી
રૂા. ૨,૦૦૦/- મો.કમરઅલી શરીફભાઈ શેખ (પીંપોદર) તરફથી
રૂા. ૨,૦૦૦/- મો.શરીફભાઈ વજીરભાઈ સુરપુરા (સુરપુર) તરફથી
રૂા. ૨,૦૦૦/- મો.અલજીભાઈ ફતેભાઈ મોમિન (ગણેશપુરા) તરફથી

રૂા. ૨,૦૦૦/- મો.હબીબભાઈ સુલેમાનભાઈ નુરભાણેજ (ઈલોલ તલાવ) તરફથી
રૂા. ૨,૦૦૦/- મો.હૈદરઅલી નસીરભાઈ આગલોડીયા (પીંપોદર) તરફથી
રૂા. ૧,૦૦૦/- મો.રઝાકઅલી ઈબ્રાહીમભાઈ અરોડીયા(પીંપોદર) તરફથી
રૂા. ૧,૦૦૦/- મો.ગુલામમહંમદ શરીફભાઈ આગલોડીયા(પીંપોદર) તરફથી
રૂા. ૧,૦૦૦/- મો.ઈસ્માઈલભાઈ નસીરભાઈ આગલોડીયા(પીંપોદર) તરફથી
રૂા. ૧,૦૦૦/- મો.શબ્બીરઅલી ઈસ્માઈલભાઈ ભટ્ટ(પીંપોદર) તરફથી
રૂા. ૧,૦૦૦/- મો.ગુલામનબી અલાઉદ્દીન આગલોડીયા(પીંપોદર) તરફથી

## ત્રણ વર્ષ માટે ECBPમાં જોડાયેલ દાતાઓ

રૂા. ૬,૦૦૦/- ઈલોલ મોમિન મિત્ર મંડળ (ઈલોલ તલાવ) તરફથી
રૂા. ૧,૦૦૦/- મો.સુલેમાનભાઈ નસીરભાઈ વિજાપુરા (જેઠીપુરા) તરફથી


## ECBPમાં જોડાયેલ આજીવન દાતાઓ

રૂા. ૧૦,૦૦૦/- મો.ઈસ્માઈલભાઈ અમદાભાઈ પટેલ (કનાઈ) તરફથી
રૂા. ૫,૦૦૦/- મો.ઈસ્માઈલભાઈ નસીરભાઈ પટેલ (કનાઈ) તરફથી
રૂા. ૫,૦૦૦/- મો.નુરીબેન જીવાભાઈ ખરોડીયા (જેઠીપુરા) તરફથી
રૂા. ૫,૦૦૦/- મો.હૈદરઅલી યાકુબભાઈ વાઘ(ઈલોલ તલાવ)તરફથી
મર્હૂમ મો.યાકુબભાઈ ઈસ્માઈલભાઈ વાઘ તથા
મર્હૂમા મો.કુલસુમબેન યાકુબભાઈ વાઘની રૂહના સવાબ અર્થે.
રૂા. ૩,૦૦૦/- મો.હલીમાબેન સુલેમાનભાઈ માસ્તર (જેઠીપુરા) તરફથી
રૂા. ૩,૦૦૦/- મો.નુરીબેન શરીફભાઈ ગોદડ (હરીપુરા) તરફથી
રૂા. ૩,૦૦૦/- મો.ડૉ. મહંમદઅલી અલીભાઈ વિજાપુરા (જેઠીપુરા) તરફથી
રૂા. ૩,૦૦૦/- મો.યૂસુફભાઈ અમદાભાઈ કોવડીયા (કનાઈ) તરફથી
રૂા. ૩,૦૦૦/- મો.ઈન્તેખાબઅલી ગુલામભાઈ ખણુશીયા (કનાઈ) તરફથી
રૂા. ૩,૦૦૦/- મો.ગુલામહૈદર નસીરભાઈ વિજાપુરા (જેઠીપુરા) તરફથી
રૂા. ૩,૦૦૦/- મો.મૈસમઅલી યૂસુફભાઈ વિજાપુરા (જેઠીપુરા) તરફથી
રૂા. ૩,૦૦૦/- મો.ગુલામહૈદર ગુલામહુસૈન વિજાપુરા (ઈન્ટર) (જેઠીપુર) તરફથી
રૂા. ૩,૦૦૦/- મો.ગુલામહુસૈન દાઉદભાઈ ભટ્ટ (જેઠીપુરા) તરફથી
રૂા. ૩,૦૦૦/- મો.મર્હૂમા રસુલબેન હાસમભાઈ ગનીભાઈ રેવાસીયા (જેઠીપુરા) તરફથી
રૂા. ૩,૦૦૦/- મો.અહેસાનઅલી ઈસ્માઈલભાઈ ખરોડીયા(પીંપોદર)તરફથી
મર્હૂમ મો.વજીરભાઈ વલીભાઈ ખરોડીયા તથા
મર્હૂમ મો.ઈસ્માઈલભાઈ વજીરભાઈ ખરોડીયાની રૂહના સવાબ અર્થે.
રૂા. ૨,૪૨૯/- મો.ડૉ. હૈદરઅલી અબ્દુલભાઈ ખણુશીયા (હરીપુરા) તરફથી
રૂા. ૨,૦૦૦/- મો.મોલ્વી ગુલામહુસૈન ઈબ્રાહીમભાઈ ડોડીયા (કાટવાડ) તરફથી

રૂા. ૨,૦૦૦/- મો.મયસમઅલી યૂસુફભાઈ દેધરોટીયા (કનાઈ ) તરફથી
રૂા. ૨,૦૦૦/- મો.નશીરભાઈ ગુલામભાઈ ભગત (પટેલ) (કનાઈ) તરફથી
રૂા. ૨,૦૦૦/- મો.ગુલામઅબ્બાસ ઈબ્રાહીમભાઈ કોવડીયા (કનાઈ) તરફથી
રૂા. ૨,૦૦૦/- મો.યૂસુફભાઈ સુલેમાનભાઈ દેધરોટીયા (કનાઈ) તરફથી
રૂા. ૨,૦૦૦/- મો.નુરભાઈ ગુલામભાઈ ભગત (કનાઈ) તરફથી
રૂા. ૨,૦૦૦/- મો.હસનભાઈ ગુલામભાઈ ભટ્ટ (જેઠીપુરા) તરફથી
રૂા. ૨,૦૦૦/- મો.કાસમભાઈ યૂસુફભાઈ આગલોડીયા (જેઠીપુરા) તરફથી
રૂા. ૨,૦૦૦/- મો.મર્હૂમ ગુલામનબી નશીરભાઈ ખરોડીયા (જેઠીપુરા) તરફથી
રૂા. ૨,૦૦૦/- મો.ગુલામમહંમદ વલીભાઈ માણુસીયા (જેઠીપુરા) તરફથી
રૂા. ૨,૦૦૦/- મો.ગુલામહૈદર સુલેમાનભાઈ વિજાપુરા (મોલ્વી કાકા) (જેઠીપુરા) તરફથી
રૂા. ૨,૦૦૦/- મો.ગુલામહુસૈન શાહબુદ્દીન આગલોડીયા (જેઠીપુરા) તરફથી
રૂા. ૨,૦૦૦/- મો.ફઝલેહુસૈન યૂસુફભાઈ વિજાપુરા (જેઠીપુરા) તરફથી
રૂા. ૨,૦૦૦/- મો.કાસમભાઈ દાઉદભાઈ માણુસીયા (જેઠીપુરા) તરફથી
રૂા. ૨,૦૦૦/- મો.મહંમદકરીમ શરીફભાઈ વિજાપુરા (જેઠીપુરા) તરફથી
રૂા. ૨,૦૦૦/- મો.ઈમ્તિયાઝઅલી ઈસ્માઈલભાઈ દેધરોટીયા(કનાઈ) તરફથી
રૂા. ૧,૦૦૦/- મો.હનીફભાઈ વલીભાઈ મતીયા (ઈલોલ પહાડીયા) તરફથી
રૂા. ૧,૦૦૦/- મો.ઈબ્રાહીમભાઈ શરીફભાઈ દેધરોટીયા (કનાઈ) તરફથી
રૂા. ૧,૦૦૦/- મો.ગુલામઅબ્બાસ અમદાભાઈ ખાંનજીભાઈ વિજાપુરા (જેઠીપુરા) તરફથી
રૂા. ૧,૦૦૦/- મો.કાસમભાઈ અલીભાઈ વિજાપુરા (જેઠીપુરા) તરફથી
રૂા. ૧,૦૦૦/- મો.ઈમદાદઅલી અબ્દુલભાઈ માણુસીયા (જેઠીપુરા) તરફથી
રૂા. ૧,૦૦૦/- મો.કાસમભાઈ કમદાભાઈ ખરોડીયા (જેઠીપુરા) તરફથી
રૂા. ૧,૦૦૦/- મો.તાહેરઅલી કાસમભાઈ રેવાસીયા (જેઠીપુરા) તરફથી
રૂા. ૧,૦૦૦/- મો.હસનભાઈ નસીરભાઈ રેવાસીયા (જેઠીપુરા) તરફથી
રૂા. ૧,૦૦૦/- મો.ઈસ્માઈલભાઈ યૂસુફભાઈ સુરપુરા (જેઠીપુરા) તરફથી
રૂા. ૧,૦૦૦/- મો.હૈદરઅલી અમદાભાઈ વિજાપુરા (જેઠીપુરા) તરફથી
રૂા. ૧,૦૦૦/- મો.ડૉ. ગુલામનબી યૂસુફભાઈ ભટ્ટ (જેઠીપુરા) તરફથી
રૂા. ૧,૦૦૦/- મો.અકબરઅલી સુલેમાનભાઈ વિજાપુરા (જેઠીપુરા) તરફથી
રૂા. ૧,૦૦૦/- મો.મીકદાદઅલી હાસમભાઈ ખરોડીયા (જેઠીપુરા) તરફથી

**વધુ માહિતી અને ડોનેશન આપવા માટેનો સંપર્ક**

**મો.ઈસ્માઈલહુસૈન જી. ડોડીયા મો.૯૪૨૭૬૯૬૯૬૦,**
**મો.ગુલામમહંમદ એસ. વિજાપુરા(માસ્ટર) મો.૯૪૨૭૬૯૧૧૦૧**
**ઝહીર હોસ્ટેલ, ઝહીરાબાદ-હિંમતનગર. (૦૨૭૭૨) ૨૨૨૩૧૮**



**સરપરસ્ત**

પીર સૈયદ મોહંમદ મુશાહિદહુસૈન બાવા સાહેબ(મદ્દે.) અને હાજરપીર સૈયદ મોહંમદ મુજાહિદહુસૈન બાવા સાહેબ(મદ્દે.)



**અખિલ ગુજરાત શીઆહ જાફરી મશાયખી મોમિન સમાજનું ગૌરવવંતુ સામયિક**

શીઆહ જાફરી મશાયખી વિકાસ મંડળનું મુખપત્ર

# જાફરી આવાઝ

વર્ષ : ૩૧ ❖ અંક : ૧ ❖ ૧૦, સપ્ટેમ્બર-૨૦૧૧
૧૧, શવ્વાલ, હિ.સન-૧૪૩૨ ❖ સળંગ અંક : ૩૬૧

**આદ્ય તંત્રી : મર્હૂમ 'દીપક' દાંત્રેલિયા**

**માનદ તંત્રી**

કાસમભાઈ વિજાપુરા (મોબા. : ૯૪૨૬૫ ૪૧૪૭૨)

સહતંત્રી : માસૂમ મહેરપુરી
મો.૯૬૮૭૬૭૯૫૧૩

વ્યવસ્થાપક : ઈબ્રાહીમ ડી. વાઘ
✆ ૨૨૭૨૯૬ મો.૯૪૨૮૬૪૬૪૭૬

સહ વ્યવ. : અકબરઅલી એ. મસી
મો.૯૮૨૫૪૯૭૧૭૮, ૯૪૨૯૩૭૦૮૫૨
હનીફભાઈ વી. મતિયા

મશાયખ કમ્પ્યૂટર : જાફરી આવાઝ ૯૯૨૫૭૩૦૧૦૭

**સલાહ અને માર્ગદર્શન**

મોલ્વી હાસમભાઈ વલીભાઈ ગાંધી(સિધ્ધપુર)

**મુખપૃષ્ઠ સજાવટ**

શબ્બીરઅલી ગુલામમહંમદ રેવાસીયા(જેઠીપુરા)

**કાર્યાલયનું સરનામુ**

'જાફરી આવાઝ'(માસિક)
મુ.પો. ઈલોલ, તા. હિંમતનગર, જિ. સાબરકાંઠા
પીન-૩૮૩ ૨૨૦. ફોન : ૦૨૭૭૨-૨૨૭૨૯૬

Website : www.jafariaawaz.com
Email : jafariaawaz@gmail.com

વાર્ષિક લવાજમ રૂા.૧૦૦/-
પંચવર્ષિય લવાજમ રૂા.૨૮૦/-
(મોહર્રમ માસથી જ ગ્રાહક થવાય છે.)

SUBJECT TO HIMATNAGAR JURISDICTION


## લેખ સૂચિ


❋ ઊઘડતે પાને ........................... ૦૧
❋ કુરઆન શિક્ષણ ........................ ૦૮
❋ અહાદીસ ............................... ૦૯
❋ જનાબ સૈયદ વફીઅહેમદ જાફરીની વફાત ૧૧
❋ વિપરીત સંજોગોમાં જીવન કુરઆનના આદેશ પ્રમાણે ........................ ૧૩
❋ ગડમથલ ................................ ૨૦
❋ અલ્લાહની રસ્સી ....................... ૨૧
❋ સુપરમેન ઈન ઈસ્લામ : હ.ઈમામ જાફર સાદિક(અ.) ૨૭
❋ આરોગ્યની સાચવણી .................. ૩૦
❋ નહજુલ બલાગહ ...................... ૩૧
❋ મશાયખવાણી .......................... ૩૫
❋ અલ ઈર્શાદ ............................ ૩૮
❋ કુરઆને મજીદના સૂરાઓનો પરિચય .. ૪૧
❋ શેખ સાઅદીની શાયરીનો રસાસ્વાદ ... ૪૩
❋ તૌહીદ .................................. ૪૫
❋ સર્વશ્રેષ્ઠ સ્મરણ ........................ ૪૭
❋ જ્ઞાનગોષ્ઠિ ............................. ૪૯
❋ આપણા ઘરની વાતો .................. ૫૩
❋ 'જાફરી આવાઝ'ને મળેલ ડોનેશન ..... ૫૫
❋ શૈક્ષણિક કારકિર્દી ઘડતર કાર્યક્રમ .... ૫૭


## ઊઘડતે પાને...

આ કોઈ કલ્પના નથી.

આ એક નક્કર હકીકત છે.

આજથી તેરસો વર્ષ પહેલાં કબરોમાં દફનાવેલ બે વ્યક્તિઓના મૃતદેહોને તેમની કબરોમાંથી તેરસો વર્ષ પછી બહાર કાઢવામાં આવ્યા તેમ છતાં તેમની મૈયતો બિલકુલ સહી સલામત હતી. ખુદાની કુદરતથી એ બન્નેનાં શરીર તો અખંડ અને સલામત હતાં જ પરંતુ તેમનાં કફન સુધ્ધાં પણ ખરાબ થયાં ન હતાં.

આ બન્ને કોઈ પયગમ્બર ન હતા.

આ બન્ને કોઈ ઈમામ ન હતા.

આ બન્ને માત્ર પયગમ્બરે આખેરૂઝઝમાન હઝરત મોહંમદ મુસ્તફા(સ.)ના અસ્હાબ હતા. અસ્હાબ પણ એવા અસ્હાબ કે એ બન્નેનાં દિલ મોહંમદ(સ.) વ આલે મોહંમદ(સ.) પ્રત્યેની મોહબ્બતથી ભરપૂર હતાં. કદાચ તમે તેમને ઓળખતા પણ હશો.

એક સહાબીનું નામ છે : **હઝરત જાબિર બિન અબ્દુલ્લાહ અન્સારી(રઝી.)** કે જેમને હઝરત ઈમામ હુસૈન(અ.)ની પવિત્ર કબરની સૌ પ્રથમ વાર ઝિયારત કરવાનું અને દુનિયાના સૌ પ્રથમ **'ઝાઈરે હુસૈન'** બનવાનું ગૌરવ પ્રાપ્ત છે. આ એ સહાબીએ રસૂલ છે કે જેમને અલ્લાહ તઆલાએ ખૂબ લાંબી ઉંમર અર્પણ કરી હતી અને તેઓ છેક પાંચમા ઈમામ હઝરત મોહંમદ બાકિર(અ.)ના જમાના સુધી જીવતા રહ્યા હતા અને રસૂલ(સ.)એ કહેલ સલામ પાંચમા ઈમામને પહોંચાડી હતી. બીજા સહાબીનું નામ છે **હઝરત હોઝયફા યમાની(રઝી.).**

ઈરાકનું પાટનગર બગદાદ.

આ બગદાદથી ચાલીસ માઈલ દૂર આવેલ બીજા એક સ્થળનું નામ છે મદાયન. આ સ્થળને આજે **સલમાનપાક**ના નામથી પણ ઓળખવામાં આવે છે કેમકે અહીં સરવરે કાઈનાત હઝરત રસૂલે ખુદા(સ.)ના મહાનતમ સહાબીઓમાંના એક હઝરત સલમાન ફારસી(રઝી.)ને દફન કરવામાં આવેલ છે. મદાયનથી લગભગ બે ફર્લાંગ દૂર ટાયગ્રીસ નદીના કિનારા પર હઝરત જાબિર બિન અબ્દુલ્લાહ અન્સારી(રઝી.) અને હઝરત હોઝયફા યમાની(રઝી.)ની કબરો આવેલી હતી. પરંતુ તેરસો વર્ષ પહેલાં દફન કરેલી આ બન્ને મૈયતોને તેમની કબરો ખોલીને ઈ.સ. ૧૯૩૨ની સાલમાં ઈરાકના શાહ ફૈસલના શાસનકાળ દરમિયાન બહાર કાઢવામાં આવી અને આ બન્ને અસ્હાબોની મૈયતોને સલમાનપાકમાં લાવીને ફરીથી દફન કરવામાં આવી હતી. આ પ્રસંગની વિગતવાર માહિતી મેળવવા માટે ચાલો આશરે ૮૦ વર્ષ પહેલાંના ઈતિહાસમાં એક ડોકિયું કરી લઈએ.

## 'જાફરી આવાઝ'(માસિક)નો એકત્રીસમા વર્ષમાં પ્રવેશ

અલ્લાહ તઆલાના ફઝલો કરમથી શીઆહ જાફરી મશાયખી વિકાસ મંડળ, સાબરકાંઠાનું મુખપત્ર **'જાફરી આવાઝ' (માસિક)** પોતાની કારકિર્દીનાં ત્રીસ વર્ષ પૂરાં કરીને **એકત્રીસમા વર્ષમાં** પ્રવેશ કરે છે. 'જાફરી આવાઝ'(માસિક)ની આ આગેકૂચ માટે આપણા સરપરસ્ત પીર સૈયદ મોહંમદ મુશાહિદહુસૈન બાવા સાહેબ(મદ્દે.) અને હાજરપીર સૈયદ મોહંમદ મુજાહિદહુસૈન બાવા સાહેબ(મદ્દે.)ની ભલી દુઆઓ સંમિલિત છે. આ ઉપરાંત આ કાર્યમાં સહાયભૂત બનનાર કારભારીશ્રી અને પ્રોત્સાહન પૂરું પાડનાર અમારા માનદ પ્રતિનિધિ ભાઈઓ, મોલ્વી સાહેબો, શુભેચ્છકો, ગ્રાહકો અને વાંચક મિત્રો તેમજ વિજ્ઞાપન આપનાર મિત્રોનું યોગદાન તો અમે કેવી રીતે ભૂલી શકીએ? આ તબક્કે ઉપરોક્ત સૌનો જાહેર આભાર માનતાં ધન્યતાની લાગણી અનુભવું છું. **-તંત્રી : 'જાફરી આવાઝ'(માસિક)**

માર્ચ, ઈ.સ.૧૯૩૨.

એક દિવસની વાત છે.

ઈરાકના શાહ ફૈસલ(પહેલા)ને સ્વપ્ન આવ્યું. સ્વપ્નમાં હઝરત હોઝયફા યમાની (રઝી.)એ બાદશાહને કહ્યું,

'અય બાશાહ ! મારી કબરમાં પાણી આવી ગયું છે અને હઝરત જાબિર બિન અબ્દુલ્લાહ અન્સારી(રઝી.)ની કબરમાં પણ ભીનાશ આવવાની શરૂઆત થઈ ગઈ છે માટે અમારી લાશોને કબરમાંથી બહાર કાઢીને ટાયગ્રીસ નદીથી દૂર બીજી જગ્યાએ લઈ જઈને દફન કરી દો.'

બીજા દિવસે સવારે બાદશાહ જાગ્યો. પરંતુ રોજિંદા કામકાજમાં તલ્લીન થઈ જવાથી સ્વપ્નની વાત જ ભૂલી ગયો. પરંતુ બીજી રાત્રે પણ તેને ફરીથી એવું જ સ્વપ્ન આવ્યું અને બીજે દિવસે પણ બાદશાહ સ્વપ્નની વાત યાદ રાખી શક્યો નહીં. ત્રીજી રાત્રે ઈરાકના મુફ્તીએ આઝમ(ફતવા આપનારાઓના વડા)ને હઝરત હોઝયફા (રઝી.)એ સ્વપ્નમાં આવીને ઉપર મુજબની વાત કરી અને એવું પણ કહ્યું,

'અમે બે રાતોથી બાદશાહને સ્વપ્નમાં આ બાબત કહેતા આવ્યા છીએ પરંતુ બાદશાહ કામમાં તલ્લીન થઈ જવાથી આ વાત ભૂલી જાય છે માટે તમે બાદશાહને આ વાતની યાદ અપાવો અને અમને બીજી જગ્યાએ દફન કરાવી દો.'

મુફ્તીએ આઝમે બીજા દિવસે એ સમયના ઈરાકના વઝીરે આઝમ(વડા પ્રધાન) નૂરી સઈદ પાશા સાથે ટેલિફોન પર વાતચીત કરી અને ત્યાર પછી તેમની વ્યક્તિગત મુલાકાત લઈને સઘળી હકીકતથી તેમને પરિચિત કરી દીધા. પછી તો નૂરી સઈદ પાશા મુફ્તીએ આઝમને પોતાની સાથે લઈને તેઓ બાદશાહની પાસે પહોંચી ગયા. બાદશાહે આ પ્રસંગ સાંભળ્યા પછી કહ્યું,

'હા, હું પણ બે-ત્રણ વાર સ્વપ્નમાં તેમને જોઈ ચૂક્યો છું અને તેમણે મને પણ એવો જ હુકમ ફરમાવ્યો છે.'

ત્યાર પછી એ ત્રણે ય જણાએ આ બાબત ઉપર વિચાર વિમર્શ કર્યો અને મુફ્તીએ આઝમે સહાબીના હુકમ પર અમલ કરવા માટે બાદશાહને ખૂબ આગ્રહ કર્યો. પરંતુ બાદશાહે કહ્યું,

'સૌ પ્રથમ તો આપણે એ બાબતની તપાસ કરીએ કે ખરેખર નદીનું પાણી એ કબરોની તરફ આવી રહ્યું છે કે નહીં.'

શાહી ફરમાન થતાંની સાથે જ ઈરાનના જાહેર બાંધકામ ખાતાના મુખ્ય ઈજનેર અને મજૂરોની એક

**મન માત અલા હુબ્બે મોહંમદ વ આલે મોહંમદ(સ.) માત શહીદા.**
- હદીસે રસૂલ(સ.)

*જે કોઈ મોહંમદ વ આલે મોહંમદ(સ.)ની મોહબ્બતમાં મૃત્યુ પામે છે તે શહીદ મરે છે.*

મોટી પલટણની મદદથી કબરોથી વીસ ફૂટ દૂર નદી તરફના ભાગમાં બોરીંગ અને ખોદકામ કરવામાં આવ્યું. એ વખતે મુફ્તીએ આઝમ પણ સ્થળ ઉપર હાજર રહ્યા. આખા દિવસની મહેનત બાદ સાંજે એવો રિપોર્ટ આપવામાં આવ્યો,

'પાણી તો દૂરની વાત છે પરંતુ બોરીંગ કરીને ખૂબ નીચેથી જે માટી કાઢવામાં આવી છે તેમાં ભીનાશ સુધ્ધાં પણ જોવા મળેલ નથી.'

પરંતુ એ રાત્રે ફરીથી હઝરત હોઝયફા યમાની(રઝી.) બાદશાહના સ્વપ્નમાં આવ્યા અને પોતાની વાત ફરીથી દોહરાવી. પરંતુ બાદશાહને બાંધકામ ખાતા તરફથી રિપોર્ટ મળી ચૂક્યો હતો અને ભૂગર્ભશાસ્ત્રીએ પણ બતાવી દીધું હતું કે કબરમાં પાણી જઈ રહ્યું નથી. તેથી બાદશાહે તેને માત્ર સ્વપ્નું સમજીને તેની અવગણના કરી.

બીજી રાત્રે હોઝયફા યમાની(રઝી.) મુફ્તીએ આઝમના સ્વપ્નમાં આવ્યા. આ વખતે તેમણે કડક શબ્દોમાં કહ્યું,

'અમારી કબરોમાં પાણી દાખલ થઈ રહ્યું છે માટે જેમ બને તેમ જલ્દી અમને અહીંથી બીજી જગ્યાએ સ્થળાંતર કરાવી દો.'

સવાર થતાંની સાથે જ તેઓ હાંફળા ફાંફળા બાદશાહની પાસે પહોંચી ગયા અને સ્વપ્નની સઘળી બધી જ હકીકત બતાવી દીધી. મુફ્તીએ આઝમની આ વાત સાંભળીને બાદશાહે કહ્યું,

'તમે જાતે જ ભૂગર્ભશાસ્ત્રીનો રિપોર્ટ જોઈ ચૂક્યા છો અને તમે જાતે પણ ત્યાં હાજર હતા. તો પછી એકને એક વાત કહીને તમે મને શા માટે હેરાન કરો છો ?'

પરંતુ મુફ્તીએ આઝમે કહ્યું,

'આપને અને મને વારંવાર હુકમ થઈ રહ્યો છે માટે તેમની કબરોને ખોલાવો અને તેમને બીજી જગ્યાએ દફન કરાવો તો સારૂં.'

મુફ્તીએ આઝમના ખૂબ જ આગ્રહને વશ થઈને છેવટે શાહે ઈરાકે કહ્યું,

'સારું ત્યારે. જાઓ, કબરો ખોલો.'

ત્યાર પછી તો નીચે મુજબ શાહી એલાન થયું:

**'ઈદુઝઝોહાના દિવસે ઝોહરની નમાઝ બાદ હઝરત હોઝયફા યમાની(રઝી.) અને હઝરત જાબિર બિન અબ્દુલ્લાહ અન્સારી (રઝી.)ની કબરો ખોલવામાં આવશે.'**

વર્તમાનપત્રોમાં પણ ઉપર મુજબના સમાચાર પ્રસિધ્ધ કરવામાં આવ્યા. આવા સનસનીખેજ સમાચાર વર્તમાનપત્રોમાં છપાતાંની સાથે જ સમગ્ર વિશ્વના ઈસ્લામી જગતમાં એક પ્રકારની સનસનાટી ફેલાઈ ગઈ.

વળી એ વખતે હજની મોસમ પણ હતી. આખી દુનિયામાંથી મુસલમાનો મક્કા મોઅઝઝમા હજ પઢવા માટે આવ્યા હતા. તેમણે જ્યારે આ સમાચાર જાણ્યા તો તે બધાએ પણ આ અસ્હાબોની કબરો ખોલવામાં આવે ત્યારે હાજર રહેવાની ઈચ્છા પ્રગટ કરી જેથી આ મુબારક પ્રસંગે હાજર રહેવાનું સદભાગ્ય તેમને પ્રાપ્ત થાય.

આ ઉપરાંત દુનિયાભરના કેટલાય દેશોમાંથી અસંખ્ય લોકોએ શાહ ફૈસલ ઉપર તાર દ્વારા સમાચાર મોકલ્યા,

'આ કબરોને ઈદુઝઝોહાના બદલે ઈદુઝઝોહાના થોડા દિવસ પછી ખોલવામાં આવે જેથી અમે બધા પણ આ મહાન અસ્હાબોના જનાઝામાં સહભાગી થઈ શકીએ.'

ઈરાકના શાહ માટે સૂડી વચ્ચે સોપારી જેવી પરિસ્થિતિ પેદા થઈ. એક બાજુ સમગ્ર ઈસ્લામી જગતનો એવો આગ્રહ હતો કે કબરોને ખોલવામાં

**વલા તહસબન્ન કોતેલૂ ફી સબીલીલ્લાહે અમ્વાતંવ બીલ અહયાઅંવ ઈન્દ રબ્બેહીમ યુરઝકૂન ફરેહીન બેમા અતાહોમુલ્લાહો મીન ફઝલેહી.**
(પારો-૪, સૂરએ આલે ઈમરાન, આયત-૧૬૯)

*અર્થાત : 'અને જે લોકોને ખુદાની રાહમાં શહીદ કરવામાં આવ્યા છે તેમને કદાપિ મરેલા ના સમજતા પરંતુ તેઓ તો જીવતા છે અને પોતાના પાલનહારના ત્યાંથી રોઝી મેળવે છે અને ખુદાએ તેમના પર જે કંઈ ફઝલોકરમ કર્યા છે (તેની ખુશીમાં) ફૂલ્યા સમાતા નથી.)*

થોડો વિલંબ કરવામાં આવે. જ્યારે બીજી તરફ સ્વપ્નમાં જેમ બને તેમ જલ્દી કબરોનું સ્થળાંતર કરવાનો આદેશ અપાઈ રહ્યો હતો અને કબરોમાં જો ખરેખર પાણીનો ચૂવાક થઈ રહ્યો હોય તો મૈયતોને નુકસાન થવાનો પણ સંભવ હતો.

છેવટે એક યુક્તિ અજમાવવામાં આવી. કબરોથી દસ ફૂટના અંતરે નદી તરફના ભાગમાં એક લાંબી ઊંડી ખાઈ ખોદવામાં આવી જેમાં સિમેન્ટ વગેરે ભરીને દીવાલ બનાવી દેવામાં આવી જેથી નદી તરફનું પાણી કબરો તરફ આવી શકે નહીં.

પછી ફરીથી બીજું શાહી ફરમાન જારી થયું :

**'અસ્હાબોની કબરોના સ્થળાંતરનો કાર્યક્રમ ઈદુઝઝોહાને બદલે ઈદુઝઝોહાના દસ દિવસ પછી રાખવામાં આવ્યો છે.'**

પછી તો પૂછવું જ શું ? ઈદુઝઝોહા પછીના દસ દિવસોમાં સલમાનપાકમાં લગભગ પાંચ લાખ લોકો એકઠા થઈ ગયા. આ લોકોમાં ઈસ્લામના દરેક ફિરકાના અને દરેક અકીદાના લોકો હાજર હતા. ઈરાક સરકારે પણ આ પ્રસંગે બીજા દેશોમાંથી આવનારાઓ માટે કસ્ટમ્સ, કરન્સી, વિઝા વગેરેની પાબંદી ઉઠાવી લીધી હતી. માત્ર પોતાના દેશનો પાસપોર્ટ લાવવાનું કહ્યું. આ પ્રસંગે ઉચ્ચ હોદ્દાવાળા મહાનુભાવો પણ ઉપસ્થિત રહ્યા. સરકારી ગૃપ પણ શામેલ રહ્યાં.

વાતાવરણમાં અદમ્ય ઉત્સાહ હતો.

એક પ્રકારની ઉત્તેજના હતી.

....અને છેવટે તે દિવસ આવી પહોંચ્યો.

સોમવાર, ૨૦ મી ઝિલહજનો એ દિવસ !

આ એ દિવસ હતો કે જેણે કેટલાય લોકોના દિલોમાં એક પ્રકારની હલચલ મચાવી દીધી હતી અને એટલે જ તો સલમાનપાકમાં લાખોની સંખ્યામાં માનવમેદની ઉમટી પડી હતી.

એ વખતના ઈરાકના શાહ ફૈઝલ, ઈરાકના મુફ્તીએ આઝમ, ઈરાકની પાર્લામેન્ટના બધા જ સદસ્યો, પરદેશથી આવેલ મહાનુભાવો, સરકારી અધિકારીઓ અને વિવિધ પ્રકારનાં મંડળો, પ્રેસ રિપોર્ટરો અને લાખોની સંખ્યામાં આમ જનતાની ઉપસ્થિતિમાં બન્ને સહાબોની કબર ખોલવામાં આવી. કબર ખોલીને જોયું તો ખરેખર હઝરત હોઝયફા યમાની(રઝી.)ની કબરમાં પાણી આવી ચૂક્યું હતું અને હઝરત જાબિર બિન અબ્દુલ્લાહ અન્સારી(રઝી.)ની કબરમાં ભેજ આવી ચૂક્યો હતો. જો કે આ બન્ને કબરો ટાઈગ્રીસ નદીથી બે ફર્લાંગ દૂર આવેલી હતી તેમ છતાં આવું થયું હતું.

પછી તો કબરોમાંથી લાશ મુબારક બહાર કાઢવાની કાર્યવાહી શરૂ થઈ. એક ક્રેઈન (ભારે વજન ઊંચકવા માટેનો ઊંટડો) તૈયાર રાખવામાં આવી હતી. આ ક્રેઈનમાં મોટા પાવડાના જેવું ફણું લગાવવામાં આવ્યું હતું. સૌથી પહેલાં હઝરત હોઝયફા યમાની(રઝી.)ની લાશ મુબારકને ક્રેઈનની મદદથી એવી રીતે જમીન પરથી ઉઠાવવામાં આવી કે લાશ મુબારક સ્ટ્રેચર પર જાતે જ ગોઠવાઈ ગઈ. પછી સ્ટ્રેચરને ક્રેઈનથી અલગ કરવામાં આવ્યું.

ઈરાનના શાહ, ઈરાકના મુફ્તીએ આઝમ, મિસરના વલીઅહદ શાહઝાદા ફારૂક અને તુર્કીના વઝીર મુખ્તાર આ ચાર જણાએ ભેગા મળીને

## આલે મોહંમદ(સ.)ની અઝમત

*❋ જે માણસ આલે મોહંમદ(સ.)ની દોસ્તી સાથે મરણ પામ્યો તે શહીદ થઈને મરણ પામ્યો.*

*❋ જે માણસ આલે મોહંમદ(સ.)ની દોસ્તી સાથે મરણ પામ્યો તે મોક્ષ પામીને મરણ પામ્યો.*

*❋ જે માણસ આલે મોહંમદ(સ.)ની દોસ્તી સાથે મરણ પામ્યો તે તૌબા કરીને મરણ પામ્યો.*

*❋ જે માણસ આલે મોહંમદ(સ.)ની દોસ્તી સાથે મરણ પામ્યો તે સંપૂર્ણ ઈમાન સાથે મરણ પામ્યો.*

*❋ જે માણસ આલે મોહંમદ(સ.)ની દોસ્તી સાથે મરણ પામ્યો તેને મલેકુલ મૌત અને મુનકીરો નકીર જન્નતની વધામણી આપે છે.*

*❋ જે માણસ આલે મોહંમદ(સ.)ની દોસ્તી સાથે મરણ પામ્યો તેને જન્નતમાં એવી રીતે મોકલવામાં આવશે જેવી રીતે દુલ્હનને તેના પતિના ઘેર લઈ જવામાં આવે છે.*

*❋ જે માણસ આલે મોહંમદ(સ.)ની દોસ્તી સાથે મરણ પામ્યો તેની કબરને ખુદા ફરિશ્તાઓની ઝિયારતગાહ(યાત્રાધામ) બનાવી દે છે.*

*❋ જે માણસ આલે મોહંમદ(સ.)ની દુશ્મની સાથે મરણ પામ્યો તો કયામતમાં તેના કપાળ ઉપર એવું લખેલું હશે કે આ માણસ ખુદાની રહેમતથી વંચિત છે.*

*❋ જે માણસ આલે મોહંમદ(સ.)ની દુશ્મની સાથે મરણ પામ્યો તે કાફિર છે.*

*❋ જે માણસ આલે મોહંમદ(સ.)ની દુશ્મની સાથે મરણ પામ્યો તે જન્નતની સુવાસ પણ સૂંઘી શકશે નહીં.*

સ્ટ્રેચરને કાંધો આપ્યો અને ખૂબ જ સાવચેતીપૂર્વક અને અદબપૂર્વક તે લાશ મુબારકને પારદર્શક કાચની એક પેટીમાં મૂકી દીધી. ત્યાર પછી એવી જ રીતે હઝરત જાબિર બિન અબ્દુલ્લાહ અન્સારી(રઝી.)ની મુબારક લાશને પણ કબરમાંથી બહાર કાઢવામાં આવી.

આ બન્ને લાશ મુબારક ઉપર કફન તો મોજુદ હતાં જ, તે ઉપરાંત તેમની દાઢીના બાલ પણ સહી

સલામત હતા. આ લાશોને જોઈને કોઈ પણ માણસ એવી કલ્પના કરી શકતો ન હતો કે આ લાશો તેરસો વર્ષ પહેલાંની છે. પરંતુ એવું લાગતું હતું કે તેમનો ઈન્તેકાલ જાણે કે હમણાં જ બે-ત્રણ કલાક પહેલાં જ થયો હોય. વળી નવાઈની વાત તો એ હતી કે એ બન્ને અસ્હાબોની આંખો ખુલ્લી હતી અને તેમાં એવી ચમક હતી કે કેટલાય લોકોએ તેમની આંખોમાં આંખો પરોવીને જોવાની ઈચ્છા કરી પરંતુ લોકોની આંખો એ સહાબીઓની આંખો સામે ટકતી જ ન હતી. કેવી રીતે ટકી રહી શકે ? જે આંખોએ હુઝૂર(સ.)ને જોયા હોય તે આંખો.. સુબ્હાનલ્લાહ!

દુનિયાના એક પ્રખ્યાત આંખોના ડોક્ટરે જ્યારે આ દૃશ્ય જોયું તો જોતો જ રહી ગયો અને અધિરાઈપૂર્વક આગળ વધ્યો. મુફતીએ આઝમનો હાથ પકડીને તેણે કહ્યું કે ઈસ્લામની સચ્ચાઈ અને અસ્હાબોની બુઝુર્ગીની આનાથી વધારે સારી સાબિતી બીજી શું હોઈ શકે ! અને તેણે એ જ ક્ષણે કલમો પઢીને ઈસ્લામનો સ્વીકાર કરી લીધો.

એ બન્ને સહાબીઓની લાશોને કાચની પેટીઓમાં રાખવામાં આવી હતી અને તેમના ચહેરા જોઈ શકાય તે માટે તેમના બન્નેના મોઢા પરથી કફન ખસેડી લેવામાં આવ્યું હતું. ત્યાર પછી ઈરાકના લશ્કરે કાયદેસર રીતે લાશોને સલામી આપી. પછી તો હાજર રહેલા તમામ લોકોએ નમાઝે જનાઝા પઢી. અસંખ્યા લોકોએ જનાઝાને કાંધો આપ્યો. ત્યાર પછી બન્ને જનાઝાઓને સંપૂર્ણ માન અને અદબ સહિત સલમાનપાકની તરફ લઈ જવાનો આરંભ કર્યો.

આકાશમાં હવાઈ દળનાં વિમાનોએ ગુલાંટો મારી મારીને સલામી આપી અને તેમના પર ફૂલોની વર્ષા કરી. આ ઉપરાંત લોકોએ પણ તેમના પર કેટલાય મણ વજનનાં ફૂલો ફેંક્યાં. રસ્તામાં કેટલીય જગ્યાએ જનાઝાઓને રોકવામાં આવ્યા. લગભગ ચાર કલાક પછી આ બન્ને જનાઝાઓનું સરઘસ સલમાનપાકમાં હઝરત સલમાન ફારસી(રઝી.)ના મઝારની પાસે પહોંચ્યું. ત્યાર પછી જે વ્યક્તિઓએ આ બન્ને લાશોને ક્રેઈનમાંથી ઉતારી હતી તે ચાર જણાએ ખૂબ જ અદબપૂર્વક અને સાવચેતીપૂર્વક પહેલેથી તૈયાર કરેલ કબરોમાં મૈયતોને મૂકી દીધી.

એક બાજુ તોપોની સલામીનો અવાજ.

એક બાજુ લશ્કરના બેન્ડનું સંગીત.

બીજી બાજુ **'અલ્લાહુ અકબર'**ના બુલંદ નાઅરાઓની વચ્ચે એ બન્ને સહાબીઓને કબરમાં ફરીથી દફન કરી દીધા. આ દૃશ્ય આખી દુનિયાએ જોયું. આ પ્રસંગે હજારો લોકોએ ઈસ્લામ ધર્મનો સ્વીકાર કરી લીધો.

ત્યાર પછી તો આ બન્ને અસ્હાબોની કબર મુબારક ઉપર સુંદર રોઝા પણ બનાવવામાં આવ્યા છે. ત્રણેય મહાન સહાબીઓને એક જ સ્થળે દફન કરેલા છે. (જુઓ મુખપૃષ્ઠની તસ્વીર.)

વાચક મિત્રો ! સાંભળ્યું ને તમે ! આ કોઈ કાલ્પનિક પ્રસંગ નથી. આ તો એક નક્કર ઐતિહાસિક હકીકત છે, ઐતિહાસિક સાબિતી છે કે હઝરત રસૂલે ખુદા(સ.)ના બે અસ્હાબોની લાશોને તેરસો વર્ષ પછી તેમની કબરોમાંથી બહાર કાઢવામાં આવી તો બિલકુલ એવીને એવી જ હતી જાણે કે થોડા કલાક પહેલાં જ તેમનો ઈન્તેકાલ થયો હોય. આ બન્ને અસ્હાબો કોઈ જંગમાં લડતાં લડતાં શહીદ થયા હતા. આ બન્ને તો પોતાના ઘરમાં જ પથારી પર મૃત્યુ પામ્યા હતા તેમ છતાં તેમની લાશો તેરસો વર્ષ પછી પણ એવીને એવી જ સહી સલામત હતી. એમની લાશો સહી સલામત કેમ ન હોય? આપણા પયગમ્બર મોહંમદ મુસ્તફા(સ.)નો કોલ છે કે જે કોઈ મોહંમદ વ આલે મોહંમદની મોહબ્બતમાં મરે છે તે શહીદ કરે છે અને કુરઆનની આયત છે કે જે લોકો શહીદ થયા હોય

છે તેમને તમે મરેલા ન સમજતા તેઓ તો જીવતા જ હોય છે અને પોતાના પરવરદિગાર તરફથી રોઝી મેળવે છે.

દોસ્તો ! રસૂલ(સ.)ના અસ્હાબોની આવી મહાનતા છે તો જરા વિચાર કરો કે કરબલાના એ મઝલૂમની શાન કેવી હશે કે જે શહીદે આઝમ હોય, જે શહીદોના સરદાર હોય, જે ખુદ રસૂલે ખુદા(સ.)ના કાળજાનો ટુકડો હોય, જેને ખુદ સરવરે કાઈનાત હઝરત મોહંમદ મુસ્તફા(સ.) પોતાના ખભા ઉપર બેસાડીને **હુસૈનુમ મિન્ની વ અના મેનલ હુસૈન** કહેતા હોય, જે પોતાના નાનાજાનના દીનને બચાવવા માટે, રાહેખુદામાં પોતાનું સર્વસ્વ લૂંટાવી દઈને બેગુનાહ કુરબાન થઈ ગયા હોય. એવા એ શોહદાએ રાહેખુદાની મહાનતાનો અંદાજ કોણ લગાવી શકે ? *

(**'હુદા'**નામના ઉર્દૂ માસિકમાં પ્રગટ થયેલ લેખ પર આધારિત)


*ચોથા વર્ષમાં મંગલ પ્રવેશ*

આયુર્વેદિક દવા શરીરમાં આડઅસર કર્યા વિના રોગને જડમૂળથી મટાડે છે.

**શિફા આયુકેર કલીનીક**

**ડો. આબિદઅલી ટી. ઘરખડ**

(જન. ફીઝીશીયન એન્ડ આયુ. કન્સલ્ટન્ટ)

દરેક જાતના સ્ત્રી રોગો, ચામડીના રોગો, પાચનતંત્રના રોગો, મસા, હરસ, વજન વધારવા-ઘટાડવા, હાડકાના રોગો, શ્વસનતંત્રના રોગોની આયુર્વેદિક સારવાર માટે ખાસ મળો.

**નોંધ :** બહારના દર્દીઓએ ફોન કરીને જ આવવું.

**સરનામુ**

મસ્જિદની સામે, બાદરપુર, તા. વડનગર, જિ. મહેસાણા. મો. ૯૮૨૪૧ ૧૪૮૨૭


*તમારું દીની જ્ઞાન ચકાસો.*

## ? ઈસ્લામી કવીઝ નં. ૨૧૦

**(૧) માહે રમઝાનુલ મુબારકમાં સહરી અને અઝાન વચ્ચેના બારથી પંદર મિનિટના સમયગાળાને શું કહેવામાં આવે છે ?**

(A) ઈફ્તાર (B) ઈમ્સાક (C) ઈસ્રાફ

**(૨) કુરઆન શરીફની શુધ્ધ ઉચ્ચારણથી તિલાવત કરનાર વ્યક્તિને શું કહેવામાં આવે છે ?**

(A) કારી (B) હાફિઝ (C) આરિફ

**(૩) કુરઆન શરીફને મખ્રજની સાથે શુધ્ધ ઉચ્ચારણથી પઢવા માટેના નિયમો કયા નામથી ઓળખાય છે ?**

(A) તક્વીમના નિયમો

(B) તજવીદના નિયમો

(C) તકરીરના નિયમો

**(૪) ઈસ્લામી ધર્મશાસ્ત્રનું જ્ઞાન ધરાવનાર વ્યક્તિને શું કહેવામાં આવે છે ?**

(A) મુઅર્રિખ (B) ફકીહ (C) મોઅલ્લિમ

**(૫) ઈસ્લામ ધર્મમાં ધર્મ સંબંધી ફતવા આપનાર માણસ કયા નામથી ઓળખાય છે.**

(A) મુફ્તિ (B) મુબલ્લિગ (C) મુફસ્સિર

**(૬) કુરઆન શરીફની આયતોની સમજૂતીને શું કહેવામાં આવે છે ?**

(A) તફ્રીહ (B) તફસીલ (C) તફસીર

**(૭) 'શાયરે મશરિક'ના ઉપનામથી કોને ઓળખવામાં આવે છે ?**

(A) 'જોશ' મલિહાબાદીને

(B) 'દાગ' દહેલ્વીને

(C) અલ્લામા ઈકબાલને

**(૮) નીચેનામાંથી કયો શબ્દ જન્નતની નહેરનો સંદર્ભ આપતો નથી ?**

(A) હયાત (B) કૌસર

(C) તસ્નીમ

# કુરઆન શિક્ષણ

અઝ
આકાએ નામદાર
પીર સૈયદ મોહંમદ
મુશાહિદહુસૈન
જાફરી(મદ્દે.)

بسم الله الرحمن الرحيم

## નબીઓ અને ઈમામો વિષેની આયતો

✻ અને આદમને સઘળાં નામો શીખવ્યા પછી તે (નામો) ફરિશ્તાઓ સામે રજૂ કરતાં ફરમાવ્યું, જો તમે (તમારા દાવામાં) સાચા હો તો તે(વસ્તુઓ)ના નામોની મને ખબર આપો. ✻ (ફરિશ્તાઓએ) અરજ કરી કે તું (દરેક એબથી) પાક અને પાકીઝા છે ! અમને જે તેં શીખવ્યું છે તે ઉપરાંત અમને કાંઈ જ્ઞાન નથી; બેશક (દરેક) જ્ઞાનનો સંપૂર્ણ જાણકાર અને સત્ય અને અસત્યનો નિર્ણય કરનાર તું જ છે. ✻ (અલ્લાહે) ફરમાવ્યું કે હે આદમ ! તે(વસ્તુઓ)ના નામો તેમને બતાવી દે. પછી જ્યારે આદમે તે નામો તે(ફરિશ્તા)ઓને બતાવી દીધાં ત્યારે (અલ્લાહે) ફરમાવ્યું કે શું મેં તમને કહ્યું ન હતું કે નિઃસંશય હું જ આકાશો તથા જમીનના છૂપા ભેદોને જાણનાર છું અને જે કાંઈ તમે જાહેર કરો છો તથા જે કાંઈ તમે છૂપાવી રાખો છો તેનાથી (પણ) હું સારી પેઠે વાકેફ છું.

(પારો-૧, સૂરએ અલ બકરહ, આયત-૩૧ થી ૩૩)

✻ પછી શેતાને તે બન્નેને તે(ઝાડનાં ફળ ખાવા) માટે લપસાવ્યા, જેથી (તેણે) જે સ્થિતિમાં તેઓ હતા તે (સ્થિતિ)માંથી તેમને કઢાવ્યા અને અમને હુકમ કર્યો કે નીચે ઊતરી જાઓ, તમારામાંથી કેટલાક કેટલાકોના શત્રુ છે, અને એક સમય સુધી જમીન પર જ તમારું સ્થાન અને જિંદગીનું સાધન રહેશે.

**(પારો-૧, સૂરએ અલ બકરહ, આયત-૩૬)**

✻ પછી આદમે તેના પરવરદિગાર તરફથી (દુઆ માગવા) થોડાંક વાક્યો શીખી લીધાં જેથી (અલ્લાહે) તેની તૌબા કબૂલ કરી; બેશક તે મહાન તૌબા કબૂલ કરનાર અને દયા કરનાર છે.

**(પારો-૧, સૂરએ અલ બકરહ, આયત-૩૭)**

✻ (અને) અમોએ આજ્ઞા કરી કે તમે સઘળા અહીંથી ઊતરી જાઓ, પછી મારા તરફથી તમને હિદાયત પહોંચશે જરૂર, (પછી) જે મારી હિદાયતને અનુસરીને ચાલશે તેમને ન તો કાંઈ ભય રહેશે કે ન તો તેઓ ઉદાસ થશે.

**(પારો-૧, સૂરએ અલ બકરહ, આયત-૩૮)**

✻ અને (તે સમયને યાદ કરો કે) જ્યારે મૂસાએ પોતાની કોમને કહ્યું કે હે મારી કોમ ! નિઃસંશય તમોએ વાછરડાને પૂંજીને હાથે કરીને તમારા પોતાના પર જુલમ કર્યો છે, હવે તમારા પેદા કરનારની હુઝૂરમાં તૌબા કરો અને (તમારા જ હાથે) તમારામાંના(વાછરડાને પૂંજનારા)ઓને કતલ કરી નાખો; એ જ તમારા પેદા કરનાર પાસે તમારા હકમાં બેહતર છે; પછી તમારી તૌબા (અલ્લાહે) સ્વીકારી; બેશક તે મહાન, તૌબાનો સ્વીકારનાર (અને) દયા કરનાર છે.

**(પારો-૧, સૂરએ અલ બકરહ, આયત-૫૪)**

**જાફરી આવાઝનું કુરિઅર સરનામુ**

મશાયખ કમ્પ્યૂટર, જાફરી આવાઝ(માસિક)
આરઝૂ કોમ્પલેક્ષ, બીજે માળે, એલ.આઈ.સી.
ઓફિસની બાજુમાં, ન્યાય મંદિર, હિંમતનગર.
મો.૯૯૨૫૭૩૦૧૦૭



# અહાદીસ



**ફિરોઝાની ફઝીલત**

ઈમામ જાફર સાદિક(અ.)એ ફરમાવ્યું છે કે જે માણસ ફિરોઝાની વીંટી પહેરશે તે કદી પણ મોહતાજ (પરાવલંબી) નહીં થાય.

અલી બિન મોહંમદ ઝમીરી કહે છે કે મેં જાફર બિન મોહંમદની પુત્રીની સાથે શાદી કરી અને મને તેની સાથે ખૂબ મહોબ્બત હતી પરંતુ તેનાથી કોઈ ઓલાદ ન થઈ. મેં હઝરત અલી નકી(અ.)ની સેવામાં હાજર થઈને મારો હેતુ દર્શાવ્યો. હઝરતે સ્મિત કર્યું અને ઈરશાદ ફરમાવ્યો કે ફિરોઝાની વીંટી ખરીદી લે અને તેના પર **'લા તઝરની ફરદાન વ અન્ત ખૈરૂલ વારેસીન'** લખાવી દે. આ હુકમ પર અમલ કરવાને એક વર્ષ પણ થયું ન હતું કે તે સ્ત્રી દ્વારા એક પુત્ર પેદા થયો.

હઝરત રસૂલે ખુદા(સ.)એ ફરમાવ્યું છે કે પરવરદિગારે આલમ ઈરશાદ ફરમાવે છે કે જે હાથમાં અકીક અને ફિરોઝાની વીંટી હોય અને તે હાથ મારી સમક્ષ દુઆ માટે ફેલાવવામાં આવે તો મને તેનાથી શરમ આવે છે કે હું તેને નાઉમેદ (પાછો) કાઢું.

હઝરત અમીરૂલ મોમિનીન(અ.)એ ફરમાવ્યું છે કે જુઝએ યમાનીની વીંટી પહેરવી એ (બાબત) શયતાનની મક્કારીથી બચાવે છે.

હઝરત રસૂલે ખુદા(સ.)એ ફરમાવ્યું છે કે જુઝએ યમાની સાથે (એક) નમાઝ (પઢવી) સિત્તેર નમાઝોની બરાબર છે અને એવું પણ ફરમાવ્યું કે આ નગીનો તસ્બીહ અને ઈસ્તેગફાર પઢતો રહે છે અને તેનો સવાબ વીંટી પહેરનાર માટે લખવામાં આવે છે.

**દુર્રે નજફ અને અન્ય નગીનાઓની ફઝીલત :**

હઝરત ઈમામ જાફર સાદિક(અ.)એ મુફઝઝલ ઈબ્ને ઉમરૂને ફરમાવ્યું કે દુર્રે નજફને જોવાથી મોમિન પુરૂષો અને સ્ત્રીઓને ખુશી પ્રાપ્ત થાય છે અને તેમની આંખોનું દરદ દૂર થઈ જાય છે અને દરેક મોમિન તે પાંચ વીંટીઓ પોતાના હાથમાં રાખે તે મને પસંદ છે. પ્રથમ યાકૂતની કેમકે તે સૌથી ઉમદા છે. બીજી અકીકની કેમકે તે ખુદાએ તઆલા અને અમારા એહલેબયત પ્રત્યે નિષ્કપટતા રાખનારો નગીનો છે. ત્રીજી (વીંટી) ફિરોઝાની કે જે આંખોને શક્તિ પ્રદાન કરે છે, છાતીને વિસ્તૃત કરે છે, દિલને સંતોષ પહોંચાડે છે અને જ્યારે બંદો કોઈ કાર્ય કરવા જાય અને તેને પહેરીને જાય તો (તેની) હાજત પૂરી થઈ જાય છે. ચોથી (વીંટી) હદીદે ચીનીની. પરંતુ આ બાબતમાં હું એ વસ્તુ પસંદ કરતો નથી કે તેને દરેક સમયે પહેરેલી રાખવી. પરંતુ જો કોઈ વ્યક્તિના ઉપદ્રવનો ડર હોય અને તેની મુલાકાત માટે જાય તો તેને પહેરીને જાય જેથી તેના ઉપદ્રવથી સુરક્ષિત રહે. જો કે હદીદે ચીની શયતાનને દૂર કરે છે તેથી પાસે રાખવી મુનાસીબ છે. પાંચમી (વીંટી) એ દુર્ર (મોતી)ની છે કે જેને ખુદા તઆલા નજફે અશરફમાં પેદા કરે છે જેને **દુર્રે નજફ** કહેવાય છે. જે માણસ આને હાથમાં પહેરે તો ખુદાવંદે આલમ તેના પર કરવામાં આવેલ પ્રત્યેક નજરના બદલામાં હજ અને ઉમરાની ઝિયારતોનો સવાબ તેના આ'માલનામામાં લખશે. તેનો સવાબ અંબિયા અને સાલેહીનના સવાબની બરાબરનો હશે અને ખુદા તઆલા અમારા મોહિબ્બો પર રહમ ન કરત તો દુર્રે નજફનો એક એક નગીનો મોટી મોટી કિંમત ધરાવત પરંતુ ખુદા તઆલાએ તેમના માટે આ નગીના સસ્તા બનાવી દીધા જેથી અમીર અને ગરીબ બધા જ તેને

પહેરી શકે.

**નગીના પર શું લખાવવું જોઈએ ? :**

હઝરત ઈમામ મોહંમદ બાકિર(અ.)થી મનકુલ છે કે જે મોમિન પોતાની વીંટી પર કુરઆને શરીફની કોઈ આયત કોતરાવે તેને બક્ષી દેવામાં આવશે.

**સોના-ચાંદીના દાગીના પહેરવા વિષે :**

હદીસમાં છે કે સ્ત્રીઓ અને બાળકો સોનાના અને ચાંદીના દાગીના પહેરે એમાં કોઈ વાંધો નથી અને એમાંય સ્ત્રીઓએ તો પોતાની આર્થિક સ્થિતિ અનુસાર જાતે જ દાગીના પહેરવા જોઈએ અને તે સોનાના દાગીના પણ પહેરી શકે છે. પરંતુ પુરૂષોએ સોનાના દાગીના પહેરવા હરામ છે.

હદીસમાં સ્ત્રીઓ માટે એવું પણ છે કે સ્ત્રીઓને દાગીનાથી ખાલી રાખવી યોગ્ય નથી. ઓછામાં ઓછો તેણીએ ગળામાં એક હાર પણ પહેરવો જોઈએ. સ્ત્રીઓ માટે એ પણ યોગ્ય નથી કે તેમના હાથ મહેંદીથી ખાલી રહે પછી ભલેને તે ખૂબ વૃધ્ધ કેમ ન થઈ ગઈ હોય.

**સુરમો લગાવવા વિષે :**

હદીસમાં (આંખમાં) સુરમો લગાવવાની ખૂબ તાકીદ કરવામાં આવી છે અને તેના ફાયદા પણ લખવામાં આવ્યા છે. હઝરત ઈમામ જાફર સાદિક(અ.)એ ફરમાવ્યું છે કે રાત્રે સુરમો લગાવવો (સ્વાસ્થ્ય માટે) ફાયદાકારક છે અને દિવસે શણગાર આપનાર બાબત છે.

બીજી હદીસમાં છે કે હઝરત ઈમામ મોહંમદ બાકર(અ.)એ ફરમાવ્યું છે કે સુરમો લગાવવાથી મોઢામાં ખુશ્બૂ પેદા થાય છે અને (આંખની) પાંપણો મજબૂત બને છે. બીજી એક હદીસમાં છે કે (જોવાની) દૃષ્ટિ તેજ બને છે અને નવી પાંપણો પેદા થાય છે અને સિજદાને લંબાવવામાં સહાયતા મળે છે. વળી હદીસમાં એવું પણ છે કે સુરમો લગાવવાથી આંખોમાંથી પાણી વહેતું બંધ થઈ જાય છે.

સહીહ હદીસમાં છે કે હઝરત રસૂલે ખુદા(સ.) સૂઈ જતાં પહેલાં ચાર સળીઓ ભરીને જમણી આંખમાં અને ત્રણ સળીઓ ભરીને ડાબી આંખમાં સુરમો લગાવતા હતા.

ઈમામ અલી રઝા(અ.)એ ફરમાવ્યું છે કે જે માણસ ખુદા પર અને કયામતના દિવસ પર ઈમાન લાવ્યો હોય તેના ઉપર આવશ્યક છે કે સુરમો લગાવ્યા કરે.

**દર્પણમાં જોવા વિષે :**

મનકુલ છે કે હઝરત રસૂલે ખુદા(સ.)એ ફરમાવ્યું છે કે જે માણસ દર્પણમાં વધારે વાર જોયા કરે અને કારણ વગર એ ખુબસૂરતીને કે જે ખુદા તઆલાએ તેને અર્પણ કરી છે તેને જોયા કરે તો તેમાં કોઈ એબ નથી. (એવું સમજીને) ખુદાનો શુક્ર વધારે કરે તો ખુદા તેના માટે જન્નત વાજિબ કરે છે.

રિવાયત છે કે જનાબે રસૂલે ખુદા(સ.) દર્પણમાં જોતા હતા ત્યારે સર મુબારકના બાલોમાં અને પવિત્ર દાઢી મુબારકમાં કાંસકો પણ ફેરવતા જતા હતા અને પોતાની પત્નીઓ અને અસ્હાબોને હુકમ કરતા હતા કે શૃંગાર સજો કેમકે ખુદા એ બાબતને દોસ્ત ગણે છે કે તેનો બંદો પોતાના ઈમાનદાર બંધુઓને મળે અને તેમના માટે શણગાર કરે અને દરેક વખતે પોતાની જાતને સુસજ્જ રાખે.

હઝરત રસૂલે ખુદા(સ.)એ હઝરત અલી(અ.)ને ફરમાવ્યું કે તમે દર્પણમાં જુઓ ત્યારે આ દુઆ પઢ્યા કરો :

**અલ્લાહુમ્મા કમા હસ્નત ખિલ્કી ફહસ્ન ખોલેકી વ રિઝકી** અથવા યા અલ્લાહ ! જેવી રીતે તેં મારી સૂરત ખુબસૂરત બનાવી છે એવી જ રીતે મારા જીવનને અને વસ્તુઓને કે જે તેં મને અર્પણ કરી છે તેમને પણ ઉમદા બનાવી દે.

**ખિઝાબ કરવા વિષે :**

પુરૂષો માટે માથાના અને દાઢીના વાળ રંગવા સુન્નત છે અને સ્ત્રીઓ માટે પણ માથાના વાળ રંગવા અને હાથે પગે મહેંદી લગાવવી સુન્નત છે. હદીસમાં એ પણ છે કે હઝરત રસૂલે ખુદા(સ.)એ ફરમાવ્યું છે કે ખિઝાબ (વાળ રંગવા)માં સૌથી શ્રેષ્ઠ ખિઝાબ (વાળ રંગવાનો મસાલો) કાળા રંગનો છે.*


# જનાબ સૈયદ વફીઅહેમદ જાફરી સાહેબની વફાત




અલ્હાજ પીર સૈયદ મહેરહુસૈન જાફરી બાવા સાહેબ(રહે.અ.)ની આખરી નિશાની તેમજ આપના સૌથી નાના પુત્ર **જનાબ સૈયદ વફીઅહેમદ મહેરહુસૈન જાફરી બાવા સાહેબ**નો ઈન્તેકાલ મુ.તા.૧૯મી શાબાન-૧૪૩૨, તા.૨૨ મી જુલાઈ-૨૦૧૧, શુક્રવારના દિવસે બપોરે થયો હતો. અલ્લાહ તાઅલાએ આપને ૭૬ વર્ષ કરતાં ય વધારે લાંબી ઉંમર અર્પણ કરી હતી. હઝરત મોહંમદ મુસ્તફા (સ.)ના મહિના શાબાનમાં આપનો જન્મ અને આપની વફાત પણ શાબાન મહિનામાં થઈ એ પણ એક જોગાનુજોગ કહેવાય. આપની વફાતના સમાચાર જોત જોતામાં સમગ્ર મોમિન જમાઅતમાં ફેલાઈ ગયા. ધોળકાના રોઝામાં આપની દફનવિધિ વખતે તેમજ ઝિયારતના દિવસે જાફરી પરિવારના સદસ્યો ઉપરાંત મોમિન ભાઈઓ ખૂબ મોટી સંખ્યામાં ઉમટી પડ્યા એ બાબત જ તેમના પ્રત્યેની મોહબ્બતનાં દર્શન કરાવે છે.

જનાબ સૈયદ વફીઅહેમદ જાફરી સાહેબને બાળપણથી જ ફોટોગ્રાફી અને કલા પ્રત્યે ખાસ અભિરૂચિ હતી. આપને કલા પ્રત્યે માત્ર શોખ જ ન હતો પરંતુ આપ કલા પ્રત્યે ખૂબ દીર્ઘદષ્ટિ અને સૂઝ ધરાવતા હતા. કલા એ કુદરતની દેન છે. આપ કોઈ વ્યક્તિને પોતાની સામે બેસાડતા અને થોડી જ વારમાં તેનું ચિત્ર દોરી કાઢતા હતા. આપે પાડેલી તસ્વીરોએ અને કળાના નમૂનાઓએ ઘણી વખત તો પારિતોષિકો પણ જીત્યાં હતાં. આપના કેટલાક ફોટા તો **'રંગતરંગ'** જેવા માસિકમાં અને **'ટાઈમ્સ ઓફ ઈન્ડિયા'** જેવા દૈનિકપત્રોમાં પણ પ્રસિધ્ધ થયા હતા. આપને હંમેશાં કંઈક નવું કરવાની ઈચ્છા રહેતી હતી. તેથી તો આપે કુરાને મજીદમાંથી અમુક આયતોને પસંદ કરીને, તેમનું ભાષાંતર કરીને, તેને જાડા કાગળ પર છપાવીને, આખા મહિનાની તારીખો સહિતનું એક એવું **'કેલેન્ડર'** બનાવ્યું હતું જેને દરરોજ તારીખ પ્રમાણે બદલી શકાતું હતું. આધુનિક સમય સાથે તાલ મિલાવવા માટે આપ પોતાની કલાને કમ્પ્યૂટર ઉપર પણ લઈ ગયા હતા. આપ કલામાં રસ ધરાવતા માણસોને મદદરૂપ થવા માટે હંમેશાં તત્પર રહેતા હતા અને જ્યાં સુધી આપ સક્ષમ હતા ત્યાં સુધી આપ સદાય પ્રવૃત્તિમય રહ્યા હતા.

'જાફરી આવાઝ'(માસિક) તો જનાબ સૈયદ વફીઅહેમદ બાવા સાહેબનું હંમેશાં ઋણી રહેશે જ કેમકે આપની કલાના કેટલાક નમૂના જાફરી આવાઝના પૃષ્ઠો ઉપર પ્રકાશિત થયેલ છે. અલ્હાજ પીર સૈયદ મહેરહુસૈન બાવા સાહેબ(રહે.અ.)ના તેમજ પીર સૈયદ મોહંમદ ઝહીરહુસૈન બાવા





સાહેબ(રહે.અ.)ના ફોટાઓ ઉપરથી વિડીયો કેસેટ તૈયાર કરવામાં આપનું યોગદાન અનન્ય રહ્યું હતું. જ્યારે પણ જાફરી આવાઝ(માસિક)નો કોઈ વિશેષાંક પ્રગટ કરવાનો હોય તો અમે સૌ આપની પાસે દોડી જતા અને આપની પાસેથી અમને અલભ્ય તસ્વીરો અને માર્ગદર્શન મળી રહેતું હતું. પીર સૈયદ મોહંમદ ઝહીરહુસૈન બાવા(રહે.)ની વફાત પ્રસંગનો વિશેષાંક **'અમરયાત્રા'**, મેતા મુકામે પ્રસિધ્ધ કરેલ **'ગોલ્ડન જ્યૂબિલી વિશેષાંક'** તેમજ **'મહેરબાવા જન્મ શતાબ્દી વિશેષાંક'** જેવા જાફરી આવાઝના અંકો આજે પણ આપના યોગદાનની સાક્ષી પૂરે છે.



અંતમાં એવી દુઆ કરીએ કે અલ્લાહ (સુ.વ.ત.) મોહંમદ વ આલે મોહંમદના વાસ્તાથી આપને ગરીકે રહેમત કરે અને જન્નતમાં ઉચ્ચ દરજ્જો અર્પણ કરે, આમીન.

(વાચક મિત્રોને એક સૂરએ ફાતિહા પઢીને બક્ષી આપવા વિનંતી.)

## જનાબ સૈયદ વલીઅહેમદ જાફરીની કેટલીક કલા કૃતિઓ




માહિતી અને તસ્વીર સૌજન્ય : જનાબ સૈયદ ઈરફાનહૈદર જાફરી (ધોળકા)

# વિપરીત સંજોગોમાં જીવન કુરઆનના આદેશ પ્રમાણે

: લેખન :
પીર સૈયદ મોહંમદ મુશાહિદહુસૈન
જાફરી બાવા સાહેબ(મદ્દે.)

બિસ્મિલ્લાહિર રહમાનિર રહીમ

પારા-૪, સૂરા-૩, આયત-૧૮૫

**'હે મુસલમાનો ! તમે તમારા માલ અને જાનથી અવશ્ય અજમાવ્યા જશો, તમારા પહેલાં જે લોકોને કિતાબ આપવામાં આવી છે તેમનાથી, વળી મુશરિકોથી તમે ઘણાંય મ્હેણાં ટોણાંની વાતો અવશ્ય સાંભળશો જો તમે તે સમયે ધીરજ ધરશો તો ખોટાં કાર્યોથી દૂર રહેશો તો નિઃસંશય તે મહાન હિંમતવાળાં કાર્યો માંહેનું એક ગણાશે.'**

આ આયતથી જાણવા મળ્યું કે અલ્લાહ પોતાના માનનારાઓ પાસેથી પોતાની જાત અને માલના નુકસાનના સમયે પણ ગુસ્સે થઈ વેર લેવાને બદલે સહન કરીને વેર લેવાથી દૂર રહેવાની અપેક્ષા રાખે છે.

આના અનુસંધાનમાં સૂરતુલ ફીલના સૂરાને સમજીએ.

**કૃપાળુ અને દયાળુ અલ્લાહના નામથી શરૂ કરું છું.**

**'શું તમને ખબર નથી કે તમારો પરવરદિગાર હાથીઓના માલિક સાથે કેવી રીતે વર્ત્યો ? શું તેણે તેમની કાવતરાબાજી બેકાર ન બનાવી દીધી ? તેણે તેમના ઉપર ઉડતાં ટોળાબંધ અબાબીલ પક્ષીઓને મોકલ્યાં કે જેઓ તેમના ઉપર પાકેલી માટીની પથરીઓ ફેંકતાં હતાં. પછી તેણે તેમને (જાનવરે) ખાધેલાં (ભૂકો થયેલાં) ઘાસનાં પાંદડાં જેવા બનાવી દીધા.'**

યમનનો બાદશાહ અબ્રાહા બિન સબાહા કે જેનો લકબ **'અલ અશરમ'** હતો તેણે સન'આમાં એક મોટું કલીસા(દેવળ) બંધાવ્યું એવા ઈરાદાથી કે અરબ લોકો મક્કાની મસ્જિદ કા'બા બયતુલ્લાહની હજ કરવાને બદલે મારા આ કલીસાની પ્રદક્ષિણા માટે આવે. તેથી એક મોટી ફોજ લઈને તે મક્કા તરફ ઉપડ્યો. તેની ફોજમાં ઘણા બધા હાથીઓ હતા. આવા મોટા અને શક્તિશાળી લશ્કરની સામે મક્કાના રહેવાસીઓ પોતાના શહેરનું અને મસ્જિદનું રક્ષણ કરવા માટે અસમર્થ હતા.

હઝરત અબ્દુલ મુત્તલિબ અલ્લાહના ઘરમાં અલ્લાહની ઈબાદતમાં હતા. તેમને આ વાતની ખબર પહોંચી, આપ અબ્રાહાની સમક્ષ જવાનું કંઈક બહાનું પણ ઈચ્છતા હતા કે તેને ડરાવે અને આવા ઈરાદાથી રોકે. આપ તરત જ અબ્રાહાની પાસે પહોંચ્યા.

અબ્રાહા આ વીરપુરૂષને જોઈને થોડોક ગભરાયો. આપને માન આપ્યા વગર ન રહી શક્યો. તખ્તથી નીચે ઊતરીને તેમને પોતાની પાસે બેસાડ્યા અને પૂછ્યું,

'બોલો, અય સરદારે કુરૈશ ! કેમ આવ્યા છો?'

તો આપે ફરમાવ્યું,

'તમારી ફોજના કેટલાક માણસો મારા ઊંટો હંકારી લાવ્યા છે તે ઊંટ મને પાછા મળવા જોઈએ.'

અબ્રાહા આ સાંભળીને નવાઈ પામ્યો અને કહ્યું,

'હું તો એમ સમજતો હતો કે આપ ખાનએ કા'બા વિષે કંઈક કહેશો.'

હઝરત અબ્દુલ મુત્તલિબે ફરમાવ્યું,

'હું આ ઊંટોનો માલિક છું એટલા માટે એની માગણી કરું છું અને આ ઘરનો પણ એક માલિક છે તે પોતે આનું રક્ષણ કરશે.'

અલ્લાહે મક્કા શહેર અને ખાનએ કા'બા બન્નેનું રક્ષણ કર્યું. અબ્રાહા, તેની સવારીનો હાથી અને લશ્કર બધા હુમલા કરવાની સ્થિતિમાં હતા એટલામાં અબાબીલ નામનાં સંખ્યાબંધ પક્ષીઓનાં ટોળાં સમુદ્ર કિનારા તરફથી ઉડતાં ઉડતાં આવ્યાં. તે દરેક પક્ષીની ચાંચમાં અને પગમાં કાંકરા હતા. જે તેમણે અબ્રાહાના માણસોના માથા ઉપર ફેંક્યા. જેના પર તે કાંકરા પડ્યા તેઓ તરત જ મરી ગયા. પછી ખુદાએ પાણીની રેલ મોકલી અને તેમનાં સઘળાં મુડદાં તણાઈને સમુદ્રમાં ગયાં. આમ અલ્લાહે દુશ્મનોથી રક્ષણ કર્યું.

પારા-૯, સૂરા-૭, આયત-૧૬૦

**'અને અમોએ તે(મૂસાની કોમ)ના કુટુંબોને બાર કબીલાઓમાં વહેંચી નાખ્યા (અને પાછળથી તે દરેક કબીલો) એકેકી પ્રજા તરીકે ઓળખાવા લાગ્યો અને મૂસાની પાસે જ્યારે તેની કોમે પાણી માગ્યું ત્યારે અમોએ વહી કરી કે તારી લાઠીને પથ્થર પર માર, જેથી તેમ કરતાં તેમાંથી બાર ઝરણાં વહી નીકળ્યાં. દરેક ટોળાએ પોત પોતાની પીવાની જગ્યાને સારી પેઠે ઓળખી લીધી અને અમોએ તેમના પર વાદળોથી છાંયડો કર્યો તથા તેમના પર મન્ન અને સલવા ઉતાર્યાં અને આજ્ઞા કરી કે જે પાક વસ્તુઓને અમોએ તમને આપી છે તેમાંથી ખાઓ, પીઓ અને તેમણે નાફરમાની કરીને અમારું કાંઈ બગાડ્યું નહીં પણ તેમણે પંડે જ જીવ પર જુલ્મ કર્યો.'**

પારા-૧૧, સૂરા-૧૦, આયત-૯૦-૯૧

**'અને અમોએ બની ઈસરાઈલને નદી પાર ઊતારી દીધા પછી ફિરઓન તથા તેના લશ્કરોએ તેમના પર અત્યાચાર અને જુલ્મ કરવાના હેતુથી તેમનો પીછો કર્યો, એટલે સુધી કે જ્યારે તે (ફિરઓન) ડૂબવા લાગ્યો ત્યારે બોલી ઉઠ્યો કે 'હું ઈમાન લાવ્યો કે કોઈ મા'બૂદ નથી સિવાય તેના કે જેના પર બની ઈસરાઈલ ઈમાન લાવ્યા છે અને હું મુસ્લિમો માંહેનો છું.' ત્યારે તેને કહેવામાં આવ્યું કે 'શું હવે ઈમાન લાવે છે ? જો કે તેં પહેલાં નાફરમાની કર્યા જ કરી હતી અને તું ફસાદ કરનારાઓ માંહેનો હતો.''**

આની તફસીરમાં છે કે મૂસા(અ.) થોડી રાત પછી પોતાની કોમને મિસરથી લઈને નીકળ્યા હતા કે ફિરઓનને જાણ થઈ ગઈ અને તેણે પોતાના લશ્કર સાથે તેમનો પીછો કર્યો. સવાર થતાં જ તેણે બની ઈસરાઈલને તે સ્થિતિમાં જોયા કે આગળ નદી હતી અને પાછળ દુશ્મન. હોડી કે કોઈ વસ્તુ હાજર નહોતી કે પસાર થઈ શકે. આવા નાજુક સમયે અલ્લાહે મદદ કરી અને હઝરત મૂસા(અ.)એ પોતાની લાઠી નદી પર મારી જેથી નદીનું પાણી છુટું થઈ ગયું અને બની ઈસરાઈલ સલામતીથી તેમાંથી પસાર થઈ ગયા. ફિરઓને તેમનો પીછો કર્યો. જેવો તે નદીની વચ્ચોવચ્ચ પહોંચ્યો કે તરત જ નદીનું પાણી ભેગું થઈ ગયું અને ફિરઓન અને તેનુ લશ્કર ડૂબી ગયું.

આ ફિરઓનીઓ બની ઈસરાઈલ પર જુલ્મ કરતા હતા. તેમના દીકરાઓને મારી નખાવતા હતા અને તેમની દીકરીઓને જીવતી રાખતા અને ગુલામ બનાવીને રાખતા હતા. અલ્લાહે આ મઝલૂમ કોમની મદદ માટે હઝરત મૂસા(અ.)ને મોકલ્યા અને તેમને મોઅજિઝા આપ્યા. તેમની પાસે લાઠી હતી જેને જમીન પર મૂકવામાં આવે

તો અજગર બની જતી હતી.

ઉપરની આયતો જોવાથી જાણવા મળ્યું કે એ લાઠીને પથ્થર પર મારવાથી પાણીના ઝરા ફૂટે છે. નદી ઉપર મારવાથી પાણી બે ભાગમાં વહેંચાઈ જાય છે. બની ઈસરાઈલ હઝરત મૂસા(અ.)ની પાછળ પાછળ ગયા એટલે કે તેમણે મૂસા(અ.)ની તાબેદારી કરી તો તેમના માટે નદીમાં પણ માર્ગ થઈ ગયો. સાબિત થયું કે અલ્લાહના પસંદ થયેલા બંદાને અલ્લાહ પોતાના મઝલૂમ બંદાઓ માટે મોકલે છે અને જો તેઓ તેની તાબેદારી કરે છે તો તેમને જાલિમથી છુટકારો મળે છે.

પારા-૧૬, સૂરા-૨૦, આયત-૬૫ થી ૭૦

**'જાદૂગરોએ કહ્યું કે હે મૂસા ! કાં તો તમે પહેલાં જાદૂ ફેંકો અથવા અમે પહેલાં જાદૂ ફેંકીએ. મૂસાએ કહ્યું કે તમે જ પહેલાં જાદૂ ફેંકો. એમણે જાદૂ ફેંક્યો તો મૂસા(અ.)ને એમના જાદૂથી એવું લાગ્યું કે એમની લાકડીઓ દોડી રહી છે તો મૂસા(અ.)ને પોતાના દિલમાં ડર લાગ્યો.'**

એ વખતે આ આયત નાઝિલ થઈ :

**'ડરો નહીં ખરેખર તમે જ વિજયી રહેશો અને તમારા જમણા હાથમાં જે લાઠી છે તેને નાખી દો કે જેથી તેમણે જે કાંઈ જાદૂ બતાવ્યું છે તેને ગળી જાય કેમકે એ લોકોએ જે કાંઈ બતાવ્યું છે તે ફકત એક જાદૂ છે અને જાદૂગર જયાં પણ જશે સફળ નહીં થઈ શકે.'**

ટૂંકમાં મૂસા(અ.)ની લાઠી બધું જ ગળી ગઈ.

**'આ જોતાં જ બધા જાદૂગર લોકો સજદામાં પડી ગયા અને કહેવા લાગ્યા કે અમે મૂસા અને હારૂનના પરવરદિગાર પર ઈમાન લાવ્યા.'**

આ આયતથી જાણવા મળ્યું કે અલ્લાહે મૂસા(અ.)ને લાઠીનો મોઅજિઝો આપ્યો હતો. તેનાથી જાદૂગરોનો જાદૂ નષ્ટ થયો.

પારા-૭, સૂરા-૨૧, આયત-૬૯-૭૦

**'અમોએ કહ્યું કે હે આગ ! તું ઈબ્રાહીમ પર ટાઢી અને સલામતી આપનારી થઈ જા અને તેમણે ઈબ્રાહીમ સાથે ચાલ ચાલવાનો ઈરાદો કર્યો પણ અમોએ તેમને જ સૌથી વધારે હાનિ ભોગવનારા બનાવી દીધા.'**

આ આયતથી જાણવા મળ્યું કે હઝરત ઈબ્રાહીમ(અ.)ને બાળવા માટે નમરૂદે જે આગ તૈયાર કરાવી હતી તે એવી ભયાનક હતી કે પક્ષીઓ પણ તેના ઉપરથી ઉડતાં ન હતાં. પરંતુ આવી ભયાનક આગની તાસીર પણ અલ્લાહના પસંદ થયેલા હઝરત ઈબ્રાહીમ(અ.) માટે બદલાઈ ગઈ અને તેમના માટે સલામતી આપનારી થઈ ગઈ.

પારા-૧૯, સૂરા-૨૭, આયત-૩૮ થી ૪૦

**'સુલેમાન(અ.)એ પોતાના દરબારી-**

**કુરઆન શરીફમાં દુઆના સ્વરૂપે આવેલ આયતો**

# કુરઆની દુઆઓ

**૧૯**

بِسْمِ اللّٰهِ الرَّحْمٰنِ الرَّحِيْمِ

فَاطِرَ السَّمٰوٰتِ وَالْاَرْضِ اَنْتَ وَلِيّٖ فِي الدُّنْيَا وَالْاٰخِرَةِ

تَوَفَّنِيْ مُسْلِمًا وَّاَلْحِقْنِيْ بِالصّٰلِحِيْنَ ۝١٠١

**ફાતેરિસ્સમાવાતે વલ્અર્ઝ અન્ત વલીય્યે ફીદ્ દુન્યા વલ્આખેરત તવફફની મુસ્લેમંવ વ અલ્હિકની બિસ્સાલેહીન.**

(પારો-૧૩, સૂરએ યૂસુફ, આયત-૧૦૧)

અર્થ : અય આકાશો અને જમીનના સર્જનહાર ! તું જ દુનિયા અને આખેરતમાં મારો વાલી છે; મારો અંત ફરમાબરદારીની સ્થિતિમાં લાવજે અને મને સદાચારી બંદાઓમાં ભેળવી દેજે.*

**ઓથી ફરમાવ્યું, તમારામાંથી કોણ એવું છે કે જે તેની કોમના લોકો મારી પાસે અજ્ઞાધીન બનીને હાજર થાય તે પહેલાં બિલકીસનું સિંહાસન અહીં લઈ આવીને હાજર કરે. આ સાંભળીને જિન્નાતોમાંથી એક જણ બોલ્યો કે આપ આપના સ્થાન ઉપરથી ઊભા થાઓ (અર્થાત દરબાર બરખાસ્ત થાય) તે પહેલાં તે હું તમારી પાસે લઈ આવીશ અને તે કામ માટે હું નિઃસંશય સમર્થ અને વિશ્વાસને પાત્ર છું અને એ શખ્સ (આસિફ બિન બરખીયા) કે જેને (આકાશી) કિતાબનું થોડુંક જ્ઞાન હતું તેણે અરજ કરી કે હું તે સિંહાસન તમારી પલક ઝબકે તે અગાઉ લઈ આવીશ.'**

આ આયતથી જાણવા મળ્યું કે અલ્લાહ પોતાના પસંદ થયેલા બંદાને પોતાની કિતાબનું થોડુંક જ જ્ઞાન આપે છે તેમ છતાં તેનામાં જિન્નાત કરતાં પણ વધારે શક્તિ આવી જાય છે અને તે આંખના પલકારામાં અશક્ય કામ પણ કરી શકે છે.

પારા-૧૫, સૂરા-૧૮, આયત-૬૫

**'જેથી બન્ને જણા પોતાનાં પગલાં (શોધતા) શોધતા પાછા ફર્યા અને ત્યાં તે બન્નેએ અમારા બંદાઓ માંહેના એક બંદા (ખિઝર(અ.))ને જોયા કે જેને અમોએ અમારી પાસેથી રહેમત(વિલાયત)નો એક ભાગ અર્પણ કર્યો હતો અને જેને અમોએ ઈલ્મે લદુન્નીમાંથી થોડુંક જ્ઞાન શીખવ્યું હતું.'**

આ આયતથી જાણવા મળ્યું કે અલ્લાહે પોતાના પસંદ થયેલા બંદા ખિઝર(અ.)ને રહેમતનો (વિલાયતનો) થોડો ભાગ આપ્યો હતો અને ઈલ્મે લદુન્નીમાંથી થોડુંક જ્ઞાન આપ્યું હોવાથી ખિઝર(અ.) ફક્ત દૃષ્ટિ કરીને જ દરેક વસ્તુની હકીકત સુધી પહોંચી જતા હતા.

પારા-૫, સૂરા-૪, આયત-૫૪

**'અમે તો ઈબ્રાહીમની ઓલાદને કિતાબ અને બુધ્ધિની વાતો (હિકમત) અર્પણ કરી છે અને તેમને ઘણી મોટી સલ્તનત પણ આપી છે.'**

પારા-૧, સૂરા-૨, આયત-૧૨૪

**'અને જયારે ઈબ્રાહીમને તેના પરવરદિગારે કેટલીક વાતોમાં અજમાવ્યા અને ઈબ્રાહીમ તેમાં પૂરા ઉતર્યા તો અલ્લાહે ફરમાવ્યું કે નિઃસંશય હું તમને મનુષ્ય માત્રનો ઈમામ બનાવીશ. ઈબ્રાહીમે અરજ કરી, અને મારી ઓલાદમાંથી પણ ? તો અલ્લાહે ફરમાવ્યું, જે જાલિમ હશે તે આ હોદ્દાને પ્રાપ્ત નહીં કરી શકે.'**

આ આયતથી જાણવા મળ્યું કે હઝરત ઈબ્રાહીમ(અ.)ની ઓલાદમાં તેમની દુઆથી જે ઈમામો થયા તે જાલિમ નહોતા.

પારા-૭, સૂરા-૫, આયત-૧૧૦

**'હે મરીયમના દીકરા ઈસા ! અમે જે ઉપકારો તમારા પર અને તમારી મા પર કર્યા છે તેને યાદ કરો, જયારે કે મેં રૂહુલ કુદુસ (જિબ્રઈલ) દ્વારા તમારી મદદ કરી. તમે પારણામાં તથા વૃધ્ધાવસ્થામાં પણ લોકોની સાથે (એક સરખી) વાતો કરતા હતા અને જયારે મેં તમને તે કિતાબ તથા શરીઅત તથા તૌરેત અને ઈન્જિલનું શિક્ષણ આપ્યું હતું અને જયારે તમે મારા હુકમથી પલાળેલી માટીમાંથી પક્ષીનો આકાર બનાવ્યા પછી તેમાં ફૂંક મારતા હતા ત્યારે તે મારા હુકમથી જીવતું જાગતું પક્ષી બની જતું હતું અને તમે જન્મથી આંધળા તથા કોઢીલાઓને મારી આજ્ઞાથી સાજા કરી દેતા**

**હતા અને જ્યારે તમે મરી ગયેલાઓને મારા હુકમથી જીવતા કરી દેતા હતા અને જ્યારે મેં બની ઈસરાઈલને તમને ઈજા પહોંચાડતા અટકાવ્યા કે જ્યારે તમે તેમની પાસે પ્રત્યક્ષ દલીલો લઈને આવ્યા હતા, પછી તેઓમાંથી કેટલાક નહીં માનનારાઓ કહેવા લાગ્યા કે આ તો કાંઈ જ નથી પણ ખુલ્લો જાદૂ છે.'**

આ આયતથી હઝરત ઈસા(અ.)ને અલ્લાહ તરફથી મળેલા મોઅજિઝાઓ વિશેની માહિતી મળી.

પારા-૨૦, સૂરા-૨૮, આયત-૫

**'અને અમોએ એવો ઈરાદો કર્યો કે જેમને ભૂમિમાં (ઝલીલ) અને કમજોર કરી નાખવામાં આવ્યા છે, તેમના પર ઉપકાર કરીએ અને તેમને આગેવાન બનાવીએ અને સમગ્ર ભૂમિના માલિક બનાવીએ અને તેમને ભૂમિમાં સત્તા આપીએ.'**

પારા-૨૦, સૂરા-૨૮, આયત-૬૮

**'અને તમારો પરવરદિગાર જે ચાહે છે પેદા કરે છે અને જેને ચાહે છે તેને ચૂંટી કાઢે છે અને લોકોને આ ચૂંટવાનો અધિકાર અપાયો નથી અને જે વસ્તુને આ લોકો અલ્લાહનો શરીક બનાવે છે તેનાથી અલ્લાહ પાક અને ચઢિયાતો છે.'**

**બાર ઈમામોનાં નામોવાળી હદીસ :**

સુન્ની કિતાબ રૌઝતુલ અહબાબ જિલ્દ-૪ થી કલમી અને હબીબુસ્સૈર જિલ્દ બીજીમાં છે કે હઝરત જાબિર બિન અબ્દુલ્લાહ અન્સારી સહાબી કહે છે કે જ્યારે ખુદાએ પોતાના પયગમ્બર પર આયા-એ-કરીમ **'યા અય્યોહલ્લઝીના આમનૂ અતિઉલ્લાહ વ અતિઉરરસૂલ વ ઉલીલ અમ્રે મિનકુમ'** નાઝિલ ફરમાવી તો મેં અરજ કરી, 'યા રસૂલિલ્લાહ(સ.અ.વ.) ! અમે ખુદાને અને તેના રસૂલને તો ઓળખીએ છીએ પરંતુ ઉલીલ અમ્ર કોણ છે કે જેમની ઈતાઅતને અલ્લાહે પોતાની ઈતાઅતની નજીક કરેલ છે ? તેથી રસૂલ(સ.)એ ફરમાવ્યું, 'તેઓ મારા જાનશીન છે અને હુજ્જતે ખુદા છે. મારી ઉમ્મત પર. તેમાંના પહેલા અલી ઈબ્ને અબીતાલિબ(અ.) છે, પછી હસન(અ.) છે, પછી હુસૈન(અ.) છે, એમ કરીને બારમા હુજ્જતે ખુદા મોહંમદ બિનુલ હસન બિન અલી(અ.) સુધીનાં નામ જણાવ્યાં.'

આ હદીસથી જાણવા મળ્યું કે બારમા ઈમામનો જન્મ થઈ ચૂક્યો છે અને તેમને લોકોની નજરથી ગેબમાં રાખવામાં આવ્યા છે. તેમના પિતા હઝરત હસન અસ્કરી(અ.) અગિયારમા ઈમામ છે. હઝરત ઈસા(અ.)ના જન્મ વિષે કુરાનમાં વર્ણન છે. તેમની માતાનું નામ હઝરત બીબી મરીયમ(સ.અ.) છે. તેમને પણ અલ્લાહે ગૈબ રાખ્યાં છે.

પારા-૬, સૂરા-૪, આયત-૧૫૯ પ્રમાણે

**જ્યારે ઈસા(અ.) આસમાનથી ઉતરશે તો એહલે કિતાબમાંથી કોઈ એવો નહીં હોય કે જે તેમના મૃત્યુ પહેલાં ઈમાન ન લાવે અને ઈસા(અ.) પોતે કયામતના દિવસે તેમના વિરૂધ્ધ ગવાહી આપશે.**

આથી સાબિત થયું કે ઈસા(અ.) આસમાનથી ઊતરશે અને બારમા ઈમામ મહેંદી(અ.) પણ આસમાનથી ઊતરશે. બન્નેનો હેતુ એક જ હશે. હવે આ બન્નેની પાસેથી કયામતના દિવસે અલ્લાહ કેવી રીતે કામ લેશે તે અલ્લાહ જાણે, પરંતુ આપણે કુરાનની આયતોનો સહારો લઈને તેને સમજવાનો પ્રયત્ન કરીએ.

પારા-૨૦, સૂરા-૨૮, આયત-૫ પ્રમાણે

**અલ્લાહની એ ઈચ્છા છે કે જે લોકોને દુનિયામાં કમજોર કરી નાખવામાં આવ્યા**

**છે, તેમના ઉપર ઉપકાર કરવામાં આવે અને તેમને સમગ્ર દુનિયામાં માલિક બનાવવામાં આવે.**

આપણે એવા છીએ કે દરેક જમાનામાં આપણને કમજોર બનાવવામાં આવ્યા છે. બની ઉમય્યા કે બની અબ્બાસનો સમય જુઓ. આપણે સહન કરતા જ આવ્યા છીએ. તો જેવી રીતે બની ઈસરાઈલને ફિરઓનના જુલ્મથી મુક્ત કરવા માટે અલ્લાહે મૂસા(અ.)ને મોકલ્યા તેવી રીતે આપણને ઝિલ્લતથી મુક્ત કરવા અલ્લાહ બારમા ઈમામને મોકલશે. ઈમામ મહેંદી(અ.) અને ઈસા(અ.) બન્ને ઈબ્રાહીમ(અ.)ની ઓલાદમાંથી છે. એટલે તેમને કિતાબ અને હિકમત મળેલી છે અને ઘણું મોટું રાજ્ય મળેલું છે.

હઝરત ઈસા(અ.) મરેલાને જીવતા કરતા હતા. માટીમાંથી પક્ષી બનાવીને તેને ફૂંક મારીને જીવિત કરતા હતા. જન્મથી આંધળાને આંખોની રોશની આપતા હતા. કોઢિયાને સાજો કરતા હતા. આ બધા મોઅજિઝા ઈસા(અ.) પાસે હતા.

દરેક જમાનામાં અલ્લાહ પયગમ્બરોને તેમના જમાનાના ઈલ્મ-જ્ઞાન પ્રમાણે મોઅજિઝા આપે છે. જેમકે મૂસા(અ.)ના જમાનામાં જાદૂના જ્ઞાનમાં બધા નિષ્ણાત હતા તો તેમને જાદૂ જેવો મોઅજિઝો આપ્યો હતો, જેમકે લાઠી તેમના હાથમાં રહે તો લાકડી રહે અને જમીન પર મૂકવામાં આવે તો ભયંકર અજગર બની જાય.

ઈસા(અ.) આખર જમાનામાં આવવાના છે તે સમયે માણસે દરેક ક્ષેત્રમાં પ્રગતિ કરી હશે, જેમકે મેડીકલમાં સફળતા પ્રાપ્ત કરી હશે. આંધળાને આંખોની રોશની આપશે. પક્ષીઓનાં રો'બૉટ (યંત્ર માનવ) બનાવીને આકાશમાં ઉડાડતા હશે. કાઢિયાને સાજો કરતા હશે. પરંતુ તેમને તેવું કરવામાં સમય લાગતો હશે, ઈલાજમાં ઘણા દિવસો લાગતા હશે. જ્યારે ઈસા(અ.) આંખના પલકારામાં આવું જ કરી બતાવશે. તો એ જમાનામાં જે નિષ્ણાતો ફિરઓનના જાદૂગર જેવા હશે તેઓ તેમના પર ઈમાન લઈ આવશે.

ઈસા(અ.) પાસે તૌરત અને ઈન્જીલનું જ્ઞાન અલ્લાહે આપ્યું છે તો તેઓ આવા મોઅજિઝા બતાવે છે. તો આપણા બારમા ઈમામ મહેંદી(અ.) પાસે તો આસમાની કિતાબ તેમજ કુરાનનું ઈલ્મ છે તો ઈસા(અ.) જે મોઅજિઝા બતાવી શકે છે તેવા મોઅજિઝા ઈમામ મહેંદી(અ.) પણ બતાવી શકે છે, જેવી રીતે કે સુલેમાન(અ.)ના જમાનામાં આસિફ બિન બરખીયા હઝરત બિલકીસનું તખ્ત આંખના પલકારામાં લાવી શકે છે. એ તો સુલેમાન(અ.)ના વસી હતા. જો સુલેમાન(અ.) પણ ઈચ્છત તો એ પણ તખ્ત લાવી શકતા હતા.

આપણા મનમાં એક વિચાર આવી શકે કે બારમા ઈમામ આવશે તો ઝુલ્ફિકાર તલવાર લઈને આવશે અને એ જમાનમાં લડાઈનાં આધુનિક શસ્ત્રો જેવાં કે પરમાણું શસ્ત્રો હશે તો આપ કેવી રીતે મુકાબલો કરી શકશે ? એના માટે આપણે હઝરત મૂસા(અ.)નું દૃષ્ટાંત લઈએ કે તેમના જમાનામાં જાદૂના નિષ્ણાતોએ ભેગા થઈને પોત પોતાના જાદૂથી સાપ બનાવ્યા હતા. મૂસા(અ.)એ જ્યારે પોતાની લાઠીને જમીન પર મૂકી તો તે જાદૂગરોના સાપોને અજગર બનીને ગળી ગઈ. એટલે કે જાદૂગરોનો જાદૂ તેમના આગળ ચાલ્યો નહીં.

તેવી જ રીતે ઝુલ્ફિકાર તલવાર છે તે પણ મૂસા(અ.)ના અસા જેવી, મોઅજિઝાવાળી છે કે જેની જોડ નથી તો જ્યાં સુધી મ્યાનમાં હશે ત્યાં સુધી તલવાર હશે અને જેવી તેને જંગ કરવા મ્યાનમાંથી કાઢવામાં આવશે કે તરત જ તે આધુનિક શસ્ત્ર પણ બની શકે છે અને દુશ્મનોનાં શસ્ત્રોને બેકાર બનાવી શકે છે અથવા તો જેવી રીતે

નમરૂદની આગ કે જેનું કામ બાળવાનું જ હોય છે તેમ છતાં જેવા અલ્લાહના પસંદ થયેલા ઈબ્રાહીમ(અ.) તેની નજીક આવ્યા કે તેની તાસીર બદલાઈ ગઈ અને ઈબ્રાહીમ(અ.) માટે ટાઢી થઈને સલામત બની ગઈ. તેવી જ રીતે આધુનિક શસ્ત્રો બારમા ઈમામની હાજરીમાં તેમની તાસીરને બદલી ય નાખે અને સલામતીનું કારણ પણ બની જાય.

ઈસા(અ.) અને બારમા ઈમામ અલ્લાહના પસંદ થયેલા બંદાઓ છે. અને તેમને અલ્લાહે જ એ કામ માટે ચૂંટી કાઢ્યા છે અને તેમને ઈલ્મ આપ્યું છે. બારમા ઈમામને કિતાબનું, તેમજ વિલાયતનું અને ઈલ્મે લદુન્નીનું સંપૂર્ણ જ્ઞાન મળેલું છે. માટે તેઓ મુસાફરીનાં સાધનો જેવાં કે વિમાન, ટ્રેન, ગાડી કે હેલિકોપ્ટર વગેરેના મોહતાજ નથી. જ્યાં જવાની તેમની ઈચ્છા હશે ત્યાં આંખના પલકારામાં પહોંચી જશે અને દરેક પ્રકારની દુશ્મનોની ચાલબાજીઓથી તથા તેમના શસ્ત્રોથી વાકેફ થઈ જશે. તેમને કેવી રીતે નિષ્ક્રિય કરી શકાય તે જોતાંની સાથે જ સમજી જશે અને દુશ્મનોની ચાલ અને શસ્ત્રોને નિષ્ક્રિય કરી નાખશે. તેમના જમાનામાં લોકો તેમના જ્ઞાન અને કાર્યોથી પ્રભાવિત થશે અને તેમને અનુસરવા તત્પર રહેશે અને એવી રીતે સમગ્ર દુનિયામાં તેમનું રાજ્ય સ્થપાઈ જશે અને તેમના ચાહવાવાળાની ઝિલ્લત દૂર થશે અને તેમને ઈજ્જતની નજરે જોવામાં આવશે. દરેક જગ્યાએ અમન અને શાંતિ સ્થપાશે અને જ્યાં સુધી અલ્લાહની મરજી હશે ત્યાં સુધી તેમનું રાજ રહેશે.*

**ઈસ્લામી કવીઝ નં. ૨૧૦ના જવાબો**

(૧) ઈમ્સાક (૨) કારી (૩) તજવીદના નિયમો (૪) ફકીહ (૫) મુફ્તિ (૬) તફસીર (૭) અલ્લામા ઈકબાલને (૮) હયાત


*બિસ્મિલ્લાહિર રહમાનિર રહીમ*




# અલ - ઈમાન ટૂર

# AL- EMAN TOUR

**(હજ, ઉમ્રહ, ઝિયારત)** **Haj-Umrah-Ziyarat Organiser**

**અસ્સલામુન અલયકુમ !**

**અલ્લાહના ફઝલો કરમથી, મોહંમદ વ આલે મોહંમદ અને પીરો મુરશિદની ભલી દુઆઓથી છેલ્લા દસ વર્ષથી હજ, ઉમ્રહ અને ઝિયારતના અનુભવ સાથે અલ-ઈમાન ટૂરનું આયોજન કરેલ છે. આ વર્ષે અલ-ઈમાન તરફથી ઝિયારતની ટૂરનું આયોજન ઈન્શાઅલ્લાહ મોહર્રમ માસમાં કરેલ છે. રસ ધરાવનાર મોમિન ભાઈ-બહેનોએ નીચેના નંબર્સ પર સંપર્ક કરવા વિનંતી.**

**મો.મોહંમદહુસૈન વલીભાઈ ભુરા (ઉસ્તાદ - ઈલોલ તલાવ)**

મો.૯૮૭૯૫૫૮૬૭૦, ૯૪૨૯૭૫૬૧૪૩, (રહેઠાણ) ૦૨૭૭૨ ૨૨૭૫૫૩

# ગ ડ મ થ લ ૨૨૯

:::: સંપાદક::::
મો.મોલ્વી કમ્બરઅલી એસ.
દાવડા (કાટવાડ)

| | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|
| ૧ | | | ■ | ૨ | ■ | ૩ | | | ૪ |
| | ■ | ■ | ૫ | | | ■ | ■ | ■ | |
| | ■ | ૬ | ■ | | ■ | ■ | ૭ | ૮ | |
| ■ | ■ | ૯ | | ■ | ૧૦ | | ■ | | ■ |
| ૧૧ | | | ■ | ૧૨ | | ■ | ૧૩ | | ૧૪ |
| | ■ | ૧૫ | | ■ | ૧૬ | ■ | | ■ | |
| ૧૭ | | | ■ | ૧૮ | | | | ■ | ■ |
| ■ | ■ | ■ | ૧૯ | | | ■ | | ■ | ૨૦ |
| ૨૧ | ■ | ૨૨ | | | ■ | ■ | ■ | ૨૩ | |
| ૨૪ | | | ■ | | ■ | ■ | ૨૫ | | |

## :::: આડી ચાવીઓ ::::

(૧) સિંહ, શેર (૩)
(૩) **'સાદિક'**નું બહુવચન (૪)
(૫) દુઆ માગનારની પાછળ સાંભળનારા દરેક વાક્યે ............ કહેતા હોય છે. (૩)
(૭) વાદળ, વ્યોમ (૩)
(૯) હરોળ, નમાઝ માટેની લાઈન (૨)
(૧૦) આંસુ (૨)
(૧૧) શરીર, કાયા (૩)
(૧૨) હિન્દીમાં કારકૂન માટે વપરાતો શબ્દ (૨)
(૧૩) દુઃખ, ધ્વજ (૩)
(૧૫) હઝરત ઝકરીયા પયગમ્બર(અ.)ના પુત્રનું નામ (૨)
(૧૭) સંતોષ, શાંત્વના (૩)
(૧૮) ચમત્કાર (૪)
(૧૯) ઝુંટવી લેવું તે (૩)
(૨૨) ચિનગારી, અગ્નિકણ (૩)
(૨૩) ઉત્તરાધિકારી, જાનશીન (૨)
(૨૪) જનાબે યૂસુફ પયગમ્બર(અ.)ના પિતા (૩)
(૨૫) ઈસ્લામી એક મહિનો (૩)

## :::: ઊભી ચાવીઓ ::::

(૧) શિષ્ટાચાર, સન્માન (૩)
(૨) અમાનત સાચવનાર વ્યક્તિ (૩)
(૪) કૉપી, અસલનું વિરોધી (૩)
(૬) નબી(સ.)ના બે નવાસાઓનું સંયુક્ત નામ (૫)
(૮) હસ્તક્ષેપ, વિક્ષેપ (૩)
(૧૦) **'માટીના બાપ'**, હઝરત અલી(અ.)નું એક ઉપનામ (૫)
(૧૧) નસીબ, **'બદબખત'**માં એ શબ્દ છે. (૩)
(૧૩) અત્યાર સુધી (૪)
(૧૪) પાણી ભરવા માટેની ચામડાની થેલી (૨)
(૧૮) વિપુલતા, પ્રચુરતા (૪)
(૧૯) **'અગર'**નું લઘુ સ્વરૂપ, 'જો'ના અર્થમાં વપરાતો ઉર્દૂ શબ્દ (૨)
(૨૦) નબી સાહેબનું કુરાનમાં આવેલ એક નામ (૩)
(૨૧) પડછાયો (૨)
(૨૨) રાત, મૃતદેહ (૨)
(૨૩) મહામારી, એક સાથે ઘણા માણસો મૃત્યુ પામે તેવો રોગચાળો (૨)

## ગડમથલ નં.૨૨૮નો ઉકેલ

| | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|
| ૧ મા | હે | ૨ સિ | ૩ યા | ૪ મ | ■ | ૫ સ | ૬ ખા | ૭ વ | ૮ ત |
| લિ | ■ | ૯ પ | ર | ચ | ૧૦ મ | ■ | ૧૧ લિ | સા | ન |
| ૧૨ ક | ૧૩ દ | ર | ■ | ૧૪ ક | દ | ■ | ૧૫ સ | ઈ | ■ |
| ■ | ર | ■ | ૧૬A યા | ■ | દ | ૧૬ ર | ■ | ૧૭ લ | ૧૮ બ |
| ૧૯ ઝ | કા | ત | ■ | ૨૦ દ | ગા | બા | ૨૧ ઝ | ■ | ર |
| ચ | ર | ■ | ૨૨ કૌ | સ | ર | ■ | ખ | ■ | હ |
| તુ | ■ | ૨૩ ફુ | મ | ■ | ■ | ■ | ૨૪ મ | ૨૫ લ | ક |
| ૨૬ ન | કી | ર | ■ | ૨૭ ક | સ | ૨૮ મ | ■ | ત | ■ |
| ■ | ■ | આ | ૨૯ દ | મ | ■ | ૩૦ ર | સ્મ | ■ | ૩૧ રો |
| ૩૨ હ | સ | ન | ■ | ૩૩ ર | સી | દ | ■ | ૩૪ ક | ઝા |

# અલ્લાહની રસ્સી

લેખન : જનાબ સૈયદ નદીમએહમદ ડી. જાફરી (અમદાવાદ)

<u>બિસ્મિલ્લાહિર રહમાનિર રહીમ</u>

*તમે કદી એવું અવલોકન કર્યું છે ખરું કે આપણી રોજિંદી જરૂરિયાતોને સંતોષે છે તેવી **વિવિધ પ્રોડક્ટ્સ તેના ઉદ્ભવસ્થાન** - ફેક્ટરીમાંથી આપણા સુધી **કેવી રીતે** આવે છે ?*

*વસ્તુઓનો ઉત્પાદક એક **ડિસ્ટ્રિબ્યૂટર** (વિતરક)ની નિમણૂંક કરે છે જે વારા પ્રમાણે **ઉત્પાદિત વસ્તુઓને જુદા જુદા રિટેલર્સ તરફ** આગળ ધપાવે છે અને આ **રિટેઈલ પોઈન્ટ્સ** પાસેથી આ બધી ચીજ વસ્તુઓ કે જેમની નિયમિત ધોરણે આપણને જરૂર હોય તેમને આપણે સહેલાઈથી મેળવીએ છીએ. મેનેજમેન્ટની પરિભાષામાં તેને **સપ્લાય ચેઈન** અથવા તો **વેલ્યુ ચેઈન** કહેવાય છે.*

*આથી આપણે એવું કહી શકીએ કે આ પ્રોડક્ટ્સ આપણે પ્રાપ્ત કરીએ એ પહેલાં વિવિધ વ્યક્તિઓના હાથોમાંથી પસાર થાય છે કે <u>જેમને ખરેખર તો મેન્યુફેક્ચરરે જ નિયુક્ત કરેલા હોય છે.</u>*

*ફરીથી જોઈએ તો કોઈ પણ સંગઠનમાં હાથ નીચે કામ કરનાર કર્મચારીની બઢતીની સમીક્ષા **નિકટના સીનિઅર દ્વારા** કરવામાં આવે છે. સીનિઅર પોતાના વિચારો તેના સીનિઅરને સહમતી માટે આગળ મોકલે છે અને <u>**આ સાંકળ છેક અંતિમ સત્તાધિશ સુધી**</u> પહોંચે છે. જે ક્રમાનુસાર **બઢતીને મંજૂર કરે છે.***

→ *આ બધી વેલ્યુ ચેઈન્સ હોય છે કે **જે ગ્રાહકને મૂળ વ્યક્તિ** અથવા તો **અંતિમ સત્તાધિશથી ઉતરતા દરજ્જાવાળી વ્યક્તિ સાથે જોડે છે.** વેપારી દુનિયામાં વેલ્યુ ચેઈન અદ્ભૂતતાપૂર્વક કાર્ય કરે છે. **તેથી ચાલો આપણે એને શોધી કાઢવાનો પ્રયત્ન કરીએ કે એવી કઈ વેલ્યુ ચેઈન છે કે જે ઈસ્લામી દુનિયામાં અદ્ભૂતતાપૂર્વક કાર્ય કરે છે ?***

ચાલો આપણે થોડીક આયતોથી શરૂ કરીએ કે જે <u>**મૌલિક પ્રણેતા-અલ્લાહ**</u> વિષે વાત કરે છે :

- 'અય (રસૂલ(સ.) !) અને જો **મારો (કોઈ) બંદો તને મારા વિષે પૂછે (કે હું ક્યાં છું ?) તો (કહે કે) ખચીત જ હું (તેની) પાસે જ છું, આજીજીથી પોકારનારાઓ (દુઆ માગનારાઓ) જ્યારે પણ મને પોકારે છે ત્યારે હું (તરત જ) તેમને જવાબ આપું છું** માટે તે લોકોને જોઈએ કે (તેઓ પણ) **મારી આજ્ઞાઓ માને તથા મારા પર ઈમાન લાવે** કે જેથી તેઓ સન્માર્ગને પામે.'

(સૂરએ બકર, આયત-૧૮૬)

ઉપરની આયત જણાવે છે કે અલ્લાહ હંમેશાં આપણી સાથે જ છે અને જ્યારે આપણે તેને પોકારીએ છીએ ત્યારે તે આપણી દુઆઓનો જવાબ આપે છે. તે એવું વચન આપે છે કે જો આપણે તેના મોમિન બંદા તરીકે રહીશું તો આપણે **હંમેશાં સાચા રસ્તા પર** હોઈશું.

પછી તે નીચેની બે આયતોમાં આગળ ફરમાવે છે :

- 'અને જે કાંઈ આકાશોમાં છે તથા જે કંઈ જમીનમાં છે તે અલ્લાહનું છે : અને કાર્યસાધકતા માટે અલ્લાહ પૂરતો છે.'

(સૂરએ નિસા, આયત-૧૩૨)

દરેક વસ્તુ તેની માલિકીની છે. તે બધાયનો માલિક છે અને **તે આપણા બધા માટે પૂરતો**

**હિમાયતી છે.**

- 'અને **દોસ્તી માટે બસ અલ્લાહ કાફી** છે, અને **હિમાયતના માટે પણ અલ્લાહ કાફી** છે.' (સૂરએ નિસા, આયત-૪૫)

આમ આપણે કહી શકીએ છીએ કે **તે હિમાયતી છે, તે રક્ષક છે અને તે મદદગાર છે, તેના સિવાય બીજો કોઈ નથી અને આપણે જે કંઈ જોઈતું હોય તેની માગણી તેની પાસે જ કરવી જોઈએ.**

ત્યાર પછી તે આ શબ્દોમાં પવિત્ર પયગમ્બર(સ.)ની રિસાલતને સમર્થન આપે છે :

- 'અને (અય રસૂલ !) અમોએ તને તમામ **લોકો માટે સંદેશો પહોંચાડનાર (પયગમ્બર) બનાવીને મોકલ્યો છે;** અને <u>**અલ્લાહ સાક્ષી માટે પૂરતો છે.**</u>' (સૂરએ નિસા, આયત-૭૯)

એ અલ્લાહ(સુ.વ.ત.) છે કે જેણે પવિત્ર પયગમ્બર(સ.)ને આ દુનિયામાં તેના પસંદ કરેલા પયગમ્બર તરીકે મોકલ્યા છે અને વધુમાં તે ફરમાવે છે કે **તે આના માટે સાક્ષી તરીકે પૂરતો છે** અને <u>તેને આ બાબતમાં બીજી કોઈ સાક્ષીની જરૂર નથી.</u>

તે હર હંમેશ આપણા ઉપર પોતાની રહેમત વરસાવવા માટે તૈયાર છે અને તેથી જ તો ફરમાવે છે :

- 'અને અલ્લાહથી ક્ષમા માગ્યા કરો; બેશક અલ્લાહ મોટો માફ કરનાર (અને) મહા દયાવાન છે.' (સૂરએ મુઝઝમ્મીલ, આયત-૨૦)

→ આપણે જે વિવિધ આયતો જોઈ તેના ઉપરથી તો આપણે એવું અનુમાન કરી શકીએ છીએ કે અલ્લાહ(સુ.વ.ત.) હર હંમેશ આપણી સાથે જ છે. જો આપણે તેના તરફના આપણા ઈમાનમાં અડગ રહીએ, આપણી બાબતો તેની સમક્ષ લઈ જઈએ અને માત્ર તેની પાસે જ મદદ માગીએ તો તે આપણી દુઆઓને સાંભળે છે અને આપણને સન્માર્ગની હિદાયત કરે છે. જો આપણે તેની આગળ માફી માગીએ તો તે આપણા ખરાબ વ્યવહારને અને ગુનાહોને માફ કરી દે છે **કેમકે તે જ એક માત્ર આપણો ખાલિક, મૌલિક પ્રણેતા અને સર્વસ્વ છે.**

તેથી જો તે આપણો એક માત્ર ખાલિક અને સઘળી વસ્તુઓનો મૌલિક પ્રણેતા અને હર હંમેશ આપણને માફ કરવા તૈયાર જ હોય તો પછી **બધે ઠેકાણે આપણને સમસ્યાઓ શા માટે જોવા મળે છે ? તે આપણ બધાયને માફ કેમ કરી દેતો નથી ?** જો આપણે તેની માફી અને રહેમત માગવી હોય તો તેના માટેનો **કોઈ નિયમ તેણે બનાવ્યો છે ખરો કે જેને આપણે અનુસરવો પડે ?** ચાલો આપણે નીચેની આયત જોઈએ અને તેના ઉપર મનન કરીએ :

- 'અને જો આ **લોકો** એ જ વખતે કે જ્યારે તેમણે **પોતાના ઉપર જુલમ કર્યો** હતો ત્યારે **તારી પાસે આવી જાત અને અલ્લાહથી માફી માગત** અને **રસૂલ પણ તેમના માટે ક્ષમા માગત તો તેઓ** ખચીત જ **અલ્લાહને મોટો તૌબા કબૂલ કરનાર (અને) દયાળુ પામત.'** (સૂરએ નિસા, આયત-૬૪)

**જો લોકો પવિત્ર પયગમ્બર(સ.)ની પાસે આવે અને અલ્લાહ(સુ.વ.ત.)થી માફી માગે તો** તેઓ અલ્લાહ(સુ.વ.ત.)ને સૌથી વધારે દયાળુ અને સદાય માફ કરનારા તરીકે જોશે. પરંતુ આ પૂરતું સાચું નથી કેમકે આયત વધુમાં કહે છે કે અલ્લાહ (સુ.વ.ત.) માત્ર એવા લોકોને માફ કરશે કે જેમના માટે તેમની દુઆઓ હોવા ઉપરાંત **પવિત્ર પયગમ્બર(સ.) પણ દુઆ કરે છે.** <u>**આમ, રસૂલ(સ.) અલ્લાહની રહેમત માટે નિયુક્ત થયેલ સત્તાધારી છે.**</u>

અને તેથી જ તો અલ્લાહ(સુ.વ.ત.)એ નીચેની આયતમાં પવિત્ર પયગમ્બર(સ.) વિષે

ફરમાવ્યું છે :

- 'અને (અય રસૂલ(સ.) !) અમોએ તને **સઘળી દુનિયાવાળાઓ માટે રહેમત બનાવીને મોકલ્યો છે.'**

(સૂરએ અંબિયા, આયત-૧૦૭)

**<u>આમ અલ્લાહ(સુ.વ.ત.) રહેમતનું</u>** <u>ઉદ્‌ભવસ્થાન છે</u> અને <u>પવિત્ર પયગમ્બર (સ.)ને એ હેતુ માટે નિયુક્ત કરેલા છે. તેથી પવિત્ર પયગમ્બર(સ.) પાસેથી રહેમતની માગણી કરવી તે અલ્લાહની પોતાની પાસેથી રહેમત માગવા બરાબર છે.</u>

**સૂરએ નિસા, આયત-૪૫માં અલ્લાહ (સુ.વ.ત.)**એ ફરમાવ્યું છે કે **અલ્લાહ હિમાયતી અને મદદગાર તરીકે પૂરતો છે** જ્યારે નીચેની આયતમાં તે ફરમાવે છે :

- '(અય રસૂલ(સ.) !) **કહે કે જો તમે અલ્લાહને મિત્ર ગણતા હો તો મારા પગલે ચાલો** કે જેથી **અલ્લાહ તમને મિત્ર રાખે** અને તમારા ગુના માફ કરે અને અલ્લાહ મહાન માફ કરનાર (અને) દયા કરનાર છે.'

(સૂરએ આલે ઈમરાન, આયત-૩૧)

આ રીતે તેણે સ્પષ્ટ આજ્ઞાઓ આપી છે કે જો કોઈ માણસ એવું ઈચ્છતો હોય કે **અલ્લાહ (સુ.વ.ત.) તેને ચાહે છે અને તેનો હિમાયતી બને છે તો તેણે રસૂલિલ્લાહ(સ.)નું અનુસરણ કરવું જરૂરી છે.** આના વગર અલ્લાહ(સુ.વ.ત.) કદાચ કોઈને પણ નહીં ચાહે અને તે કોઈનો હિમાયતી પણ નહીં બને.

**અલ્લાહ(સુ.વ.ત.) આપણા બધાયનો પૂરતો હિમાયતી છે** કેમકે તેણે **સૂરએ નિસા, આયત-૧૩૨માં** આવું ફરમાવ્યું છે. પરંતુ ફરીથી સૂરએ માએદાની નીચેની બે આયતોમાં તે ફરમાવે છે :

- '(હે ઈમાનદારો !) તમારો **માલિક અને રક્ષક અલ્લાહ** અને તેના **રસૂલ** સિવાય કોઈ નથી અને તે **લોકો પણ** કે જેઓ ઈમાન લાવ્યા છે અને જેઓ નમાઝ કાયમ કરે છે **<u>તથા રૂકૂઅની સ્થિતિમાં ઝકાત આપે છે.'</u>**

(સૂરએ માએદા, આયત-૫૫)

- 'અને જે અલ્લાહ તથા તેના રસૂલને તથા **મોમિનોને મિત્ર બનાવશે (તે અલ્લાહ-વાળાઓના ટોળામાં દાખલ છે)** અને ખરે જ **અલ્લાહના પક્ષવાળા જ હંમેશાં વિજયી રહેશે.'** (સૂરએ માએદા, આયત-૫૬)

અહીં રૂકૂઅની હાલતમાં ઝકાત આપવાના ખાસ પ્રસંગનો ઉલ્લેખ કરીને અલ્લાહ (સુ.વ.ત.)એ નિર્દેષ કર્યો છે કે અલ્લાહના પોતાના અને રસૂલિલ્લાહ(સ.)ના **સિવાય આપણા માટે એક બીજો પેશવા અને હિમાયતી છે** અને જો આપણે **અલ્લાહના વિજયી લશ્કરમાં** રહેવું હોય તો આપણે **તેની હિમાયતમાં** રહેવું જરૂરી છે. તેમને પોતાના હિમાયતી તરીકે માન્યા વગર **<u>આપણે અલ્લાહના પક્ષકાર થઈ શકતા નથી.</u>**

એ મૌલા અલી(અ.) હતા કે **જેમણે પોતાની વીંટી રૂકૂઅમાં ઝુકતી વખતે સાઈલને આપી હતી** જેનો ઉપરની આયતો ઉલ્લેખ કરે છે.

(સંદર્ભ : ઈમામ નસાઈ, સહીહ નસાઈમાં, અલ જમાની બયનુલ સહીહુલ સિત્તાહ, સ'લાબી)

**<u>અલ્લાહ અંતિમ હિમાયતી છે</u>** અને **<u>તેણે મૌલા અલી(અ.)ને પોતાની હિમાયત માટે નિયુક્ત કર્યા છે.</u>** આમ મૌલા અલી(અ.)ની આપણા બધાયના રક્ષક તરીકે નિમણૂક કરવામાં આવી છે. **<u>આથી મૌલા અલી(અ.) પાસેથી મદદ માગવી તે અલ્લાહના પોતાના પાસે મદદ માગવા બરોબર છે.</u>**

**સૂરએ નિસા, આયત-૭૯** અનુસાર અલ્લાહ (સુ.વ.ત.)એ સમર્થન આપ્યું છે કે **તે પોતે**

**જ રસૂલિલ્લાહ(સ.)ની રિસાલત માટે સાક્ષી તરીકે** પૂરતો છે પરંતુ ફરીથી તે નીચેની આયતમાં ફરમાવે છે :

● 'અને જે (કાફર) લોકો ઈમાન નથી લાવ્યા તેઓ કહે છે કે તું કોઈના તરફથી મોકલવામાં આવેલો નથી (પણ) તું કહે કે **મારી અને તમારી વચ્ચે સાક્ષી આપનાર** (એક તો) અલ્લાહ પૂરતો છે અને **(બીજો) તે છે કે જેની પાસે કિતાબ (કુરઆન)નું સંપૂર્ણ જ્ઞાન છે.'**

(સૂરએ રઅદ, આયત-૪૩)

**અલ્લાહ(સુ.વ.ત.) રસૂલિલ્લાહ (સ.)ની રિસાલતનો આખરી ગવાહ છે** અને **તેણે આપણા બધા માટે એક વધુ ગવાહની નિમણુંક કરી છે.**

પસંદ કરેલ ગવાહ કે જેમનો સંદર્ભ ઉપરોક્ત આયતે કર્યો છે તે મૌલા અલી(અ.) છે. **આપ એ જ હતા કે જેમની પાસે પવિત્ર કિતાબનું જ્ઞાન હતું.**

(સંદર્ભ : તફસીરે સુયુતિ, ભાગ-૪, પેજ-૬૯, એહતેયાઝે તબ્રેસી, તફસીરે ઐયાશી)

→ આમ રસૂલિલ્લાહ(સ.)ની રિસાલતની મહાનતાને સમજવાના હેતુથી આપણે **અલ્લાહ દ્વારા યોગ્ય રીતે પસંદ થયેલા મૌલા અલી (અ.)ના જીવન તરફ દૃષ્ટિપાત કરવાની જરૂર છે.** તેમણે જે કંઈ કહ્યું છે અને જે કંઈ કર્યું છે તે અલ્લાહ (સુ.વ.ત.) અને રસૂલે ખુદા(સ.)ની ઈચ્છા મુજબનું છે. **અને એટલા માટે જ તો તેઓ પસંદ થયેલા હિમાયતી અને ઉમ્મતના પેશવા છે.**

અત્યાર સુધી તો આપણે અલ્લાહ (સુ.વ.ત.)ની **આપણા ઉપરની કૃપા અને રહેમત** વરસાવવાની **અલ્લાહની પધ્ધતિઓ** શું છે તે જોયું છે. ચાલો હવે આપણે **તેના સુધી પહોંચવાની અને તેની મહેરબાની માટે પાત્ર બનવાની આપણી રીત શું હોવી જોઈએ** તે જોઈએ.

આ સંબંધે ચાલો આપણે થોડીક આયતો જોઈએ કે જે આપણને તાર્કિક અનુમાન સુધી લઈ જાય. પહેલાં તો આપણે સૂરએ સબાની આયત જોઈએ.

● '(અય રસૂલ !) તું કહે કે **(તબ્લીગે રિસાલતનો) જે બદલો મેં માગ્યો છે તેનો ફાયદો તો તમારા માટે જ છે;** મારી મજૂરી તો અલ્લાહના માથે છે અને તે દરેક વસ્તુનો સાક્ષી છે.'

(સૂરએ સબા, આયત-૪૭)

એ તો આપણા વ્હાલા રસૂલ(સ.)ની સખત મહેનત અને મક્કમતા હતી કે જે આપણને ગુમરાહીના અંધકારમાંથી હિદાયતના પ્રકાશ સુધી લાવીને મૂકી દીધા. તેમ છતાં ઉપરની આયતમાં અલ્લાહ (સુ.વ.ત.)એ રસૂલિલ્લાહ(સ.)ને આપણને આ બાબતની માહિતી આપવાનું કહ્યું છે કે **આપ આપણી પાસેથી રિસાલતનો કોઈ બદલો માગતા નથી. એ તો અલ્લાહ (સુ.વ.ત.) જ હશે કે જે તેમને એવો બદલો આપશે કે જે બદલો માગવાનો હક** હોવો જોઈએ. એનો અર્થ એ કે આપ જે કંઈ માગી રહ્યા છે તે આપણી પોતાની ભલાઈ માટે જ છે. **તેમણે આપણને જે કંઈ કહ્યું છે તેનું જો આપણે અનુસરણ કરીશું તો આપણને તેનો બદલો આપવામાં આવશે.**

નીચેની આયતમાં અલ્લાહ(સુ.વ.ત.)એ વધારે સ્પષ્ટતા કરી છે :

● '(હે રસૂલ(સ.) !) તું કહે કે હું તો **તમારી પાસે તે (સંદેશો પહોંચાડવા)નું કાંઈ મહેનતાણું માગતો નથી,** સિવાય એ કે જે ચાહે તે પોતાના પરવરદિગાર તરફનો માર્ગ ધારણ કરે.' (સૂરએ ફુર્કાન, આયત-૫૭)

જો આપણે સીધો માર્ગ પકડીશું કે જે તેને

(અલ્લાહને) જઈને મળે છે તો આપણને અલ્લાહ દ્વારા યોગ્ય બદલો આપવામાં આવશે. આપણે તો એને જોઈ શકતા નથી તો પછી આપણે તેના સુધી કેવી રીતે પહોંચી શકીએ ?

નીચેની આયતે આપણને તેના તરફ જવાનો રસ્તો બતાવ્યો છે :

● '(હે રસૂલ !) કહે કે હું તો આ (રિસાલતના પ્રચાર) માટે તમારી પાસે કાંઈ મહેનતાણું માગતો નથી કિન્તુ (માગું છું) <u>મારા નિકટના સગા વહાલાઓનો પ્રેમ.'</u> (સૂરએ શુરા, આયત-૨૩)

**રસૂલ(સ.)ની એહલેબયત સાથેનો પ્રેમ જ સીધો માર્ગ (સિરાતે મુસ્તકીમ) છે કે જે (છેક) અલ્લાહ (સુ.વ.ત.) સુધી પહોંચે છે.** ઉપર ઉલ્લેખ કરવામાં આવેલ ત્રણ આયતો ઉપર મનન કરીને આપણે એવું અનુમાન કરી શકીએ કે તેમના પ્રત્યેના પ્રેમમાં **અલ્લાહ(સુ.વ.ત.)નો મહાન બદલો છુપાયેલો છે.** તેથી જો આપણે અલ્લાહની **રહેમત માફી અને કૃપા દ્વારા બદલો મેળવવાની ઈચ્છા હોય તો આપણે તેમની સાથે પ્રેમ કરવાની જરૂર ઊભી થશે જ.**

રસૂલિલ્લાહ(સ.)ના મત અનુસાર તેમના નિકટના સંબંધીઓ કે જેમનો ઉલ્લેખ ઉપરની આયતમાં થયેલ છે. તે છે : <u>**અલી(અ.), ફાતેમા(અ.), તેમનાં સંતાનો હસન(અ.) અને હુસૈન(અ.) છે.**</u> (સંદર્ભ : તફસીરે કિશાફ, અલ્લામા ઝમખશરી, ભાગ-૩, પેજ-૬૭)

સ'લાબી, ઝમખશરી, સુયુતિ અને બૈઝવી જેવા પ્રખ્યાત ઈસ્લામી સંશોધકોએ નોંધ કરી છે કે ઉપરની આયત મુસ્લિમ જગત ઉપર **મૌલા અલી(અ.)ના પરિવારજનોના પ્રેમને વાજિબ બનાવવા** માટે નાઝિલ કરવામાં આવી હતી. ઈબ્ને અબ્બાસ તરફથી આવી જ હદીસની નોંધ બુખારીમાં, મુસ્લિમમાં, એહમદ ઈબ્ને હમ્બલે અને અન્ય લાકોએ કરેલી છે.

આમ અલ્લાહ (સુ.વ.ત.) સીધા માર્ગ વિષે નીચેની આયતમાં આવું ફરમાવે છે :

● 'અને (અય રસૂલ !) **આ છે તારા પરવરદિગારનો માર્ગ કે જે સીધો જ છે;** ખરે જ **બોધ ગ્રહણ કરનારાઓ માટે અમોએ નિશાનીઓ સ્પષ્ટ કરીને વર્ણવી દીધી છે તેમના પરવરદિગાર પાસે તેમના માટે સલામતીનું ધામ છે, અને તેઓ (નેક) કાર્યો કરતા હતા તે કારણે તે જ તેમનો હિમાયતી બનશે.'**

(સૂરએ અન્આમ, આયત-૧૨૬ થી ૧૨૭)

ઉપરની આયત આપણા અનુમાનને સમર્થન આપે છે કે જો આપણે સીધા માર્ગ પર અડગ રહીશું તો આપણને તેનો બદલો મળશે અને અલ્લાહને આપણા હિમાયતી અને રક્ષણહાર તરીકે જોઈશું. આ રીતે આપણને સીધા માર્ગ પર રહેવાનું સન્માન પ્રાપ્ત થશે. **અને આપણે આ રીતે રસૂલિલ્લાહ (સ.)ની એહલેબયતને ચાહીને (આ માર્ગ પર) રહી શકીશું.**

અને તેમનો પ્રેમ જ અલ્લાહ તરફનો સીધો માર્ગ હોવાને કારણે તે ફરમાવે છે કે :

● 'અય ઈમાનદારો ! ખુદાથી ડરો કે જેટલો તેનાથી ડરવાનો હક છે અને તમે (દીને) ઈસ્લામના સિવાય બીજા દીન પર કદી મરતા નહીં અને તમે બધા મળીને ખુદાની રસ્સીને મજબૂતીપૂર્વક પકડી રાખો.' (સૂરએ આલે ઈમરાન, આયત-૧૦૨)

અહીં અલ્લાહ (સુ.વ.ત.)એ આપણને **મોમિન બની રહેવાની અને ઈસ્લામ સિવાય બીજી કોઈ હાલતમાં મૃત્યુ ન પામવાની** આજ્ઞા ફરમાવી છે. પરંતુ કોને ખાત્રી છે ? અઝાઝીલ-શેતાન આપણા ઉપર તરાપ મારવા માટે હંમેશાં તાકીને બેઠો છે. આપણે તેનાથી આપણી જાતને કેવી રીતે બચાવી શકીએ ? આ બાબતમાં અલ્લાહ (સુ.વ.ત.)એ આપણને આજ્ઞા ફરમાવી છે કે <u>તમે</u>

**તેની રસ્સીને ચુસ્તરીતે પકડી રાખો** કે જે આપણને એવી ખાત્રી આપશે કે **આપણે સીધા માર્ગ ઉપર બરકરાર છીએ.**

સ'લાબી, ઈબ્ને હજર અને અન્ય લોકોએ એવી નોંધ કરી છે કે ઈમામ જાફર સાદિક(અ.)એ એવો ઉલ્લેખ કર્યો છે કે **અલ્લાહની રસ્સી અમે -એહલેબયતે રસૂલ(સ.) છીએ.**

(સંદર્ભ : ઈમામ સ'લાબી, તફસીરે કબીર, સવાએકે મોહર્રકા, પ્રકરણ-૧૧, ભાગ-૧, ઈમામ અબુ બક્ર - રિશ્ફતુસ્સાદી)

તેથી જો આપણે હંમેશ માટે મોમિન બની રહેવું હોય અને સફળ બનવું હોય તો આપણે તેમને પકડી રાખવાની જરૂર છે કેમકે તેઓ અલ્લાહની રસ્સી છે અને અહીં મને આ સંદર્ભમાં સુંદર પંક્તિઓનો ઉલ્લેખ કરવાનું ગમશે : (ભાવાર્થ)

**લી ખૂમ સતુન ઉત્ફી બેહા.**

**હર અલ વબા અલ હાતેમા,**

**અલ મુસ્તફા(સ.) વલ મુર્તઝા(અ.)**

**વબ્ના હોમા વલ ફાતેમા(સ.અ.).**

**('મારા માટે તો પંજેતન પાક(અ.) (કાફી) છે કે જેમની મદદથી હું કાયમી આફત (એવી જહન્નમ)ની આગને ઓલવી નાખું છું (અને તે પંજેતન પાક(અ.) છે) : હઝરત મોહંમદ મુસ્તફા(સ.), હઝરત અલી મુર્તઝા(અ.), તેમના બે ફરઝંદો હસનો હુસૈન(અ.) અને જનાબે ફાતેમા (સ.અ.)'.)**

અહીંયાં મને દુઆએ કુમૈલના અમુક ભાગનો ઉલ્લેખ કરવા દો અને આપણા બધાય માટે દુઆ માગવા દો - 'યા અલ્લાહ ! તારા સૌથી સારા બંદાઓ કે જેમનું સ્થાન તારાથી સૌથી નજીક છે, તેમના વાસ્તાથી મને તારી હુઝૂરમાં સ્થાન આપજે કેમકે ખરેખર તો તારી મહેરબાની મેળવ્યા વગર કોઈ મરતબો પ્રાપ્ત થઈ શકતો નથી, આમીન.'*

## General Knowledge Corner 120

**(૧) આંધ્રપ્રદેશનું 'રાજ્ય પ્રાણી' કયું છે ?**

(A) કાળિયાર (B) વાઘ
(C) નીલગાય (D) આખલો

**(૨) ભારત દેશમાં પીન કોડ પધ્ધતિ કયા વર્ષથી અમલી બની છે ?**

(A) ઈ.સ.૧૯૬૮થી (B) ઈ.સ.૧૯૭૦થી
(C) ઈ.સ.૧૯૭૨થી (D) ઈ.સ.૧૯૭૪થી

**(૩) ભારત દેશમાં 'આર્મી-ડે' કયા દિવસે ઉજવવામાં આવે છે ?**

(A) ૧૫-મે (B) ૨૬-જાન્યુઆરી
(C) ૧૫-જાન્યુઆરી (D) ૨૬-મે

**(૪) 'સ્કર્વી' નામનો રોગ કયા વિટામીનની ઊણપથી થાય છે ?**

(A) વિટામીન ડી (B) વિટામીન સી
(C) વિટામીન બી (D) વિટામીન એ

**(૫) 'મેસોપોટેમિયા'એ હાલના કયા દેશનું જૂનું નામ છે ?**

(A) ઈરાન (B) ઈરાક
(C) ઈજિપ્ત (D) ફ્રાન્સ

**(૬) વસ્તીની દષ્ટિએ સૌથી મોટું રાજ્ય કયું છે?**

(A) ઉત્તર પ્રદેશ (B) મધ્ય પ્રદેશ
(C) રાજસ્થાન (D) મહારાષ્ટ્ર

**(૭) નીચેનામાંથી 'એમોનિયા' વાયુ શામાં રહેલો હોય છે ?**

(A) ડુંગળીમાં (B) શક્કરિયામાં
(C) બટાકામાં (D) સૂરણમાં

**(૮) જીવાણુઓમાંથી (બેક્ટેરિયામાંથી) બનાવેલી રસી કઈ છે ?**

(A) પ્લેગ (B) રૂબેલા
(C) હડકવા (D) પોલિયો

# Rope of Allah

-----------------------------------------------------------------------------------------------------------------------------------

**Written by : Janab Nadeemahmad D. Jafri (Ahmedabad)**

-----------------------------------------------------------------------------------------------------------------------------------

*Have you ever observed **how various products** that serve **our daily needs** come to us from the factory - **their point of origin?***

*The manufacturer appoints **a distributor,** who in turn further carries **the products to different retailers** and from **these retail points** we get access to those products which we need on a regular basis. In management terminology it is called **Supply Chain or a Value Chain**.*

*We can thus say that these products exchange various hands; **<u>which are in fact appointed by the manufacturer,</u>** before we receive them.*

*Again, in any organization, the review for a promotion of a subordinate is done **by his immediate senior**. The senior sends his views to his senior for further approval and **<u>this chain reaches the final authority</u>** who in turn **confirms the promotion.***

*➔These are value chains **that connect the consumer to the originator** or **the subordinate to the ultimate authority**. The value chain works wonderfully in the business world**. So let us try to find out which is that value chain which works wonderfully in Islamic world?***

Allah (SWT) is such that no vision can ever grasp Him. He is Omnipresent but we cannot see Him. So if ever we want to reach Him what should we do?

Let us start with few ayahs which talks about **<u>Allah – The Originator.</u>**

- *"(Ae Rasool (SAW)) jab **Mere bande Mera haal tumse poochein to** (kehdo ki) **Main unke paas hi hoon** aur jab **Mujh se koi dua maangta hai to Main har dua karne waalon ki dua (sunn leta hoon aur jo munasib ho to) qubool karta hoon** pas unhain chahiye ke **Mera kehna maanein aur Mujh per imaan laayein** taake woh hidayat paajaeein." - (Surah-e-Baqra, ayah 186)*

  *"(And when **My servants ask you concerning Me, then surely I am very near; I answer the prayer of the suppliant when he calls on Me**, so **they should answer My call and believe in Me** that they may walk in the right way)"*

The above ayah says that Allah is always with us and when we call Him He responds to our prayers. He promises that if we remain His believers we will **always be on the right path.**

Then He further says in the following two ayahs:

- *"Aur jo kuch aasman main hai aur jo kuch zameen main hai (gharz sabhi) khaas Khuda ka hai aur Khuda to karsaazi ke liye kafi hai." – (Surah-e-Nisa, ayah 132)*

  *"(And **whatever is in the heavens and whatever is in the earth is Allah's,** and **Allah is sufficient as a Guardian.)"***

Everything belongs to Him, He is the creator of all and **He is the sufficient Guardian for all of us.**

- *"Aur **dosti ke liye bas Khuda kafi** hai aur **himayat ke waaste bhi Khuda hi kaafi hai."** – (Surah-e-Nisa, ayah 45)*

  *"(Allah is **enough for a protector**, and Allah is **enough for a Helper**.)"*

Thus we can say that **He is the Guardian**, **He is the Protector** and **He is the Helper**. There is **no one but Him** and we should seek **whatever we want always from Him**.

Then He endorses the apostleship of the holy Prophet (SAW) in the following words:

- *"Aur (ae Rasool (SAW)) Hum ne tum ko **logon ke paas Paighamber bana ke bheja hai** aur (uske liye) <u>**Khuda ki gawahi kaafi hai."**</u> – (Surah-e-Nisa, ayah 79)*

  *"(And We have sent thee as **a messenger to (instruct) mankind**. And <u>**enough is Allah for a witness.)"**</u>*

It is Allah (SWT) who sent the holy Prophet (SAW) to this world as His chosen Apostle. And He further says that **He is enough as a witness for this** and <u>**He does not require any other witness in this regard.**</u>

He is always ready to bestow His mercy over us and hence He says:

- *"Aur Khuda se maghferat ki dua ma'ango Khuda bada bakshne wala Maherbaan hai." – (Surah-e-Muzammil, ayah 20)*

  *"(And ask forgiveness of Allah; surely Allah is Forgiving, Merciful)".*

He definitely forgives those who seek forgiveness from Him. Yes, He is the most Merciful and Ever forgiving.

➔ From the various ayahs which we saw, we can infer that Allah (SWT) is always with us, He listens to our prayers and guides us to the right path if we remain steadfast in our belief in Him, carry our matters to Him and seek help only from Him. He forgives our misconduct and sins if we seek forgiveness from Him; **as He is the only Creator and Originator of everything.**

So if He is the only Creator and the Originator of everything and always ready to forgive us, **why do we see so many problems everywhere? Why does not He forgive all of us?** Has he created **any rule which is to be followed** if we seek His forgiveness and Mercy? Let us see the following ayah and contemplate:

- *"Aur (Rasool (SAW)) jab unn* ***logon ne (nafarmani karke) apni jaanon per zulm kiya*** *tha agar* ***tumhare paas chale aate aur Khuda se maafi maangte*** *aur* ***Rasool (SAW) (tum) bhi unnki maghferat chahte*** *to beshak* ***wo log Khuda ko badaa tauba qubool karne wala Meharbaan paate."*** *– (Surah-e-Nisa, ayah 64)*

  *"(If they* ***had come to you*** *after wronging themselves and* ***asked forgiveness of God****, and* ***you had also asked forgiveness for them****, they would surely have found* ***God forgiving and merciful.)"***

The people would find Allah (SWT) as the Most Merciful and Ever Forgiving**, if they come to the holy Prophet (SAW) and seek Forgiveness from Allah (SWT).** But this is not enough as the ayah further says that Allah (SWT) would only forgive those for whom apart from their prayers the **holy Prophet (SAW) also prays. <u>Thus Rasool (SAW) is the appointed authority for Allah's Mercy.</u>**

And that is why Allah (SWT) has said in the following ayah about the holy Prophet (SAW):

- *""Aur Ae Rasool (SAW) Hum ne tum ko* ***tamam alamon ke liye rehmat hi karke bheja hai".*** *– (Surah-e-Ambiya, ayah 107)*

  ***("****And We have not sent you but as a* ***mercy to the worlds****.")*

Thus **<u>Allah (SWT) is the Originator of Mercy</u>** and the **<u>holy Prophet (SAW) has been appointed</u>** for that purpose. **<u>So seeking mercy from the holy Prophet (SAW) is to seek mercy from Allah (SWT) Himself.</u>**

**In Surah-e-Nisa, ayah 45, Allah (SWT)** has said that **Allah is enough for a Protector and Helper**, while in the following ayah He says:

- *“(Ae Rasool (SAW)) unn logon se* ***kehdo ke agar tum Khuda ko dost rakhte ho to meri pairvi karo*** *ki* ***Khuda (bhi) tum ko dost rakhega*** *aur tum ko tumhare gunaah bakhsh dega aur Khuda bada Bakhsh ne waala Meharbaan hai.” - (Surah-e-Aale Imran, ayah 31)*

  *“(Say: "****If you love God then follow me that God may love you*** *and* ***forgive your faults;*** *for God is forgiving and kind.")”*

Thus He has given clear instructions that if somebody wishes that **Allah (SWT) loves him and protects him, he needs to follow the holy Prophet (SAW).** Without this Allah (SWT) may not love anybody and neither will He protect anyone.

**Allah (SWT) is the sufficient Guardian for all of us** as He has said this in **Surah-e-Nisa, ayah 132**. But again He says in the following two ayahs from Surah-e-Maeda:

- *“Ae Imaandaro tumhare* ***malik sarparast*** *to buss yehi hai* ***Khuda*** *aur uss ka* ***Rasool (SAW)*** *aur* ***wo momineen*** *jo pabandi se namaz adaa karte hai* ***<u>aur haalat-e-ruku main zakat dete hai</u>****…” – (Surah-e-Maeda, Ayah 55)*

  *“(****Verily your leader*** *is only* ***Allah and His messenger*** *and those* ***who believe****; those who establish worship and* ***pay the poor-rate while they bow down in prayer****.)”*

- *“Aur jisne Khuda aur Rasool (SAW) aur* ***unhi Imaadaro ko apna sarparast banaya to Khuda ke lashkar main aagaya*** *aur issme shak nahin ke* ***Khuda hi ka lashkar ghalib rehta hai****.” – (Surah-e-Maeda, Ayah 56)*

  *(And whoever takes Allah and His apostle and* ***those who believe for a guardian,*** *then* ***surely the party of Allah*** *are they that shall be triumphant.)”*

Here by mentioning a specific incident of paying the poor-rate while in *ruku*, Allah (SWT) has indicated that apart from Allah Himself and the holy Prophet (SAW) **there is one more leader and guardian for us** and if we wish to be the **triumphant party of Allah** we need to be under the **guardianship of him.** Without considering him as our guardian **<u>we can never be Allah’s party.</u>**

It was Mawla Ali (A.S), **who gave his ring to a beggar while bowing down in the ruku** which above ayahs have mentioned*. (Ref: Imam Nasai in Saheeh-e-Nasai, Aljam’a Bain-ul-Sihah-ul-Sittah, Sa’labi).*

**Allah is the Ultimate Guardian** and **He has appointed Mawla Ali (A.S) for His Guardianship**. Thus Mawla Ali (A.S) is appointed Guardian for all of us. **Hence seeking help from Mawla Ali (A.S) is to seek help from Allah Himself.**

As per **Surah-e-Nisa, ayah 79,** Allah (SWT) has confirmed that **He Himself is enough a witness for the apostleship of the holy Prophet (SAW)** but again He says in the following ayah:

- *"Aur Ae Rasool (SAW) kafir log kehte hai ke tum paighambar nahin ho to tum un se kehdo ke mere aur tumhare darmiyan* ***meri risalat ki gawahi ke waste Khuda aur wo shakhs jis ko aasmani kitab ka ilm*** *hai kafi hai." – (Surah-e-Ra'ad, Ayah 43)*

  *("Yet those who are disbelievers say: "You are not the apostle sent (by God)." Tell them: "**God is sufficient as witness between me and you, and he who has knowledge of the Book**."")*

**Allah (SWT) is the Ultimate witness** of the holy Prophet (SAW)'s Apostleship and **He has further appointed one more witness for all of us.**

The chosen witness which the above ayah has referred is Mawla Ali (A.S**). It was he who had the knowledge of the holy book.** *(Ref: Tafseer-e-Suyuti, Vol 4, P 69, Ahteyaj-e-Tabresi, Tafseer-e-Ayashi).*

➔Thus in order to understand the greatness of the apostleship of the holy Prophet (SAW); **we need to see towards the life of** Mawla Ali, the rightly chosen witness by Allah (SWT). As whatever he has said and done is **as per Allah (SWT) and the holy Prophet (SAW)**. **And that is why he is the chosen guardian and the leader of *Ummah.***

We have seen up till now what are **the ways of Allah (SWT)** to bestow **His Grace and Mercy on us.** Let us see **what should be our way to reach Him** and **become eligible for His Grace.**

In this connection let us few ayahs that would take us to the logical inference. We will see ayah from Surah-e-Saba first:

- *"(Ae Rasool (SAW)) tum (yeh bhi) kehdo ki* ***(tableegh-e-risalat ka) main tumse koi badla nahin maangta*** *wo tumhain hi mubarak ho, mera badla to bas Allah ke zimme hai aur Wo har cheez se khoob waqif hai." – (Surah-e-Saba, ayah 47)*

  *Say: "**The reward I ask is for yourself.** My reward is due from none but Allah; and He is witness over everything."*

It was the hardwork and persistence of our beloved Prophet (SAW) which brought us to the light of guidance from the darkness of misguidance. Still in the above ayah Allah (SWT) has

asked the holy Prophet (SAW) to inform us that **he is not seeking any reward for his messengership from us.** **It will be Allah (SWT) who would reward him the way he should be rewarded.** That means whatever he is asking is for our own good**.** **If we follow whatever he has asked we would be rewarded.**

In the following ayah Allah (SWT) has further clarified:

- *"Ae Rasool (SAW) un logon se tum kehdo ke main **iss tabligh-e-risaalat per tum se kuch mazdoori to maangta nahin hoon** magar tamanna ye hai ke **jo chaahe apne Parvardigar tak pahonch ne ki raah pakad le."*** – *(Surah-e-Furqaan, ayah 57)*

  *"(Say: "**No reward do I ask of you** for it but this: that **each one who will may take a (straight) Path to his Lord.")"***

We would be duly rewarded by Allah (SWT) if we take the straight Path which reaches Him. We don't see Him so how can we ever reach Him?

The following ayah has shown us the way to Him:

- *"Ae Rasool (SAW) tum kehdo ke main apni tableegh-e-risalat ka **apne karabatdaron ki mohabbat** ke siwa tumse koi sila nahin maangta"* – (Surah-e-Shura, aayat – 23)

  *"('Say: I do not ask of you any reward for it but **love for my near relatives'**)"*

The **love for the household of the Prophet (SAW)** is **the Straight Path that reaches Allah (SWT).** By contemplating on the above mentioned 3 ayahs we can infer that in the love for them the **great reward from Allah (SWT) has been concealed**. So if we wish to be **rewarded by Allah's Mercy, Forgiveness and Grace** we need to love them.

As per the holy Prophet (SAW) his near relatives mentioned in the above ayah are **Ali (A.S), Fatema (A.S), their children Hasan (A.S) and Husain (A.S)**. *(Ref: Tafseer-e-Kishaf, Allama Zamkhashri, Vol 3, P 67)*

Even prominent Islamic researchers like Sa'labi, Zamakhshari, Suyuti and Baidhavi have recorded that the above ayah was revealed to make **the love of household of Mawla Ali (A.S) mandatory on the Muslim world.** The similar tradition from Ibn-e-Abbas has also been recorded in Bukhari, Muslim, Ahmed Ibn Hambal and others.

Thus Allah (SWT) says this about the Straight Path in the following ayah:

- *"Aur (Ae Rasool (SAW))* ***yeh tumhare Parvardigar ka banaya hua seedhaa raasta hai*** *ibrat* ***haasil karne walon ke waaste Hum ne apne aayaat ko tafsilan bayaan kar diye hai****. Uunke waaste uunke* ***Parvardigar ke yahaan aman wa chaen ka ghar (bahisht) hai*** *aur* ***duniya main jo kaarguzariyan unhone ki thi usski aewaz Khuda uunka sarparast hoga."*** *– (Surah-e-An'am, ayah 126-127)*

  *"(**This is the straight path of your Lord**. Distinct have We made **Our signs for those who reflect.** For them is **an abode of peace with their Lord**. He will be **their defender as reward for what they did.)"***

The above ayah confirms our inference that if we remain on the Straight Path, we would be rewarded and find Allah (SWT) as our Guardian and Defender. We would thus be honoured for remaining on the straight path. **And we can remain so by loving the household of our beloved Prophet (SAW).**

And since their love is the Straight Path to Allah (SWT) He says that:

- *""Ae Imaandaro Khuda se daro jitna Us se darne ka haq hai* ***aur tum (deen) Islam ke siwa kisi aur deen per hargiz na marna*** *aur tum sab milkar* ***<u>Khuda ki rassi mazbooti se thame raho</u>****…" – (Surah-e-Aale Imran, ayah 102 )*

  *("O ye who believe! Fear Allah as He should be feared, and* ***die not except in a state of Islam****. And* ***hold fast, all together, by the rope which Allah (stretches out for you),*** *and be not divided among yourselves…)"*

Here Allah (SWT) has instructed us to **remain a believer and not to die except in a state of Islam**. But who can ensure that, devil – the satan is always looking to pounce on us. How can we save ourselves from him? To this Allah (SWT) has instructed us **<u>to hold fast His rope</u>** which would ensure **<u>that we remain on the Straight Path.</u>**

It has been recorded by Salabi, Ibn-e-Hajar and others that **Imam Jafar-e-Sadiq (A.S)** has mentioned that **<u>Rope of Allah</u>** are **<u>we the Ahl ul bait of the holy Prophet (SAW).</u>** *(Ref: Imam Sa'labi, Tafseer-e-Kabeer, Sawaiq-e-Mohriqa, Chapter 11, Part 1, Imam Abu Bakr – Rishfat-us-Saadi)*

So if we wish to remain a believer forever and succeed we need to hold on to them since they are the rope of Allah. And here I would like to thus mention a beautiful couplet in this regard:

*"For me **there are five** with the help of whom, **I extinguish the fire** of the **most lasting calamity.***

***Al Mustafa (SAW), Al Murtuza (A.S), their two sons and Fatema (S.A). "***

➔ Let me mention here the extract from Dua-e-Kumail and pray for all of us – "O Allah, assign unto me a place in Thy Presence with the best of Thy servants whose place is nearest to Thee, for verily that position cannot be attained except through Thy Favour." Aamin.

# Superman In Islam

# સુપરમેન ઈન ઈસ્લામ

## ✻ હઝરત ઈમામ જાફર સાદિક(અ.) ✻

**અનુવાદક : હાજરપીર સૈયદ મોહંમદ મુજાહિદહુસૈન બાવા સાહેબ(મદ્દે.)**

### ઈમામ જાફર સાદિક(અ.)ની નજરમાં શક અને યકીન

(ગતાંકનું ચાલુ)

એવાં પ્રાણીઓમાંથી કેટલાંક કે જે છ અથવા સાત મહિના સુધી સુષુપ્ત અવસ્થામાં રહે છે તેમનું હૃદય ફક્ત ઉનાળામાં જ ધબકે છે પરંતુ શિયાળામાંની સુષુપ્ત અવસ્થામાં તેમનું હૃદય એક કલાકમાં ૬૦ થી ૭૦ કરતાં વધારે વખત ધબકતું નથી. આ જ પ્રાણીઓ જ્યારે ઉનાળામાં જાગૃત અવસ્થામાં હોય છે તો એક કલાકમાં તેમનું હૃદય ૨૪૦૦ થી લઈને ૨૫૦૦ વખત ધબકે છે.

જ્યારે આ પ્રાણીઓ સુષુપ્ત અવસ્થામાં હોય છે ત્યારે કોઈ તેમના શરીર ઉપર હાથ મૂકીને જુએ તો તેમનું શરીર બિલકુલ ઠંડુ પડી ગયેલું હોય છે જાણે કે બરફ હોય. તેમ છતાં ય એવાં પ્રાણીઓ જીવિત હોય છે અને આવી રીતે મહિનાઓ સુધી જીવિત રહે છે એટલે સુધી કે શિયાળાની ઋતુ પૂરી થાય છે અને વસંતઋતુ શરૂ થઈ જાય છે.

પરંતુ જો માણસના શરીરનું તાપમાન, સામાન્ય તાપમાન[1] કરતાં અડધુ થઈ જાય તો માણસ મરી જશે. આ એ જ અલ્લાહ તઆલા છે કે જેણે ઠંડા પ્રદેશના પ્રાણીઓને છ કે સાત મહિના સુધી સુષુપ્ત અવસ્થામાં રહેવાની યોગ્યતા બક્ષી છે[2] અને તેમના શરીરની ઠંડી બરફ જેટલી થઈ જાય છે અને તો ય તેઓ જીવિત રહે છે. પરંતુ કોઈ બેવકૂફ (માણસ) - જાહિલે મુત્લક એવો આંધળો, બહેરો છે કે અલ્લાહ તઆલાની આવી કુદરત તરફ ધ્યાન આપતો નથી. તે શ્રવણશક્તિ ધરાવતો નથી માટે તે અન્ય લોકો પાસેથી પણ અલ્લાહની આવી નિશાનીઓ અને કુદરત વિષે સાંભળી શકતો નથી.

ઠંડા પ્રદેશના આવા પ્રાણીઓની સામે અલ્લાહે ઊંટ જેવું ગરમ પ્રદેશનું પ્રાણી પેદા કર્યું છે કે જે જંગલોમાં જીવન વ્યતીત કરે છે અને તેનો ખોરાક કઠણ અને સૂકા કાંટા હોય છે. જો ઘાસ ચરવાવાળું પ્રાણી સૂકુ ઘાસ ખાય અને પાણી ય ન પીએ તો મરી જશે. પરંતુ ઊંટ એવું પ્રાણી છે કે જે જંગલમાંથી સૂકા કાંટા ખાય છે પરંતુ તેને તરસ લાગતી નથી એટલે સુધી કે તે પોતાના સવારને એવી જગ્યાએ પહોંચાડી દે છે કે જ્યાં પાણી હોય છે.

એક અબોધ માણસ જાણતો નથી કે અલ્લાહ તઆલાએ પોતાના ઈલ્મ અને કુદરત વડે ઊંટને આવી યોગ્યતા આપેલી છે કે તે જંગલોમાં ય થાકતો નથી અને તેને તરસ પણ લાગતી નથી. જો ઊંટ પર સવાર થયેલો માણસ જંગલમાં ભૂલો પડી જાય અને એવામાં ધોમધખતો તાપ પણ હોય અને તરસ

[1] માણસના શરીરનું સામાન્ય તાપમાન ૩૭ ડિગ્રી સેન્ટીગ્રેડ છે. જો આ તાપમાન ઓછું થઈને ૨૪ અથવા ૨૫ ડિગ્રી થઈ જાય તો માણસ મરી જશે.

[2] ઠંડા પ્રદેશમાં રહેવાવાળાં કેટલાંક પ્રાણીઓના શરીરનું તાપમાન સુષુપ્ત અવસ્થામાં ૩ ડિગ્રી સેન્ટીગ્રેડ હોય છે જે બરફ કરતાં ફક્ત ૩ ડિગ્રી વધારે છે અને જે કંઈ ઈમામ(અ.)એ ફરમાવ્યું છે તેના કરતાં વધારે ફેર નથી.

પણ લાગેલી હોય તો આવી પરિસ્થિતિમાં જો સવાર ઊંટની દોરી છોડી દે અને તેને આમતેમ ન ફેરવે તો ઊંટ આપમેળે તેને પાણી સુધી પહોંચાડી દેશે કારણ કે ઊંટ પાણીના ભેજનો દૂરથી અનુભવ કરી લે છે અને સમજી જાય છે કે પાણીનું ઝરણું ક્યાં આવેલું છે.

ઊંટની અંદર પાણીના ભેજનો અનુભવ કરવાની યોગ્યતા એટલી બધી હોય છે કે તે મોટા મોટા કૂવાઓમાંથી નીકળતા ભેજનો દૂરથી અનુભવ કરી લે છે અને જો થાકેલો પાકેલો તેનો સવાર સબર કરી શકે તો તેને કૂવા સુધી પહોંચાડી દે છે. પરંતુ માણસને દૂરના પાણીની ત્યાં સુધી ખબર પડતી નથી કે જ્યાં સુધી તે પાણીના ઝરણાને પોતાની આંખોથી ન જોઈ લે. આવી શક્તિ કે જે માણસમાં નથી પરંતુ ઊંટમાં જોવામાં આવે છે તે શક્તિ અલ્લાહે પોતાના ઈલ્મ અને કુદરત વડે આ જાનવરને બક્ષી છે જેથી જ્યારે તે ગરમ પ્રદેશોમાં તરસ્યો હોય તો પોતાને પાણી સુધી પહોંચાડીને પોતાની તરસને સંતોષી શકે છે.

જો ઊંટને જંગલમાં ચારો ચરવા માટે છૂટ્ટો મૂકી દેવામાં આવે તો તેને કદીય પણ તરસ લાગતી નથી. જે વસ્તુ તેને તરસ્યો કરે છે તે છે માણસે તેના ઉપર લાદેલો સામાન અથવા માણસે પોતે સવારી કરેલી અને આવી રીતે તેને જંગલોમાં મુસાફરી કરાવવી. પરંતુ જો ઊંટ આઝાદ હોય તો તેને ખબર પડે છે કે કઈ જગ્યા પાણીથી નજીક છે કે જ્યાં તેણે ચરવું જોઈએ. જો તે પોતાના સવારનો આજ્ઞાપાલક હોય અને તે સમજી શકે કે તેણે પોતાના સવાર સાથે સૂકા જંગલમાં લાંબા સમય સુધી રહેવું પડશે કે જ્યાં શક્ય છે કે ઘણા બધા દિવસો સુધી પાણી પીધા વગર મુસાફરી કરવી પડશે તો તે સાવચેતીરૂપે એટલું બધું પાણી પી લે છે કે તેના માટે ઘણા દિવસો અને રાતો સુધી ચાલે.

અલ્લાહે ઊંટને આ શક્તિ પોતાના ઈલ્મ અને કુદરત વડે આપેલી છે કે જેથી તે ગરમ અને સૂકા જંગલોમાં જીવિત રહી શકે અને પાણીની અછત અને તરસના કારણે તેની નસલ નષ્ટ ન થઈ જાય. પરંતુ એક અબોધ માણસ આ વાતને સમજી શકતો નથી. તે એવું માને છે કે ઊંટ પેદા થઈને આપમેળે જ આવી શક્તિ ધારણ કરી લે છે.

ઈમામ જાફર સાદિક(અ.)ના દૃષ્ટિકોણ પ્રમાણે જ્યાં સુધી કોઈ માણસ જટિલ અજ્ઞાનતામાં સપડાઈ નહીં જાય ત્યાં સુધી અલ્લાહ તઆલાનો ઈન્કાર નહીં કરે. વળી જે માણસ અક્કલ ધરાવે છે અને સમજદાર પણ છે, ભલેને પછી તેની સમજદારી સીમિત જ કેમ ન હોય, તે સમજી જશે કે અલ્લાહ તઆલાના અસ્તિત્વમાં શંકા કરવી યોગ્ય નથી.

ઈમામ જાફર સાદિક(અ.)એ ૧૨૫૦ વર્ષ પહેલાં દુનિયાની વ્યવસ્થા વિશે એવી વાત કરી છે કે જે હાલના જમાનાના પ્રકૃતિશાસ્ત્રીઓના દૃષ્ટિકોણ કરતાં જરા ય જુદી નથી. ઈમામ જાફર સાદિક(અ.)એ ફરમાવ્યું છે કે જ્યારે તમે દુનિયાની વ્યવસ્થાને અસ્તવ્યસ્ત પામો અને જુઓ કે અચાનક તોફાન આવી ગયું છે અને પૂર આવી ગયું છે અથવા તો ધરતીકંપે ઘરોને બરબાદ કરી નાખ્યાં છે તો આ બધી વાતોને તમે દુનિયાની વ્યવસ્થા ખોરવાઈ જવાનાં લક્ષણો ન સમજતા અને એ વાત જાણી લો કે આ બધી અનઅપેક્ષિત ઘટનાઓ એક અથવા તો ઘણા બધા કાયમી અને અટલ નિયમોના અંતર્ગત થાય છે અને આ નિયમોથી સાબિત થાય છે કે ઉપરોક્ત ઘટનાઓ બનવા પામે છે. આજના પ્રકૃતિશાસ્ત્રીઓ (એટલે કે તેવા વૈજ્ઞાનિકો કે જેઓ ફક્ત ગણિતના નિયમોનું અનુસરણ કરે છે અને તે સિવાય કોઈ પણ નિયમની જાણકારી ધરાવતા નથી તેઓ) પણ એવું જ માને છે અને ઈમામ જાફર સાદિક(અ.)ની વાત આના આધારે સન્માનનીય છે કે આપે ૧૨૫૦ વર્ષ પહેલાં આ દૃષ્ટિકોણ પ્રસ્તુત

કર્યો હતો.

પ્રકૃતિશાસ્ત્રીઓના અને ભૂસ્તરશાસ્ત્રીઓ (geologists)ના કહેવા પ્રમાણે વાવાઝોડું આવવું, ધરતીકંપ થવો અને જ્વાળામુખી ફાટવો આ બધી અસાધારણ ઘટનાઓ નથી પરંતુ તે બધી ઘટનાઓ કુદરતી નિયમોનું અનુસરણ કરે છે અને ધરતીકંપ આપણી નજરમાં અસાધારણ એટલા માટે (લાગે) છે કે આપણે તેના નિયમોને જાણતા નથી.

માનવજાતની દૃષ્ટિએ હજારો વર્ષ દરમિયાન થતી અનઅપેક્ષિત ઘટનાઓમાંની એક ઘટના વાતાવરણનું પરિવર્તન હતું અને માણસ તેને દુનિયાની વ્યવસ્થા અસ્તવ્યસ્ત થઈ ગઈ એવું સમજતો હતો. તે એવું માનતો હતો કે ઉનાળામાં વાતાવરણ એકાએક પરિવર્તિત ન થઈ જવું જોઈએ પરંતુ આજે વાતાવરણનું પરિવર્તન માણસની નજરમાં એક અનઅપેક્ષિત ઘટના નથી અને તે તેને દુનિયાની વ્યવસ્થા ખોરવાઈ જવાનું પરિણામ સમજતો નથી એટલા માટે કે માણસ હવે વાતાવરણના પરિવર્તનના નિયમો સમજી ચૂક્યો છે. જો કે તે આ નિયમોને સારી રીતે સમજી શક્યો નથી છતાંય માણસ પૃથ્વીની આજુબાજુ ફરતા કૃત્રિમ ઉપગ્રહોની મદદથી વાતાવરણના પરિવર્તનની ભવિષ્યવાણી કરી શકે છે.* ધરતીકંપ થવો અને જ્વાળામુખી ફાટવો આ બન્ને ઘટનાઓ પણ વાતાવરણના પરિવર્તન જેવી જ છે. જે દિવસે માણસ આ બન્ને ઘટનાઓના નિયમોને સમજી લેશે તે દિવસે એવી ભવિષ્યવાણી કરી શકશે કે ધરતીકંપ કઈ જગ્યાએ થશે અને કયો જ્વાળામુખી કયા સમયે લાવા ઓકશે.

ઈમામ જાફર સાદિક(અ.)એ પોતાના શિષ્યોને ફરમાવ્યું કે લોકોને દુનિયાની વ્યવસ્થા અસ્તવ્યસ્ત થતી નજરે પડે છે પરંતુ ખરેખર તો તે એક અથવા ઘણા બધા કાયમી અને અટલ નિયમો અનુસાર થાય છે. દુનિયાના કાયદાઓ કાયમી અને અટલ છે તેનું દરેક ફિલોસૉફર સમર્થન કરે છે. તેમનું કહેવું છે કે જે પરિવર્તનો માણસની નજરે દેખાય છે તે માણસની નજર અને બુધ્ધિનો માત્ર ભ્રમ છે. જયારે અલ્લાહ તઆલાની દૃષ્ટિએ દુનિયાની કોઈ પણ વસ્તુમાં પરિવર્તન થતું નથી.

અલ્લાહ તઆલા હકીમે મુત્લક(અસીમ હિકમતવાળો) છે અને તેણે જે નિયમો બનાવ્યા છે તે કાયમી છે. અલ્લાહની માઅરેફત ધરાવનાર ફિલોસૉફરના દૃષ્ટિકોણ પ્રમાણે પરિવર્તન બશરી(માનવીય) નિયમોમાં થાય છે. આ પરિવર્તન માણસની અજ્ઞાનતાના કારણે થતા હોય છે કારણ કે માણસ આવી ભવિષ્યવાણી કરી શકતો નથી કે ૫૦ વર્ષ પછી તેની સામાજિક અથવા વ્યક્તિગત પરિસ્થિતિ કેવી હશે. તે નિયમો ફક્ત હાલના જમાના માટે બનાવે છે અને જ્યારે ૫૦ વર્ષ પછી દુનિયાની પરિસ્થિતિ બદલાઈ જાય છે તો માણસ પણ નિયમોને બદલી નાખે છે. પરંતુ અલ્લાહ તઆલાએ કાઈનાતના બધા નિયમોને એક જ ક્ષણમાં અને કાયમ માટે ઘડી દીધા છે. અલ્લાહ હકીમ છે માટે તેણે અબદ સુધી થનારી દરેક ઘટનાની ભવિષ્યવાણી કરી છે અને તે એવા નિયમો પ્રસ્તુત કરે છે કે જેમને આગામી ૫૦ વર્ષો પછી પણ બદલી નાખવાની કોઈ જરૂર રહેતી નથી એટલા માટે કે એ જાણે છે કે ૫૦ વર્ષ પછી કઈ કઈ ઘટનાઓ ઘટવાની છે.(ક્રમશઃ)

---

* અહીં વાચકોના ધ્યાન પર એ વાત લાવવી ઉચિત છે કે અમેરિકાની પત્રિકા સાયન્સ ડાયજેસ્ટમાં પાકિસ્તાનમાં આવનારા પૂરની પૂરેપૂરી ભવિષ્યવાણી કરવામાં આવી હતી. જો કે તેમાં પાકિસ્તાનનું નામ લેવામાં આવ્યું ન હતું પરંતુ એવું કહેવામાં આવ્યું હતું કે ભારતમાં ઉનાળામાં થનાર વરસાદ તીવ્ર હશે. પાકિસ્તાન અને ભારત ઉપર દર વર્ષે વરસનારાં વાદળો ઈરાનની ખાડીમાંથી અને ઓમાનના સમુદ્રમાંથી નીકળે છે પરંતુ આ વાદળો દક્ષિણ ઈરાનમાં વરસતાં નથી અને મોસમી પવનો આ વાદળોને પાકિસ્તાન અને ભારત તરફ લઈ જાય છે.

# આરોગ્યની સાચવણી

**'Prevention is better than cure.'**

## સ્તનપાન

સૌ પ્રથમ આપણે ધાર્મિક દૃષ્ટિકોણથી વાત કરી લઈએ. અલ્લાહ તઆલાએ ઘણી બધી નેઅમતો તેના બંદાઓ માટે અર્પણ કરી છે અને સાથે સાથે અશરફુલ મખ્લૂકાતની ભલાઈ માટે કેટલાક કાનૂન પણ બનાવ્યા છે કે જે ખરેખર માનવ જાતની ભલાઈ માટે જ છે અને આવા નિયમો આપણને મોહંમદ વ આલે મોહંમદ અને પીરાને તરીકત દ્વારા બતાવ્યા. **'તોહફતુલ મોમિનીન'** કિતાબ દ્વારા આપણી જિંદગીનાં લગભગ બધાં પાસાંઓ માટેની જાણકારી હિદાયત મારફતે મળી છે અને આવી જ હિદાયત જન્મથી લઈને મોત સુધી અને મોતથી પણ આગળની દુનિયા માટે આપણને આપણા રૂહાની રહેબરો સતત હિદાયત ફરમાવતા રહ્યા છે. આપણે આ તથા અન્ય ઘણી બધી દીની-દુન્યવી બાબતો માટે જાફરી ઘરાનાના અહેસાન તળે દબાયેલા છીએ અને તેમના આભારી છીએ.

**'તોહફતુલ મોમિનીન'** કિતાબમાં સ્તનપાન વિષે ખૂબ જ સરળ સમજૂતી આપેલી છે. બાળક નર હોય કે માદા, કેટલા સમય સુધી સ્તનપાન કરાવવું તે સ્પષ્ટ ઉલ્લેખ કિતાબમાં આપવામાં આવેલ છે. હવે સ્ત્રી આજના ફેશનના દોરમાં ખરેખર તેણીની ફરજો ચૂકી રહી છે. અલ્લાહનો શુક્ર છે અને આપણા રૂહાની રહેબરની ભલી દુઆ છે કે હજુ સુધી આપણો સમાજ મર્યાદામાં છે અને બાળકને ધવડાવવાની ફરજ બાબતે સ્ત્રીઓ મર્યાદામાં છે.

હવે જે જરૂરી હતું તે આજના ડૉક્ટરો તથા નિષ્ણાતો સ્વીકાર કરવા લાગ્યા છે કે બાળકને સ્તનપાન કરાવવું જ જોઈએ અને આ કાર્ય ફક્ત બાળક માટે જ નહીં પરંતુ તેની માતા માટે પણ જરૂરી છે કારણ કે આ બાબત બન્નેની એટલે કે માતા અને બાળકની જરૂરિયાત છે.

માતાનું ધાવણ બાળક માટે પૌષ્ટિક અને અત્યંત સંતુલિત આહાર છે કે જે સંપૂર્ણ કુદરતી પણ છે કે જેમાં રોગ પ્રતિકાર શક્તિ સમાયેલી હોય છે. તેમજ સંપૂર્ણ સુરક્ષિત તેમજ તદ્દન યોગ્ય ઉષ્ણતામાન ધરાવે છે. જે બાળક માટે સૌથી વધુ લાભકર્તા છે. સ્તનપાન થકી બાળકમાં પ્રેમ અને સલામતીની લાગણી પેદા થાય છે અને બાળક તથા માતા વચ્ચેના પ્રેમ સંબંધને જોડાણ મળે છે. સ્તનપાન બાળકના વિકાસ માટે શ્રેષ્ઠ બાબત છે કે જે બાળકના મગજના વિકાસમાં પ્રથમ કક્ષાની જરૂરિયાત છે. સાથે સાથે માતાના શરીરમાં જે ચરબીના થર હોય તે પણ ઓછા થાય છે એટલે કે માતાને વજન પણ ઉતારવામાં મદદરૂપ થાય છે. જે માતાઓ બાળકને પૂર્ણ રીતે સ્તનપાન કરાવે છે તેમને સ્તન કેન્સર, અંડાશયનું કેન્સર, એનિમિયા જેવા રોગોથી પણ રક્ષણ મળે છે. માતાના દૂધમાં ચરબી તથા લેકટોઝ હોય છે જે સ્ત્રીને વજન ઉતારવામાં ખૂબ જ મદદરૂપ હોય છે. સાથે સાથે ધાવણ થકી બાળકને એલર્જી તથા રોગથી બચવા માટેની પ્રતિકારક શક્તિ પણ મળે છે.

બ્રિટીશ લેખક ડૉ.જે.સી. પિયર્સના પુસ્તક **'મેજીકલ ચાઈલ્ડ'**(૧૯૮૦) પ્રમાણે જન્મ પછી તુરંત સ્તનપાન કરાવવાથી માતા અને બાળક વચ્ચેનું જે જોડાણ હોય છે તે મજબૂત બને છે અને બાળકમાં સલામતીની ભાવના પેદા કરે છે. જન્મ પછી જેમ શ્વાસોશ્વાસ શીખવવા પડતા નથી તેમ ધાવણ લેવાનું શીખવવું પડતું નથી. ફક્ત બાળકને જોડાણ આપવાનું હોય છે કારણ કે આ આવડત બાળકને કુદરતી રીતે જ મળેલ હોય છે. એટલે માતા બાળકને ધવડાવે છે ત્યારે બાળકની પાંચેય ઈન્દ્રિયો એટલે કે સ્પર્શ, સુગંધ, દૃષ્ટિ, સ્વાદ અને શ્રવણ શક્તિ ઉત્તેજીત થવા માંડે છે અને આજ ઉત્તેજના બાળકના મગજની જાળ બાંધવા અને વિકાસ માટે જરૂરી છે અને વિકાસની સાથે સાથે જ્ઞાનેદ્રિયો અને મગજ વચ્ચે સારો તાલમેળ બેસાડે છે.(ક્રમશઃ)

(મોમિન મેડીકલ સહાય યોજનાના નિષ્ણાત ડોકટરો તેમજ જાહેર આરોગ્ય વિષયક માહિતીના આધારે)

સંપર્ક માટે : મો.શબ્બીરભાઈ નેદરીયા મો.૯૮૨૫૪૧૫૩૨૯

## ભાગ-૩
## બોધ વચનો અને ઉપદેશો

***હઝરત અલી(અ.)નાં બોધ વચનો (હદીસો)***

**(૪૧૫) દુનિયાની હાલત :**

આપે દુનિયાની ઓળખાણ કરાવતાં ફરમાવ્યું કે (તે) ધોકો આપે છે, નુકસાન પહોંચાડે છે, અને ચાલી જાય છે. અલ્લાહે ન તો તેને પોતાના દોસ્તોના સવાબ માટે પસંદ કરી કે ન દુશ્મનોના અઝાબ માટે. દુનિયાવાળા એ સવારો જેવા છે કે જેમણે હજુ પડાવ નાખ્યો એટલામાં તો ત્યાં હંકારનારાઓએ લલકાર્યા કે કૂચનો સમય આવી ગયો છે અને પછી ચાલી નીકળ્યા.

**(૪૧૬) ઈમામ હસન(અ.)ને હિદાયત :**

પોતાના પુત્ર હસન(અ.)થી ફરમાવ્યું,

'ખબરદાર ! દુનિયાની કોઈ ચીજ પોતાની પાછળવાળાઓ માટે ન મૂકી જવી કેમકે તેના વારસો બે જ પ્રકારના હોય છે, કાં તો એ હશે કે જેઓ નેક અમલ કરશે, તો જે માલ તમારી કમબખ્તીનું કારણ બન્યો તે તેમના સદભાગ્યનું કારણ બનશે અને જો લોકો તેને ગુનાહિત કાર્યમાં લગાવશે તો તે તમારા માલના કારણે હતભાગી બનશે અને તમે તેના ગુનાહમાં સહભાગી ગણાશો અને એ બન્નેમાંથી કોઈ એવો નથી કે જેને તમારી જાત પર પ્રાધાન્ય આપી શકો.'

આ કથનને એક બીજી રીતે પણ બયાન કરવામાં આવ્યું છે :

'આ દુનિયા કે જે આજે તમારા હાથોમાં છે, (ગઈ) કાલે બીજા તેના ધણી રહી ચૂક્યા છે અને આવતી કાલે બીજાના હાથમાં ચાલી જશે અને તમે એને એ બેમાંથી એકના માટે ભેગું કરી રહ્યા છો કાં તો એ શખ્સ કે જે તમારું ભેગું કરેલુ ખુદાની બંદગીમાં વાપરશે તો ભેગું કરવાની મહેનત તમે કરશો અને સદ્‌ભાગ્ય એને મળશે અથવા એ શખ્સના હાથમાં જશે કે જે ખુદાના ગુનાહ માટે વાપરશે તો તેના માટે ભેગું કરીને તમે બદબખ્તીના શિકાર બનશો અને તેઓમાંથી કોઈ એવો નથી કે જેને તમારી જાત પર સરસાઈ આપી શકો અને તેના માટે તમારી પીઠ પર ભાર વેઠો એટલે જેઓ ગુજરી ગયા તેમના માટે ખુદાની રહેમતની આશા કરો અને જે બાકી રહી ગયા છે તેમના માટે ખુદાના રિઝકની આશા રાખો.' -સૈયદ રઝી.

**(૪૧૭) ઈસ્તિગ્ફારનો અર્થ :**

એક શખ્સે આપની સામે ઈસ્તિગ્ફાર કર્યો. **'અસ્તગ્ફેરૂલ્લાહ'** તો આપે ફરમાવ્યું, તારી મા તારા સોગમાં બેસે, આ ઈસ્તિગ્ફાર તો સૌથી મોટા લોકોનું સ્થાન છે અને તેના ભાવાર્થમાં છ વસ્તુઓ સમાયેલી છે : (૧) ગત કાર્યોનો પસ્તાવો (૨) ભવિષ્યમાં ન કરવાનો પાકો નિર્ણય (૩) લોકોના હક અદા કરી દેવા કે તેના પછી એવા પાકદામન થઈ જાઓ કે કોઈ પૂચ્છા ન રહે. (૪) જે ફરજ ચૂકી ગયા છો તેને પૂરી રીતે અદા કરી દેવી. (૫) અને જે માંસ હરામ માલથી ઉગ્યું છે તેને રંજ અને ગમથી પીગળાવી દેવું ત્યાં સુધી કે ખાલ હાડકા સાથે ચોંટી જાય અને નવું માંસ પેદા થાય. (૬) અને શરીરને આજ્ઞા પાલનનો એવો જ સ્વાદ ચખાડો જેવી રીતે ગુનાહનો આનંદ માણ્યો છે, ત્યાર પછી કહો **'અસ્તગ્ફેરૂલ્લાહ'**.

**(૪૧૮) સહનશીલતા અને ધૈર્ય :**

સહિષ્ણુતા ખુદ એક પૂરું ખાનદાન છે.

**(૪૧૯) છુપી વાત :**

આદમનો પુત્ર કેટલો રાંક છે કે તેની મોત પણ છૂપી છે અને તેની બીમારીઓ પણ ભેદ ભરમમાં છે. અને તેના આમાલ પણ બધા સાચવી લેવામાં આવે છે. પરિસ્થિતિ એ છે કે મચ્છરના કરડવાથી ચીખી ઊઠે છે, અંતરસ આવવાથી મરી જાય છે અને પસીનાથી ગંધાઈ ઊઠે છે.

**(૪૨૦) નિડર દૃષ્ટિઓ :**

કહેવાય છે કે આપ પોતાના સાથી સાથે બિરાજમાન હતા. ત્યાંથી એક સૌંદર્યવાન સ્ત્રી પસાર થઈ અને લોકોએ તેને તીરછી નજરથી જોવું શરૂ કર્યું તો આપે ફરમાવ્યું : આ પુરૂષોની આંખો તાકવાવાળી છે, અને દૃષ્ટિપાત તેમની કામનાઓને ઉત્તેજિત કરવાનું કારણ છે એટલે જ્યારે પણ તમારામાંથી કોઈ શખ્સ કોઈ એવી સ્ત્રીને જુએ કે જે પસંદ આવવાવાળી હોય તો પોતાની ઘરવાળીથી સંબંધ જોડે કેમકે આ સ્ત્રી પણ પોતાની સ્ત્રી જેવી જ છે.

આ સાંભળીને એક ખારજીએ કહ્યું કે અલ્લાહ આ કાફરને કતલ કરે કે કેટલો ફકીહ (દીનમાં ઊંડો) છે. તો લોકો તેને મારવા ઊભા થઈ ગયા અને આપે ફરમાવ્યું, 'ખબરદાર ! ઠહેરો ગાળનો બદલો ગાળ હોય છે અથવા ખતાથી દરગુઝર કરવી હોય છે.'

**(૪૨૧) અક્લનું માર્ગદર્શન :**

તમારા માટે એટલી જ અક્લ પૂરતી છે કે ગુમરાહીનો માર્ગ હિદાયતના માર્ગથી અલગ થઈ જાય.

**(૪૨૨) નાની અને મોટી ભલાઈ :**

નેકીઓ અંજામ આપો અને તેમાંથી કોઈ પણ ચીજને તુચ્છ ન સમજો કેમકે નેકી નાની પણ મોટી હોય છે અને થોડી પણ ઘણી હોય છે. ખબરદાર ! તમારામાંથી કોઈ શખ્સ એમ ન કહે કે કોઈ શખ્સ નેક કામ માટે મારાથી વધારે સારો છે નહિતર ખુદાની કસમ એમ જ થઈ જશે, નેકી અને બૂરાઈ બન્નેનાં પાત્રો હોય છે જો તમે તેને છોડી દેશો તો જે તેનો પાત્ર હશે એ જ અંજામ આપી દેશે.

**(૪૨૩) અલ્લાહથી સારો વ્યવહાર :**

જે પોતાના અંતરની સુધારણા કરશે પરવરદિગાર તેના બાહ્યને ઠીક કરી દેશે અને જે પોતાના દીન માટે અમલ કરશે ખુદા તેની દુનિયા માટે અમલ કરશે ખુદા તેની દુનિયા માટે પૂરતો થઈ જશે અને જે પોતાના અને ખુદાના મામલાઓને ઠીક કરશે પરવરદિગાર તેની અને બીજા ઈન્સાનોના મામલાઓને ઠીક કરી દેશે.

**(૪૨૪) સહિષ્ણુતા અને અક્લ :**

સહિષ્ણુતા ઢાંકી લેનારી ચાદર છે અને બુધ્ધિ અતિશય ધારદાર તલવાર છે, એટલે પોતાના સ્વભાવોની નબળાઈઓને સહનશીલતાથી છુપાવી લો અને પોતાની વાસનાઓનો બુધ્ધિની તલવારથી સામનો કરો.

**(૪૨૫) નેઅમતના હક્કો :**

અલ્લાહના કેટલાક બંદાઓ એવા છે કે જેમને પરવરદિગારે ખાસ નેઅમતો બીજા બંદાઓના લાભ માટે અર્પણ કરી છે. એટલે જ્યાં સુધી તેઓ દાન પ્રદાન કરતા રહે છે એ નેઅમતોને તેમના હાથોમાં બાકી રાખે છે અને જ્યારે દાન સખાવત રોકી લે છે તો તેમની પાસેથી પાછી લઈ લે છે, અને બીજાઓને આપી દે છે.

**(૪૨૬) તંદુરસ્તી અને માલદારી :**

કોઈ બંદા માટે એ ઉચિત નથી કે બે વાતો પર ભરોસો કરે. એક તંદુરસ્તી અને એક માલદારી, કેમકે તંદુરસ્તી જોતજોતામાં બીમારીમાં ફેરવાઈ જાય છે અને માલદારી જોતજોતામાં ગરીબીનું રૂપ ધારણ કરી લે છે.

**(૪૨૭) અલ્લાહની શિકાયત :**

જે પોતાના દિલનું દુઃખ કોઈ મોમિનને બતાવે તો જાણે તેણે ખુદાને બતાવ્યું અને જે તેની ફરિયાદ કોઈ કાફરથી કરે તો તેણે જાણે ખુદાને શિકાયત કરી.

**(૪૨૮) ઈદનો દિવસ :**

એક ઈદના દિવસે આપે ફરમાવ્યું : આ ઈદ માત્ર એ લોકો માટે છે કે જેમના રોઝા કબૂલ થઈ જાય અને જેમની નમાઝ માનલાયક થઈ જાય અને આમ જે દિવસે પણ પરવરદિગારનો ગુનો ન કરવામાં આવે, મુસલમાનના માટે એ જ દિવસ ઈદનો દિવસ છે.

**(૪૨૯) ચિંતા અને વ્યાધિ :**

કયામતના દિવસે સૌથી વધારે અફસોસજનક પરિસ્થિતિ એ માણસની હશે કે જે ખુદાની બંદગીથી હઠીને માલ ભેગો કરે અને પછી તેના વારસદારો એ બની જાય કે જેને તેઓ ખુદાની ફરમાબરદારીમાં ખર્ચ કરે અને તે એ જ માલથી જન્નતમાં ચાલ્યો જાય અને કમાવાવાળો તેનાથી જ જહન્નમનો હકદાર થઈ જાય.

**(૪૩૦) નિષ્ફળ પ્રયત્ન :**

મામલાઓમાં સૌથી વધારે ખોટવાળો અને કોશિશોમાં સૌથી વધારે નાકામ એ શખ્સ છે કે જે પૈસો મેળવવામાં પોતાના શરીરને થકવી નાખે, એ છતાં પણ ભાગ્ય તેને સાથ ન આપે અને આ રીતે દુનિયાથી અબળખા લઈને ચાલ્યો જાય અને આખેરતમાં હર હાલમાં કરેલાં ભોગવવાનાં છે.

**(૪૩૧) રોજી અને આવક :**

રોજી બે પ્રકારની હોય છે, એક એ કે જે પોતે ગોતતી આવે છે અને બીજી એ કે જેને શોધવી પડે છે. એટલે યાદ રાખો કે જે દુનિયાનો ઈચ્છુક હોય છે તેની ઈચ્છુક મોત હોય છે ત્યાં સુધી કે તેને આ દુનિયાથી કાઢી મૂકે અને જે આખેરતનો ચાહક હોય છે, દુનિયા ખુદ તેને તલાશ કરતી હોય છે ત્યાં સુધી કે પોતાનો પૂરો હક મેળવી લે. (ક્રમશઃ)


**ભોરણીયા સાદિકઅલી આર.**
મો.૯૯૨૪૪૧૮૨૪૩

**બાલીસણા ઝાકિરહુસૈન જી.**
મો.૯૪૨૯૫૨૯૪૧૦
૯૪૨૮૮૪૯૪૭૭

# ન્યુ ચિરાગ ઈલેક્ટ્રીક

**(સેલ્સ & સર્વિસ)**

અમારે ત્યાં LED મુવીંગ ડીસપ્લે, LED ક્લોક, હોટલ-દુકાનને લગતાં એક્રેલીક & LED બોર્ડ તેમજ હોટલ, ઈમામવાડા, ઝરીહ મુબારક કે દરગાહના માપ પ્રમાણે LED સીરીઝ, LED પટ્ટા, LED બોર્ડ તેમજ LEDને લગતું દરેક પ્રકારનું કામ હોલસેલ તેમજ રીટેઈલ ભાવે કરી આપવામાં આવશે.

**LED સ્પેશ્યાલિસ્ટ**

**બસ સ્ટેન્ડની બાજુમાં, રીંગલ શોપીંગ સેન્ટર, વડનગર.**



# રહેમત સેલ્સ

અમદાવાદ સીટી, રીંગ રોડ, સાણંદ, રાજસ્થાન એરીયા તેમજ સમી, હારીજ, શંખેશ્વર, મહેસાણા જિલ્લાના ગામોમાં જમીન લે-વેચ માટે મળો.

**નોંધ :** હોટલ માટે જમીન તથા ચાલુ હાલતમાં હોટલ આપવા-લેવા માટે મળો.

**અબ્બાસઅલી એન. હીરા(બાદરપુરવાળા)**
મોબાઈલ : ૯૯૦૪૧૫૧૧૪૭



હઝરત પીર મશાયખ બાવા(રહે.) કૃત.....

# મશાયખવાણી

## તરીકત યા'ને ધરમ મૂલ

● સત ગુરૂ પીર મશાયખ વાચા ●

**બયાન નં.૯૨**

**તબ જા નો પાયા પીતમ પ્યારા,**
**જો સબ તન દેખા પીયુજી હમારા.**

(હઝરત પીર મશાયખ(રહેમતુલ્લાહ અલયહા) બાવા ફરમાવે છે કે જ્યારે આપણું આખું તન પીયુને સમર્પિત કરી દીધું હોય ત્યારે જ પ્યારા પ્રીતમ પ્રાપ્ત થાય.)

**જિસ તન નાંહી પીયાજી નેહા,**
**અગન જલા દે વે રે સબ દેહા.**

(જે તનમાં પીયુજીનો સ્નેહ, પીયુજીનો પ્રેમ ન હોય તો તે આખા શરીરને આગ જલાવી દે છે.)

**જું દેખો ને રૂખાં, જે નીલે રે કહીએ,**
**તેજ રે પીયાકા નેહસુ રે લહીએ.**

(હઝરત પીર મશાયખ(રહે.અ.) બાવા ફરમાવે છે કે તમે ઝાડ તરફ નજર કરો કે બધાં ઝાડ લીલાંછમ દેખાય છે કેમકે તેમણે પીયુજીનું તેજ સ્નેહથી પ્રાપ્ત કરેલું હોય છે.)

**સબ તન પીયાજી ઉનુંને રે જાંના,**
**પીર મશાયખ પીયુ યું પિછાંના.**

(તેમના આખા તને, આખા શરીરે પીયુજીને જાણી લીધો છે. પીર મશાયખ(રહે.અ.) બાવાએ પીયુને આવી રીતે ઓળખી લીધો.)

**સબ રૂખ પાંત પાંત હે રે પીયા,**
**વે ઝિકર રે આખે જો ઉસ તન જીયા.**

(એ ઝાડના દરેકે દરેક પાંદડામાં પીયુજીનો વાસ છે અને તેના તનમાં જે જીવ હોય છે તે ઝિકર કર્યે જ જાય છે.)

**તબ રૂખ વે સુખે જબ નેહ ગમાવે,**
**તબ જા નો અગન માંહી નાખાવે.**

(જયારે કોઈ ઝાડ પોતાના પીયુનો પ્રેમ ગુમાવી દે છે ત્યારે તે ઝાડ સૂકાઈ જાય છે અને ત્યાર પછી તે ઝાડનું લાકડું આગમાં નાખવાને પાત્ર બની જાય છે.)

**તો પીત પીયાકી જિસ તન નાંહાં,**
**તો આગ જલા દે ઉસ તન માંહાં.**

(તો આવી જ રીતે જે તનમાં પીયુજીની પ્રીત ન હોય તો તેવા શરીરને આગ સળગાવી દે છે.)

**જો રે તન અપના પીયાજી નાં જાંના,**
**પીયા બિન બેરાગ મન નાં આંના.**

(જે તનની અંદર પોતાનો પીયુજી નથી એવું જાણવા મળે તો સમજી લેજો કે પીયુ વગર તેના મનમાં વૈરાગ્ય(વિરહ) પેદા નહીં થાય.)

**વે તન જીવતા હોવે રે મુઆ,**
**કે એ દિન પીયા બિના રે'તા હે જુઆ.**

(જે તન એક દિવસ માટે પણ પીયા વગર જુદું રહે તો તો (સમજી લેજો કે) તે શરીર જીવતું હોવા છતાં મરેલું છે.)

**તો દેખોને પપીયા, નાંમ લેવે પીયાકા,**
**તો સુખ એ ગમાવે અપને જીયાકા.**

(હઝરત પીર મશાયખ(રહે.અ.) બાવા ફરમાવે છે કે તમે જુઓ કે ચાતક પક્ષી એટલા માટે તો પોતાના પીયુનું નામ લે છે, પીયુનો ઝિકર કરે છે. જો તે પીયુના ઝિકરને બંધ કરી દે તો પોતાના જીવને જે સુખ મળે છે તેને ગુમાવી દે.)

**પીયા પીયા કે'તા એ ઉડ ઉડ જાવે,**
**જો પીયા બિન ઉસકે નજરૂં નાં આવે.**

(જો ચાતક પક્ષીને (ચંદ્ર રૂપી) પીયુ નજરે ન પડે તો તે પીયુ પીયુનો ઝિકર કરતું કરતું આમ તેમ ઉડવા માંડે છે.)

**પીયા કેરા નેહા હે ઉસે રે અનેરા,**
**તો રે જીભે આખે પીયા રે બોલેરા.**

(ચાતક પક્ષીના દિલમાં પોતાના પીયુજી પ્રત્યે ખૂબ જ અનેરો પ્રેમ હોય છે અને તેથી જ તો તે પોતાની જીભથી પીયુનો ખૂબ જ જાપ જપે છે.)

**નાંમ પીયાકા તો પપીયા તો લેવે,**
**બોત નેહ લાગા તો ઓર રે નાં કે'વે.**

(ચાતક પક્ષી પોતાના પીયુનું નામ લે છે, પીયુનો ઝિકર કર્યે જ જતું હોય છે. તેને પીયુનો ખૂબ નેહ લાગેલો હોય છે અને તેથી તો તે પીયુના ઝિકર વગર બીજું કંઈ કહેતું નથી.)

**જો સબ તન માંહી પીયાજી પિછાંના,**
**તો સબ નાંમ છોડ કર પીયા નાંમ જાંના.**

(જ્યારે તેના આખા શરીરે પીયુને ઓળખી લીધો તો બીજાં બધાં નામ છોડી દઈને માત્ર તેણે પીયુના નામના રટણને જ સાચું જાણ્યું.)

**જબ રે ગમાવે પપીયા રે નેહા,**
**તબ ઉસે ભારી લાગે ઉસકી દેહા.**

(જ્યારે ચાતક પક્ષી પીયુજીનો પ્રેમ ગુમાવી દે છે ત્યારે તેને પોતાનું શરીર ખૂબ ભારે લાગે છે.)

**તબ મુહ રે છુપા કર એસા ઉડ જાવે,**
**નાં પંખી નાં આદમી કોઈ નાં પાવે.**

(જ્યારે ચાતક પક્ષી પીયુજીનો પ્રેમ ગુમાવી દે છે ત્યારે તે પોતાનું મોઢું સંતાડીને ઉડી જાય છે અને ત્યાર પછી કોઈ પણ પક્ષી કે કોઈ પણ માણસ તેને શોધી શકતો નથી.)

**થા એસા નેહા જે પીયા પીયા કે'તા,**
**જો એક તલ પીયા બિના જજુઆ નાં રે'તા.**

**-: રે તુંહી :-**

(તેને એવો પ્રેમ હતો કે જે પીયુ પીયુનો પોકાર કર્યે જતું હતું અને એક ક્ષણ માટે પણ પોતાના પીયુ વગર અલગ રહેતું ન હતું.)

**પીયાજી મેરા પીતસું, ખેલે નેહ કે ચાવ રે,**
**ખેલે નેહ કે ચાવ;**
**જેને વે નેહ નાં જાંનીયા, ઉસકું આગ જલાવ રે,**
**ઉસકું આગ જલાવ.**

(હઝરત પીર મશાયખ(રહે.અ.) બાવા ફરમાવે છે કે મારો પીયુજી પ્રીત દ્વારા, નેહના ભાવ સાથે ખેલ ખેલે છે. જેણે આ નેહને ન ઓળખ્યો તેને આગ જલાવે છે.)

**બયાન નં.૯૩**

**વે કયા જાંને પીયા કેરી બાતી,**
**જે પીયા સંગ ગયા ન દિલ નાં રાતી.**

(હઝરત પીર મશાયખ(રહેમતુલ્લાહ અલયહા) બાવા ફરમાવે છે કે એ માણસ પીયુની બાબતને શું જાણી શકે કે જે એક દિવસ માટે અથવા એક રાત માટે પણ પીયુના સંગમાં, પીયુના સહવાસમાં ગયો ન હોય.)

**જિસ તન નેહ પીયાકા નાં આયા,**
**તો પીયા કેરે મનકું વે રે નાં ભાયા.**

(જેના શરીરમાં પીયુજીના પ્રેમે પ્રવેશ જ ન કર્યો હોય તો તે માણસ પીયુજીના મનને પસંદ પડ્યો નથી (એમ સમજવું).)

**બિરહા કરવત જે નેહ નાં જાંના,**
**દરદ પીયાકા જેનો નાં પિછાંના.**

(જે માણસે પોતાના દિલ ઉપર કરવત ફરતી હોય તેવા વિરહનો અનુભવ ન કર્યો હોય તેણે પીયુના વિરહનું દરદ જાણ્યું જ નથી.)

**કરવત બિરહા જિસકું નાં આયા,**
***ને સર પર કરવત ઉસકે નાં વા'યા.**

---

***જિસ શિર**

(જેના માથા ઉપર કરવત ન ફરી હોય તેના ઉપર કરવત ફરતી હોય તેવો પીયુનો વિરહ આવ્યો જ નથી.)

**વાઢ કરવતકા જિસ શિર નાંહાં,**
**તો નેહ પીયાકા નાં ઉસ તન માંહાં.**

(જેના માથા ઉપર કરવતનો વાઢ, કરવતનો કાપો થયો નથી તો તેના તનમાં પીયુજીનો નેહ હજુ સુધી આવ્યો જ નથી.)

**વાઢ રે કરવત એસા લહીએ,**
**કાંક રે નેહકે ઉસકું નાં કહીએ.**

(કરવતનો વાઢ, કરવતનો કાપો તો આવો કહેવામાં આવે છે કે તેને કંઈ નેહના કાંકરા કહી શકાય નહીં.)

**તન જો અપના યું પીયા સંગ ખોવે,**
**તો કદી મેરા પીયુજી તુજ સાંમી જોવે.**

(માણસ જો પોતાનું તન પીયુજીના સંગમાં, પીયુજીની સોહબતમાં ખોઈ ન નાખે તો મારો પીયુજી કદી પણ તારા તરફ નજર સુધ્ધાં નહીં કરે.)

**વે તો અનેરા હે ઢોલન પીયા,**
**તો ઉસ સંગ અપના ક્યું ખોયે નાં જીયા.**

(પીયુજી તો એક અનેરા પ્રકારનો પ્રીતમ છે, અનેરા પ્રકારનો માશૂક છે તો પછી તેની સોહબતમાં પોતાનો જીવ ન્યોછાવર શા માટે ન કરવો ?)

**એસા જો નેહા મનસું કરીજે,**
**તો પીયાજી એ અપના કદી રે પતીજે.**

(જો પીયુજીની સાથે પોતાના મનથી આવો નેહ કરવામાં આવે તો કદાચ તારો પીયુજી તારાથી રાજી થઈ જાય.)

**જિસ તન પીયાકા નેહ નાં આયા,**
**યું તુજે મુરખ પીયાજી નાં પાયા.**

(જે તનમાં પીયુજીનો નેહ આવ્યો જ નથી તો શું પીયુજીએ તેને મૂરખ સમજી લીધો નથી ?)

**પીયા હે રે રંગી, વે બોત ગુણગારા,**
**ગમાંન ઉસકું હે બોત અપારા.**

(પીયુજી ખૂબ જ રંગ રંગીલો છે અને ઘણા સદ્‌ગુણો (સિફતો)નો માલિક પણ છે. તેનામાં પાર વગરનું સ્વાભિમાન છે.)

**તો ડર તો તેરા પીયાકું નાં આવે,**
**તો કાહે તું રૂઠ કર પીયાકું ડરાવે ?**

(તારાથી પીયુજીને જરા પણ ડર લાગવાનો નથી તો પછી તું રિસાઈ જઈને પીયુજીને શા માટે ડરાવે છે ?)

**અનું ઢંગું પીયાજી નાં હોવે રે તેરા,**
**રંગ પીયાકા હે સબસુ અનેરા.**

(આવા ઢંગોથી, આવી રીતભાતથી તો પીયુજી કદી પણ તારો થવાનો નથી. પીયુજીનો રંગ (સિબગતિલ્લાહ) તો બધા રંગો કરતાં અનેરા પ્રકારનો છે.)

**તો જિસકું રે બિરહા પીયાકા નાં લાગા,**
**તો મુરખ સુતા, પીયા સંગ નાં જાગા.**

(તો જેના તન બદનમાં પીયુજીનો વિરહ લાગ્યો નથી તો તે સૂઈ રહેલ એવા મૂરખ (જેવો) છે કે જેનો પોતાનો પીયુ તેના સંગમાં હોવા છતાં તે જાગ્યો નથી.)

**જો પીયા નેહ જિસ તન દેખીયા નાંહા,**
**તો આગ લગા દે ઉસ તન માંહાં.**

(જો જેના શરીરે પીયુજીનો સ્નેહ જોયો જ ન હોય તો તેવા શરીરને તું આગમાં સળગાવી દે.)

**તો પીત બિના પીયાજી નાં આવે અપના,**
**તો નિત ઉઠ નેહસું યું જાપ જપના.**

**-: રે તુંહી :-**

(તો પ્રીત વગર પોતાના પીયુજીને કદી પ્રાપ્ત કરી ન શકાય. માટે જ તો દરરોજ ઊઠીને 'રે તુંહી'નો આ રીતે જાપ જપવો જોઈએ.)

**એસા મેદાંન પીયાકા, જું કરવત ખાંડા ધાર રે,**
**જું કરવત ખાંડા ધાર;**
**જેને વે દુઃખ નાં જાંનીયા, ઉસે પીયા છોડા બિસાર રે,**
**ઉસે પીયા છોડા બિસાર.**

(જેવી રીતે તલવારની ધાર જેવી કરવત ફરતી હોય તેવું પીયુજીનું મેદાન છે. જેણે આ દુઃખનો અનુભવ કર્યો નથી તેણે પોતાના પીયુજીને છોડીને વિસારી દીધો.) *

મૌલા અલી(અ.)ના જીવન પ્રસંગો પર આધારિત કિતાબ

# અલ ઈર્શાદ

:: લેખક ::
શેખ મુફીદ

**શેખ મુફીદનો સંક્ષિપ્ત પરિચય :**

શેખ મુફીદનું અસલ નામ મોહંમદ ઈબ્ને મોહંમદ નોઅમાન અલ બગદાદી અલ કરખી છે અને તેમની કુન્યિત અબુઅબ્દિલ્લાહ હતી અને તેમનો લકબ ઈબ્ને મોઅલ્લિમ હતો. અરબમાં અરસ્તૂને **'મોઅલ્લિમ'**ના નામથી ઓળખવામાં આવતો હતો અને તે નામને ખૂબ મહત્વ આપવામાં આવતું હતું કેમકે શેખ મુફીદ પણ ઈલ્મના ઉચ્ચ દરજ્જા પર બિરાજમાન હતા. તેથી તેમને પણ આ લકબ આપવામાં આવ્યો હતો અને તેમને અરસ્તૂનો દીકરો કહેતા હતા. પરંતુ પાછળથી જે લકબે તેમને દુન્યવી પ્રસિધ્ધિ અપાવી તે **શેખ મુફીદ**નો લકબ હતો. આ લકબ પણ ઈલ્મ્ તરફ સંકેત આપે છે કેમકે તે સમયગાળામાં **'શેખ'** શબ્દ આલિમ માટે વપરાતો અને **'મુફીદ'** ફાયદો પહોંચાડનાર માટે વાપરવામાં આવતો હતો.

શેખ મુફીદનો જન્મ હિજરી સન-૩૩૬(ઈ.સ.૯૫૦)માં અથવા હિજરી સન-૩૩૮ (ઈ.સ.૯૫૦)માં અકબરા ઈરાકમાં થયો હતો. બાળપણમાં તેમને બગદાદ લાવવામાં આવ્યા કે જ્યાં તેમનો ઉછેર થયો. બગદાદમાં ઈલ્મનો સિલસિલો ચાલુ રાખ્યો અને ઈલ્મ પ્રાપ્તિથી ફારેગ થયા પછી બગદાદમાં જ સબક આપવાનું અને પઢાવવાનું કાર્ય શરૂ કર્યું તેથી તેમને **'અલ બગદાદી'** કહેવાય છે. બગદાદના એક જિલ્લાનું નામ કર્ખ હતું કે જ્યાં શીઆહ લોકોની બહુમતી હતી ત્યાં રહીને તેમણે તાલીમ પ્રાપ્ત કરી હતી અને પાછળથી મોઅલ્લિમ તરીકેની ફરજો પણ જિલ્લામાં પૂર્ણ કરી હતી. તેથી તેમને **'કર્ખી'** કહીને બોલાવતા.

અકીદાની દ્રષ્ટિએ તેઓ શીઆહ હતા અને બાર ઈમામોને માનનારા હતા. એમનો જમાનો બગદાદમાં શીઆ લોકોની આઝાદીનો સમયગાળો હતો, ખાસ કરીને શીઆ ઉલ્મા અને સ્કોલર્સને ખાસી આઝાદી મળેલી હતી. તેથી કોઈ પાબંદી કે રોકટોક ન હતી.

---

**ઈમામ અલી(અ.)ના એ પ્રસંગોની માહિતી કે જે આપની વફાત વિષે પ્રગટ થવાના હતા.**

*(આ માહિતી અલી બિન મંઝર અલ તરીકીના હવાલાથી બયાન કરવામાં આવે છે. તેમણે આ માહિતીને અબુલફઝલ અલ અબ્દીથી બયાન કરી. તેમણે તેને ફિતરના હવાલાથી બતાવી છે. તેમણે તેને અબી અલ તફીલ આમર બિન વાસેલા (રઝી.)ના હવાલાથી બયાન કરી છે. મવખ્ખર અલ ઝિકરે બતાવ્યું છે કે...)*

અમીરુલ મોમિનીન(અ.)એ લોકોને ભેગા કર્યા જેથી તેમનાથી ઈતાઅત લઈ શકાય. અબ્દુર રહેમાન બિન મુલ્જિમ અલ મુરાદી(લાઅનતુલ્લાહ) પણ આવ્યો. પરંતુ હઝરત અલી(અ.)એ તેની ઈતાઅત કબૂલ કરવાથી ઈન્કાર કરી દીધો. બે ત્રણ વખત એવું થયું. છેવટે તેની ઈતાઅતને મંજૂર કરી લેવામાં આવી. જ્યારે તે ઈતાઅત કરી રહ્યો હતો ત્યારે હઝરત અલી(અ.)એ તેને કહ્યું,

'કોમના બદતરીન માણસને (બદતરીન અમલ કરવાથી) કોણે રોક્યો છે ? હું એની કસમ ખાઉં છું કે જેના હાથમાં મારી જાન છે કે એક દિવસ તું તેને (ખૂનથી) રંગીન કરીશ.'

આટલું કહીને આપે પોતાનો હાથ પોતાની

દાઢી અને માથા ઉપર ફેરવ્યો. જ્યારે ઈબ્ને મુલ્જિમ પાછો ચાલ્યો ગયો તો આપે આ શેઅર પઢ્યો તેનો ભાવાર્થ આ મુજબ છે :

**મોત આ રહી હૈ તુમ અપને સીનેકો સખત કર લો,**
**હક તો યે હૈ કે મોત તુમ્હારે પાસ આ ગઈ,**
**મૌત પર આંસૂ મત બહાના ન ગમ કરના,**
**જબ મૌત ઉસ વાદીમેં આયે જહાં તુમ રહેતે હો.**

*

*(આ બયાન હસન બિન મહેબૂબથી સંબંધિત છે કે જેમણે અબુ હમ્ઝા સિમાલીના હવાલાથી અને તેમણે અબી ઈસ્હાક અસ્સબીઈના હવાલાથી અને તેમણે અસ્બગ બિન નબાતાના હવાલાથી બયાન કર્યું છે જેમણે બતાવ્યું છે કે)*

અમીરુલ મોમિનીન(અ.)ની પાસે ઈબ્ને મુલ્જિમ આવ્યો અને આપના હાથો ઉપર બયઅત કરી જેવી રીતે કે બીજા લોકો કરી રહ્યા હતા. પછી તે ચાલ્યો ગયો ત્યારે અમીરુલ મોમિનીન(અ.)એ તેને બૂમ પાડીને પાછો બોલાવ્યો અને તેને ચેતવણી આપી કે -

'જે બયઅત તેં કરી છે તેના ઉપર ભરોસો કાયમ રાખજે અને દગો ન દેતો અને જે અહદ કર્યો છે તેને તોડતો નહીં.'

જ્યારે તે ફરીથી જવા લાગ્યો તો અમીરુલ મોમિનીન(અ.)એ તેને બીજી વાર બોલાવ્યો અને કહ્યું,

'જોજે ભરોસો કાયમ રાખજે, દગો ન દેતો અને અહદને તોડતો નહીં.'

ઈબ્ને મુલ્જિમ(લા.)એ જવાબ આપ્યો,

'ખુદાની કસમ, અય અમીરુલ મોમિનીન ! મેં જોયું નથી કે આપે આ મુજબની વાત મારા સિવાય કોઈ બીજા સાથે કરી હોય.'

ત્યારે અમીરુલ મોમિનીન(અ.)એ ફરમાવ્યું,

'હું તેની દોસ્તીની ઈચ્છા રાખું છું અને તે મારું મોત ઈચ્છે છે. તે એવું ઉઝ્ર (બહાનુ) રજૂ કરી રહ્યો છે કે જાણે તે મારો જીગરી દોસ્ત હોય કે જેનો સંબંધ (કબીલએ) મુરાદથી છે.'

અમીરુલ મોમિનીન(અ.)એ પોતાનું બયાન ચાલુ રાખતાં ફરમાવ્યું,

'ઈબ્ને મુલ્જિમ ! બસ જાઓ. મારું યકીન છે કે તમે તમારો અહદ તોડી નાખશો.'

*

*(જાફર બિન સુલયમાન ઝઅબીએ બિન ઝિયાદના હવાલાથી લખ્યું છે કે તેમણે બતાવ્યું.)*

અબ્દુર્ર રહેમાન બિન મુલ્જિમ (લાઅનતુલ્લાહ) અમીરુલ મોમિની(અ.)ની પાસે આવ્યો અને બોલ્યો,

'અય અમીરુલ મોમિનીન ! મને એક ઘોડો અપાવી દો.'

અમીરુલ મોમિનીન(અ.)એ તેના તરફ ધ્યાનપૂર્વક જોયું અને ફરમાવ્યું,

'શું તમે અબ્દુર્ર રહેમાન બિન મુલ્જિમ અલ મુરાદી છો ?'

તેણે જવાબ આપ્યો,

'જી, હા.'

અમીરુલ મોમિનીન(અ.)એ બૂમ પાડીને કહ્યું,

'ગઝવાન ! આને એક કાબરચિતરો ઘોડો આપી દો.'

નોકર ઘોડો લઈને હાજર થયો અને ઈબ્ને મુલ્જિમને આપ્યો. તે ઘોડા ઉપર સવાર થઈને ચાલ્યો ગયો. જ્યારે તે ચાલ્યો ગયો તો અમીરુલ મોમિનીન(અ.)એ કહ્યું,

'હું આ માણસ સાથે દોસ્તી કરવા ઈચ્છું છું પરંતુ તે મારું મોત ઈચ્છે છે. જે માણસ મુરાદ (કબીલા)નો છે અને દ્વેષભાવ રાખનારો છે. શું તે

મારો જિગરી દોસ્ત હોઈ શકે ખરો ?

જ્યારે તેણે એવું કરી દેખાડ્યું કે જે તે કરવા ઈચ્છતો હતો અને અમીરુલ મોમિનીન(અ.)ના સર મુબારકને ચીરી નાખ્યું તો તે મસ્જિદમાંથી બહાર નાઠો પરંતુ હાજર રહેલા નમાઝીઓએ તેને પકડી લીધો અને અમીરુલ મોમિનીન(અ.)ની સામે રજૂ કર્યો,

અમીરુલ મોમિનીન(અ.)એ તેને કહ્યું,

'મેં હંમેશાં તમારી સાથે સારો વ્યવહાર કર્યો જો કે મને ખબર હતી કે તમે મારા કાતિલ છો. મેં તમારી સાથે સારો વ્યવહાર એટલા માટે કર્યો હતો કે જેથી મને અલ્લાહની ખુશનૂદી પ્રાપ્ત થઈ શકે.'

આ સિવાય પણ ઘણી બધી હદીસો છે કે જેમાં આપે પોતાની શહાદતની ખબર ઘણા સમય પહેલાં પોતાના ઘરના માણસોને અને મિત્રોને આપી દીધી હતી.

*

*(અબુ ઝૈદ અહવાલે અજલઅના હવાલાથી હદીસ બયાન કરી છે અને તેમણે શેખ કંદીના હવાલાથી બયાન કર્યું છે. અજલએ કહ્યું છે કે તેમણે શેખ કંદીથી આ હદીસ ઓછામાં ઓછી વીસ વખત સાંભળી છે.)*

મિમ્બર ઉપરથી હઝરત અલી(અ.)એ ફરમાવ્યું,

'કોમના બદબખ્ત માણસને હજુ સુધી કઈ બાબતે રોકી રાખ્યો છે કે તેણે મને અને મારા ઉપરના ભાગને ખૂનથી રંગીન કેમ કર્યો નથી ?'

આટલું કહીને આપે પોતાનો હાથ પોતાની દાઢી ઉપર મૂક્યો. (ક્રમશઃ)

**G. K. Corner Solution 120**

(૧) કાળિયાર (૨) ઈ.સ.૧૯૭૦થી (૩) ૧૫-જાન્યુઆરી (૪) વિટામીન સી (૫) ઈરાક (૬) ઉત્તર પ્રદેશ (૭) ડુંગળીમાં (૮) પ્લેગ


Sirajali V. Palsaniya 9408973429
Abbasali R. Nodoliya 9429741525

- Computer Sales & Services,
- Toner Refiling,
- Printer Repering,
- C.C.T.V Camera,
- Laptop Services,
- Networking Solution

YAM infotech

COMPUTER SALES & SERVICE

yam_info@yahoo.com

G/46, HIRAPANNA COMPLEX, opp. GUNJ MARKET, SIDHPUR

મંજુરઅહેમદ આઈ. ભાગળીયા (કાકોશીવાળા)



ફોન : ૦૨૭૬૬ - ૨૨૦૪૨૯

મો. : ૯૪૨૯૩ ૮૪૧૨૪

**ગેલેક્સી ઈન્ફોટેક**

→ કોમ્પ્યુટર વેચાણ અને રીપેરીંગ.

→ લેપટોપ વેચાણ અને રીપેરીંગ.

→ જુના તથા નવા કોમ્પ્યુટર અને લેપટોપ મળશે.

→ કોમ્પ્યુટરને લગતી તમામ એસેસરીઝ મળશે.

→ દરેક કંપનીના કોમ્પ્યુટર એસેમ્બલીંગ અને લેપટોપ મળશે.

→ Hotels & office & college CCTV Camera installation

ડેસ્ટોપ, લેપટોપ, પ્રિન્ટર, સ્કેનર, સોફ્ટવેર એસેસરીઝ

(અમારા ત્યાં દરેક રીપેરીંગ કામકાજ સંતોષકારક કરી આપવામાં આવશે)

૧૦૬, પહેલો માળ, પાલિકા બજાર, રાજમહેલ રોડ, પાટણ

કુરઆને મજીદના

# સૂરાઓનો પરિચય

સૂરા નં.૬૯ સૂરએ હાક્કહ

(ગતાંકનું ચાલુ)

ત્યાર પછીની આયતોનો અનુવાદ : **કે જેનાં ફળો (ઝુકી) જઈ એકદમ પાસે (થયેલાં) હશે.(૨૩)**

**(તેમને કહેવામાં આવશે કે) ભૂતકાળમાં તમે પ્રથમ જે જે કાંઈ કરી ચૂક્યા છો તેના બદલામાં હવે સુખેથી ખાઓ પીઓ. (૨૪)**

જન્નતના ફળો તેની નજીક હશે અને તે આરામથી તેને મેળવી શકશે અને તે એક ફળ તોડશે તો તેની જગ્યાએ બીજું ફળ હાજર થઈ જશે.

જન્નતનો રિઝવાન તેમને કહેશે કે અય જન્નતીઓ ! ભૂતકાળમાં તમે જે નેક આમાલ કર્યા હતા તેના બદલામાં હવે સુખેથી ખાઓ-પીઓ અને જન્નતીઓને કુદરત તરફથી એક અવાજ આવશે કે તમે દુનિયામાં ભૂખ અને પ્યાસની જે તકલીફો વેઠી છે તેનો આજે તમને બદલો આપવામાં આવે છે.

ત્યાર પછીની આયતોનો અનુવાદ : **અને રહ્યો તે કે જેનું લખાણ તેના ડાબા હાથમાં આપવામાં આવશે ત્યારે તે કહેશે કે કેવું સારું થાત કે મારું લખાણ જ મને આપવામાં આવ્યું ન હોત. (૨૫)**

**અને મારો હિસાબ શો છે તે પણ મેં જાણ્યું ન હોત ! (૨૬)**

**અને મૃત્યુએ (મારો સમુળગો) ફેંસલો કરી નાખ્યો હોત તો ઠીક થાત ! (૨૭)**

**(અફસોસ) મારી સંપત્તિ તો મારા કશા કામમાં ન આવી. (૨૮)**

**મારી સત્તા પણ મારી પાસેથી ચાલી ગઈ.(૨૯)**

**(આજ્ઞા થશે કે) એને પકડો. પછી તેના ગળામાં તોક (સાંકળ) નાખો. (૩૦)**

**પછી તેને જહન્નમમાં હોમી દો. (૩૧)**

જે વ્યક્તિને તેનું આમાલનામુ તેના ડાબા હાથમાં આપવામાં આવશે તે પોતાના ખરાબ કૃત્યો જોઈને કહેશે કે અફસોસ, મારું આમાલનામુ મને આપવામાં આવ્યું ન હોત. કાશ કે હું ન જાણત કે મારો હિસાબ શું છે કારણ કે તેમાં અફસોસ સિવાય બીજું કંઈ નથી.

અય કાશ ! મૃત્યુએ મારો સમુળગો ફેંસલો કરી નાખ્યો હોત તો ઠીક થાત. અફસોસ કે મારી દોલત મારા કશા પણ કામમાં ન આવી, મારી સત્તા અને મારી હુકૂમત ચાલી ગઈ. આ પાંચેય આયતોનો ખુલાસો એ છે કે જેણે જહન્નમમાં જવા લાયક કૃત્યો કર્યાં હશે તે કયામતના દિવસે જે પસ્તાવો અને અફસોસ કરશે તે કંઈ કામ આવશે નહીં.

જહન્નમના ફરિશ્તાઓને હુકમ થશે કે એને પકડો અને તેના ગળામાં તોક નાખો. પછી જહન્નમમાં ફેંકી દો.

ત્યાર પછીની આયતોનો અનુવાદ : **પછી એક એવી સાંકળથી કે જેની લંબાઈ સિત્તેર હાથની હોય, તેને જકડી દો. (૩૨)**

**અને ન નિરાધારોને ખવડાવવા માટે (લોકોને) ઉત્તેજન આપતો હતો. (૩૪)**

**માટે અહીં આજે ન તેનો કોઈ દિલસોઝ મિત્ર છે. (૩૫)**

**અને ન પરૂના સિવાય તેનો કોઈ બીજો ખોરાક (૩૬)**

**જે ગુનેહગારો સિવાય અન્ય કોઈ ખાશે નહીં. (૩૭)**

**માટે તે (વસ્તુઓ)ની કસમ કે જે તમે જુઓ છો. (૩૮)**

**અને તેની પણ કે જે તમે જોતા નથી.(૩૯)**

પછી એક એવી સાંકળમાં કે જેની લંબાઈ ૭૦ હાથ લાંબી હોય, તેનાથી તેને જકડી લો. તે એ જ છે કે જે બુઝુર્ગીવાળા અલ્લાહ ઉપર ઈમાન લાવતો ન હતો.

હઝરત ઈમામ જાફર સાદિક(અ.)એ ફરમાવ્યું

કે એ ગુનેહગારોને બાંધવાની સાંકળનો એક આંકડો જો દુનિયામાં રાખવામાં આવે તો તેની ગરમીથી તમામ દુનિયા બળી જાય અને તે નિરાધારોને ખવડાવવા માટે ઉત્તેજન આપતો ન હતો.

અહીં આજે ન તેનો કોઈ દિલસોઝ મિત્ર છે કે જે તેને અઝાબથી બચાવી શકે અને પરૂ સિવાય તેનો બીજો કોઈ ખોરાક નથી.

તે ખોરાક કોઈ નથી ખાતું પણ એ ગુનેહગારો કે જેઓ જાણી જોઈને ખુદાના શરીક નિર્માણ કરતા હતા માટે તે(વસ્તુ)ની કસમ કે જે તમે જુઓ છો અને એની પણ કે જે તમે જોતા નથી. આ સ્થળે એ જાણવું જરૂર છે કે આમાં બધી વસ્તુ આવી ગઈ એટલે સુધી કે બધી વસ્તુઓની કસમ આવી ગઈ છે.

ત્યાર પછીની આયતોનો અનુવાદ : **ખચીત જ આ (કુરાન) એક માનવંત ફરિશ્તાએ લાવેલો સંદેશો છે. (૪૦)**

**અને આ કોઈ કવિના શબ્દો નથી; પણ તમે લોકો ઘણો થોડો વિશ્વાસ રાખો છો.(૪૧)**

**અને ન આ કોઈ જ્યોતિષની (કલ્પિત) વાતો છે; (પરંતુ) તમે લોકો ઘણો થોડો વિચાર કરો છો. (૪૨)**

**આ (કુરાન) તો તમામ જગતના પરવરદિગાર તરફથી ઊતારવામાં આવ્યું છે.(૪૩)**

**અને જો અમારી વિરૂધ્ધ કોઈ વાત ઉપજાવી કાઢી હોત. (૪૪)**

**તો અમોએ તેનો જમણો હાથ પકડી લીધો હોત. (૪૫)**

**પછી અમોએ તેની ધોરી રગ જરૂર કાપી હોત. (૪૬)**

આ કુરાન માનવંતા પયગમ્બર(સ.) ઉપર નાઝિલ થયેલ કલામ છે. આ કુરાન કોઈ કવિના શબ્દો નથી, પણ તમે લોકો ઘણો ઓછો વિશ્વાસ રાખો છો અને આ કોઈ જ્યોતિષની કલ્પિત વાતો નથી, પરંતુ તમે લોકો ઘણો થોડો વિચાર કરો છો.

કુરાન તમામ સૃષ્ટિના પાળનાર પરવરદિગાર તરફથી જનાબે જિબ્રઈલ મારફત હઝરત મોહંમદ(સ.) ઉપર નાઝિલ થયેલ છે અને જો (ધારો) કે મોહંમદ(સ.)એ કેટલીક વાતો ઉપજાવી કાઢી હોત જેમકે તમારું ગુમાન છે તો તેનો જમણો હાથ પકડી લીધો હોત.

પછી અમોએ તેની ધોરી રગ જરૂર કાપી નાખી હોત, મતલબ એ કે જો તેમણે એવું કર્યું હોત તો અમે આ પ્રમાણે કરત.

ત્યાર પછીની આયતોનો અનુવાદ : **તો તમારામાંથી કોઈ પણ તેમ કરતાં અટકાવી શક્યો ન હોત. (૪૭)**

**અને એમાં શક નથી કે આ(કુરાન) પરહેઝગારો માટે બોધ છે. (૪૮)**

**અને આ પણ અમે અવશ્ય જાણીએ છીએ કે તમારામાંથી કેટલાક જૂઠલાવનારા છે.(૪૯)**

**અને એમાં શક નથી કે આ (કુરાન) નાસ્તિકો માટે ખેદ(નું કારણ) છે. (૫૦)**

**અને ખચીત જ આ ખાતરીપૂર્વક સત્ય છે.(૫૧)**

**માટે (અય રસૂલ !) તું તારા મહાન રબના નામની તસ્બીહ પઢ. (૫૨)**

તો તમારામાંથી કોઈ પણ અમને તેમ કરતાં અટકાવી શક્યો ન હોત.

ખરેખર આ કુરાન પરહેઝગારો માટે બોધપાઠ છે અને ખરેખર અમો જાણીએ છીએ કે કેટલાક તમારામાંના કુરાનને જૂઠલાવનારા છે. અમો તેમને સજા કરીશું. કેટલાક કહે છે કે આ સંબોધન મુસલમાનો તરફ છે.

જ્યારે કાફરો મોમિનોનો સવાબ જોશે ત્યારે ખરેખર તે કુરાન તે લોકો માટે પસ્તાવાનું કારણ થશે.

ખરેખર આ કુરાન હક છે, તે એટલું ખાતરીપૂર્વકનું છે કે તેમાં લેશમાત્ર શંકા નથી.

અલ્લાહ તઆલા ફરમાવે છે કે તારા પરવરદિગારની તસ્બીહ કર તે તમામ એબથી પાક અને નિર્મળ છે. હઝરત ઈમામ ઝયનુલ આબેદીન(અ.)એ ફરમાવ્યું છે કે જે કોઈ આશ્ચર્ય થયા વગર **'સુબ્હાનલ્લાહીલ અઝીમે વબે હમ્દે'** તસ્બીહની નિય્યતથી કહે તો અલ્લાહ તેના માટે એક લાખ નેકીઓ લખશે, ૩૦૦૦ ગુનાહ માફ કરશે અને ૩૦૦૦ દરજ્જા બુલંદ કરશે. ✻

ફારસીના મહાન કવિ શેખ સાઅદીની

# શાયરીનો રસાસ્વાદ

**'ગુલિસ્તાન'માંથી પસંદ કરેલ પંક્તિઓ**

**Meanness (હલકટતા)**

ابـــر اگـــر آبِ زنـــدگـی بـــارد
هـــرگـــز از شاخِ بیـد بـر نـخوری
بـا فـرومـایـــه روزگـار مـبـــر
کـز نـیِ بـوریـا شـکـر نـخـوری

**અબ્ર અગર આબ ઝિંદગી બારિદ**
**હરગિઝ અઝ શાખે બૈદ બર નખૂરી**
**બા ફરૂમાયા રોઝગાર મબર**
**કઝ નયે બૂર્યા શક્કર નખૂરી**

(જો કદાચ જીવન રૂપી પાણી વાદળોમાંથી વરસતું હોય તો પણ તમે કદી નેતરના ઝાડની ડાળીમાંથી ફળો ન મેળવત. હલકા લોકોની સોહબત ન કરો કેમકે સામાન્ય બરૂના સાંઠામાંથી તમે કદી ખાંડ પ્રાપ્ત કરી શકવાના નથી.)

عاقبت گـرگ زاده گـرگ شـود
گـرچـه بـا آدمـی بـزرگ شـود

**આકેબત ગર્ગઝાદા ગર્ગ શૂદ**
**ગરચે બા આદમી બુઝુર્ગ શૂદ**

(વરૂનું બચ્ચું છેવટે તો વરૂ જ બનવાનું છે ભલેને પછી તેને માણસ જાતની સોબતમાં રાખો.)

خوی بد در طبیعتی که نشست
نـرود جـز بـه وقـت مـرگ از دست

**ખવી બદ દર તબીઅતી કે નશસત**
**નરૂદ જઝબા વકત મર્ગ અઝ દસ્ત**

(માણસનો તુમાખી મિજાઝવાળો સ્વભાવ તેને ત્યાં સુધી છોડતો નથી કે જ્યાં સુધી તે મરણ પામે.)

چو با سفله گویی به لطف و خوشی
فـزون گـرددش کِـبـر و گـردنکشی

**ચૂ બા સફલા ગવી બે લુત્ફ વ ખુશી**
**ફઝૂન ગરદીદશ કબર વ ગરદંકુશી**

(જો તમે કોઈ હલકટ માણસ સાથે દયાપૂર્વક અને નમ્રતાપૂર્વક વાત કરશો તો તે વધારે ઘમંડી અને શિરજોર બનશે.)

**Melodious Voice (મધુર સ્વર)**

آواز خـوش ازکام و دهـان و لـب شیریـن
گـر نـغـمه کـند ور نـکـند، دل بفـریبـد
ور پردهٔ عشّاق و خراسان و حجاز است
از حـنـجـرهٔ مـطـرب مـکـروه نـزیبـد

**આવાઝ ખુશ અઝકામ વ દહાન વ લબ શીરીન**
**ગર નગમા કુનદ વર નકનદ દિલ બફરીબદ**
**વર પર્દા ઉશાક વ ખુરાસાન વ હિજાઝ અસ્ત**
**અઝ હંજરએ મતરબ મકરૂહ નઝીબદ**

(મધુર તાળવામાંથી, મોઢામાંથી અને હોઠોમાંથી નીકળેલો આનંદદાયક સ્વર, ભલેને પછી તે સંગીત સાથે હોય કે સંગીત વગર, સાંભળનારનું દિલ જીતી લે છે. પરંતુ આશાક, ખોરાસાન અને હિજાઝની સંગીત પધ્ધતિઓનો ઉપયોગ કરીને કોઈ ઘૃણાસ્પદ ગાયક દ્વારા ગાયેલું ગીત, કાનોને પણ ઘૃણાસ્પદ જ લાગશે.)

નોંધ : આશાક, ખોરાસાન અને હિજાઝ આ ત્રણ ફારસી સંગીતની પધ્ધતિઓ છે જેવી કે ભારતીય સંગીતમાં જુદા જુદા રાગ હોય છે.

چـه خـوش باشـــد آواز نـرم حـزیـن
بـه گـوش حـریـفـان مـسـت صبـوح
بـــه از روی زیـبـــاسـت آواز خـــوش
که آن حـظّ نـفس است و این قوت روح

**ચે ખુશ બાશદ આવાઝ નરમ હઝીન**
**બે ગોશ હરીફાન મસ્ત સબૂહ**

**બો અઝ રવી ઝેબાસ્તા આવાઝ ખુશ**
**કે આન હઝઝ નફસ અસ્ત વ ઈન કુવ્વત રૂહ**

(સુબ્હના ઘૂંટડાથી માદક બનેલા કાનો માટે નરમ અને ગમગીન અવાજ કેવો આલ્હાદક લાગે છે ! સુંદર ચહેરા કરતાં મધુર અવાજ વધારે સારો છે કેમકે સુંદરતા માત્ર શારીરિક આનંદ આપે છે જ્યારે સારો અવાજ રૂહને પોષણ આપે છે.)

**Misdeed (ખરાબ કૃત્ય)**

**چـو از قـومـــی یـکـی بی دانشی کرد**
**نـه کِـه را منزلـت مـانـد، نه مِه را**

**ચૂ અઝ કૂમી યકી બી દાનિશી કર્દ**
**નો કે રા મંઝેલતા માનિદ નો મે રા**

(જ્યારે જ્ઞાતિમાંથી કોઈ માણસ કોઈ મૂર્ખાઈ ભરેલું કૃત્ય કરે છે ત્યારે યુવાનો તેમજ વડીલો બન્ને પોતાનું ગૌરવ ગુમાવે છે.)

**Miserliness (કંજૂસાઈ)**

**مکن نماز برآن هیـچـکس کـه هیـچ نکرد**
**که عمر در سر تحصیل مال کرد و نخورد**

**મકન નમાઝ બર આન હૈચકસ કે હૈચ નકરદ**
**કે ઉમર દર સર નહસીલ માલ કર્દ વ નખૂરદ**

(એવા દુ:ખી કંજૂસની રૂહના સવાબ અર્થે નમાઝ ન પઢતા કે જેણે સખાવતનું કોઈ પણ કાર્ય ન કર્યું હોય અને જેણે પોતાની આખી જિંદગી ધનને કોઈ સારા કાર્યમાં વાપરવાને બદલે ધનને ભેગું કરવામાં જ વેડફી નાખી હોય.)

**پیـش درویشـان بـود خـونـت مُبـاح**
**گـر نبـاشـد درمیان مـالــت سبیـل**
**دوسـتــی با پیـلبـانـان یــا مـکـــن**
**یا بنا کـن خـانــه ای در خـورد پیل**

**પોશ દરવેશાન બૂદ ખૂનાત મુબાહ**
**ગર ન બાશદ દરમિયાન માલત સબીલ**
**દોસ્તી બા પૈલબાનાન યા મકન**
**યા બના કન ખાના અય દર ખુર્દ પીલ**

(જો તમારા ધનમાં દુરવેશ માટે કોઈ ભાગ ન હોય તો કોઈ પણ જાતની શિક્ષા વગર તમારું લોહી વહાવવું મુબાહ છે. કાં તો હાથીના મહાવતની સાથે દોસ્તી ન કરો કે કાંતો એવું ઘર બનાવો કે જે હાથીને રહેવા માટે પૂરતું મોટું હોય.)

**دریــغــا! گـردن طاعـــت نـهـادن**
**گــرش هـمـراه بـودی دســت دادن**
**بـه دیناری چو خر در گِل بـمـانـند**
**ور الحمدی بخواهی، صد بخوانند**

**દરીગા ! ગર્દન તાઅત નહાદન**
**ગરશ હમરાહ બૂદી દસ્ત દાદન**
**બે દીનારી ચૂ ખર દર ગિલ બમાનનદ**
**વર અલ્હમ્દી વ ખ્વાહી સદ બખવાનનદ**

(અફસોસ અલ્લાહની ફરમાબરદારી ઉદારતા સાથે જોડાયેલી હોવી જોઈએ. જો તમે એક દીનાર દાન તરીકે માગો તો તેઓ કાદવમાં ચોંટી ગયેલા ગધેડાની માફક ઉપકાર કરવાની ના પાડશે. પરંતુ જો તમે તેમને નમાઝ પઢવાનું કહેશો તો તેઓ તમને એકસો ફાતેહા અર્પણ કરશે.

**નોંધ :** સૂરએ ફાતિહા કુરાને પાકનો પ્રારંભિક સૂરો છે અને તે રોજિંદી નમાઝોમાં અને મર્હૂમને બક્ષવા માટે પઢાય છે.

**کـریـمـان را بـه دســت انـدر درم نیست**
**خـــداونـــدان نـعـمـت را کـرم نـیـسـت**

**કરીમાન રા બો દસ્ત અંદર દરમ નીસ્તા**
**ખુદાવંદાન નોઅમતા રા કરમ નીસ્તા**

(જે લોકો ઉદાર દિલના હોય છે તેમની પાસે પૈસા નથી હોતા અને જે લોકો પૈસાદાર હોય છે તેઓ કંજૂસ હોય છે.)

**گـر بـجـای نـانش اندر سفره بودی آفتاب**
**تا قیامت روزِ روشن کس ندیدی در جهان**

**ગર બજાય નાનશ અંદર સુફરા બૂદી આફતાબ**
**તા કયામત રોઝે રોશન કસ નદીદી દર જહાન**

(જો જમવાના ટેબલ ઉપર રોટીના બદલે સૂર્ય હોત તો કયામતના દિવસ સુધી આ દુનિયામાં કોઈ પણ માણસ પ્રકાશિત દિવસ કદી જોઈ ન શકત.)

# તૌહીદ

લેખન
મોલ્વી અકબરઅલી મીયાંજી સુણસરા (ભાંગરોડીયા)

(ગતાંકનું ચાલુ)

પછી હઝરત(સ.) મજૂસીઓ તરફ ફર્યા કે જેઓ એવું કહેતા હતા કે નૂર અને અંધકાર બન્નેથી જ દુનિયા બનેલી છે. નબીએ ફરમાવ્યું, હે લોકો ! તમે શા માટે આવી માન્યતા ધરાવો છો ? તેમણે અરજ કરી કે અમે દુનિયા બે વિભાગમાં વહેંચાયેલી જોઈ. ખૈર અને શર (ભલાઈ અને બૂરાઈ) ખૈર અને શરમાં વિરોધ જોયો તેથી અમે એ વાતનો ઈન્કાર કરવા લાગ્યા કે ખૈર અને શરનો બનાવનાર એક જ ન હોય. પરંતુ દરેકનો પેદા કરનાર જુદો છે. જુઓ જેવી રીતે કે બરફથી ગરમી પહોંચવી અશક્ય છે તેવી જ રીતે આગથી ઠંડી પહોંચવી અશક્ય છે. તેથી અમારા ઉપર સાબિત થઈ ગયું કે આ દુનિયાના બનાવનારા બે જણ છે. પ્રકાશ અને અંધકાર.

જ્યારે તેઓ પોતાની વાત પૂરી કરી રહ્યા તો હઝરત(સ.)એ તેમને ફરમાવ્યું કે શું તમે કાળું, ધોળું, લાલ, પીળું અને લીલું વિગેરે રંગોને જોયા નથી ? આ બધા એકબીજાથી ઉલ્ટા છે તેથી તેમનામાંથી કોઈ બન્નેનું એક જગ્યાએ ભેગા થવું અશક્ય છે જેવી રીતે કે ગરમી અને ઠંડી એકબીજાથી ઉલટાં છે કારણ કે તેઓ બન્ને એક સાથે રહી શકતાં નથી.

મજૂસીએ અરજ કરી, ખરેખર એમ જ છે. હઝરતે ફરમાવ્યું તો પછી તમે દરેક રંગ માટે એક એક બનાવનાર જુદો કેમ માન્યો નહીં જેથી એક રંગનો પેદા કરનાર બીજા રંગના પેદા કરનાર કરતાં ચઢિયાતો હોય ? આ સાંભળીને તેઓ ચૂપ થઈ ગયા અને કાંઈ જવાબ આપી શક્યા નહીં.

પછી હઝરતે ફરમાવ્યું કે નૂર અને અંધકારમાં એક બીજાથી મેળાપ કેવી રીતે થઈ ગયો ? જો એક માણસ પૂર્વની તરફ જાય અને બીજો પશ્ચિમ તરફ, તો શું તેઓ ચાલતા ચાલતા એકબીજાને મળશે ખરા? તેમણે જવાબ આપ્યો કે ના. આપે ફરમાવ્યું, તેનાથી સાબિત થયું કે નૂર અને અંધકાર પણ કદી એકબીજાને મળશે નહીં કારણ કે એ બન્નેની ચાલ વિરૂધ્ધ દિશામાં છે. હવે તમે બતાવો કે આ દુનિયા એવી બે વિરોધી વસ્તુઓથી કે જેમનું એકબીજાને મળવું અશક્ય છે, મળીને કેવી રીતે બની ગઈ, એ હકીકત નથી. પરંતુ આ બન્ને દુનિયાના બનાવનાર ખુદાની પેદા કરેલી વસ્તુઓ છે. ત્યારે તેમણે અરજ કરી કે અમે આ બાબત ઉપર વિચાર કરીશું.

પછી હઝરત(સ.)એ અરબના મુશરિકોને ફરમાવ્યું કે તમે અલ્લાહ સિવાય બુતોની શા માટે પૂજા કરો છો ? એમણે અરજ કરી કે અમે તેની પૂજાથી અલ્લાહની નજદીકી મેળવીએ છીએ. હઝરત(સ.)એ ફરમાવ્યું, શું તે (તમારી ઈબાદતને) સાંભળે છે ખરો ? અને પોતાના પરવરદિગારની તાબેદારી કરે છે કે જેથી તેમની પૂજા દ્વારા ખુદાની નજદીકી પ્રાપ્ત કરો છો ? એમણે અરજ કરી કે આ ગુણો એમનામાં નથી. હઝરતે ફરમાવ્યું, તમે પોતાના હાથથી ઘડીને તેમને બનાવ્યા છે. હવે જો તે (બુત) તમારી ઈબાદત કરત (જો તેઓ કરી શકતા હોત) તો એ વધારે યોગ્ય હતું એની સરખામણીમાં તમે તો તેમની પૂજા કરો છો ? શું તમને તેમની પૂજા કરવાનો અલ્લાહે હુકમ આપ્યો છે ખરો કે જે તમારી ભલાઈ અને અંતને ઓળખે છે ? અને જે કાર્યનો તમને હુકમ આપવા ઈચ્છે છે? ડહાપણની સાથે તમને તેની તકલીફ આપે છે.

હઝરતની આ વાતો સાંભળીને તેમનામાં આપસમાં મતભેદ થઈ ગયો. કેટલાક કહેવા લાગ્યા કે અલ્લાહ તઆલાએ એવા મનુષ્યના રૂપમાં અવતાર લીધો હતો તેથી અમે એ રૂપની પૂજા કરવા માટે કે જેમાં અમારા પરવરદિગારનો અવતાર હતો, એ બુતોની પૂજા કરીએ છીએ અને કેટલાક એમ કહેવા લાગ્યા કે આ એ લોકોની મૂર્તિઓ છે કે જે પહેલાંના જમાનામાં થઈ ગયા હતા અને તેઓ ખુદાની તાબેદારી કરતા હતા તેથી અમે તેમના જ ચહેરાવાળા અને અલ્લાહની તા'ઝીમ માટે તેમની પૂજા કરીએ છીએ અને કેટલાકે કહ્યું કે અલ્લાહ તઆલાએ જ્યારે હઝરત આદમ(અ.)ને પેદા કર્યા અને ફરિશ્તાઓને હુકમ આપ્યો કે તેને સિજદો કરો, અમે ફરિશ્તાઓની સરખામણીમાં આદમ(અ.)ને સિજદો કરવા માટે વધારે યોગ્ય હતા. હવે તે તક અમારા હાથથી જતી રહી તેથી અમે તેમની મૂર્તિ બનાવી છે અને અલ્લાહની નજદીકી મેળવવા માટે આ મૂર્તિને સિજદો કરીએ છીએ જેવી રીતે ફરિશ્તાઓએ આદમ(અ.)ને સિજદો કરીને અલ્લાહની નજદીકી મેળવી હતી જેવી રીતે તમને તમારા અનુમાન પ્રમાણે મક્કા તરફ સિજદો કરવાનો હુકમ થયો અને તમે તેનું પાલન કર્યું. પછી તમે પોતાના હાથથી એ શહેર સિવાય બીજી જગ્યાઓમાં મસ્જિદો બનાવીને તેની તરફ સિજદો કર્યો, ન તો કા'બાનો વિચાર કર્યો કે ન તો મસ્જિદનો અને કા'બાની તરફ સિજદો કરવામાં પણ તમારી ઈચ્છા અલ્લાહ તરફ હોય છે, ન કે કા'બાની તરફ.

પછી હઝરત(સ.)એ ફરમાવ્યું કે તમે લોકો રસ્તો ભૂલી ગયા છો અને ગુમરાહ થઈ ગયા. પછી હઝરતે પહેલા એ સમૂહને સંબોધ્યો કે જે અવતારને માનતો હતો. ફરમાવ્યું કે તમે પોતાના પરવરદિગારનો તેણે પેદા કરેલ વસ્તુઓ સાથે ઉલ્લેખ કર્યો. શું તમારો પરવરદિગાર કોઈ વસ્તુમાં સમાઈ જાય છે ખરો ? એટલે સુધી કે તે વસ્તુ તેને ઘેરી લે છે પછી તેમાં અને બીજી વસ્તુમાં કે જે વસ્તુમાં એ ભળે છે (જેવી રીતે તેનો રંગ, સ્વાદ, નરમી, સખ્તાઈ, વજન અને હલકાપણું) શો ફરક થયો અને જે વસ્તુમાં અલ્લાહે અવતાર લીધો છે તે નાશવંત કેમ થઈ અને ખુદા હંમેશાં રહેવાવાળો કેમ થયો અને એવું કેમ ન થયું કે અવતાર કાયમી હોત, અને એમાં સમાવાવાળો નાશવંત હોત. જ્યારે તે અલ્લાહ તઆલા હંમેશાંથી છે અને તમે અવતાર લેવાનો ગુણ તેમાં દાખલ કરીને તેને નાશવંત બનાવો છો. તો તમારા ઉપર એ જરૂરી થયું કે તેનો નાશના ગુણથી પણ ઉલ્લેખ કરો અને જે વસ્તુને તમે નાશવંત બતાવો છો તેથી તેનો નાશ થવાનો છે. એ બધા ગુણો જાતમાં ફેરફાર કરવાવાળા છે અને જો એ અલ્લાહની જાત કોઈ વસ્તુમાં ભળવાથી બદલાતી નથી તો સંભવિત છે કે હાલતી ચાલતી કે સફેદ અને કાળી, લાલ અને પીળી હોવાથી પણ બદલાય નહીં અને તેમાં બધા ગુણો ઊતરે, એ એક પછી એક એમાં ઊતરે છે. એટલે સુધી કે તેમાં **મોહદ્દેસીન** (એટલે નાશવંત વસ્તુઓ) ના બધા ગુણો આવી જાય છે અને તે નાશવંત થઈ જાય, અલ્લાહ તઆલા આ બધા ગુણોથી મહાન છે.

પછી હઝરત(સ.)એ ફરમાવ્યું જ્યારે તમારી આ માન્યતા કે અલ્લાહ તઆલા કોઈ વસ્તુઓમાં પ્રવેશે છે, તે રદ થઈ તો તમારો દાવો પણ જૂઠ્ઠો ઠર્યો. હઝરત રસૂલે ખુદા(સ.)ના આ શબ્દો સાંભળીને તે લોકો ચૂપ થઈ ગયા અને બોલ્યા કે અમે પોતાની બાબતમાં વિચારીશું. (ક્રમશઃ)

# સર્વશ્રેષ્ઠ સ્મરણ

મૌલાના ઓબયદુલ્લાહ
અમૃતસરી દ્વારા સંપાદિત
'અર્જહુલ મતાલિબ'નો અનુવાદ

## જનાબે અમીર(અ.)ના અમલી ફઝાએલનું વર્ણન

### જનાબે સૈયદતુન્નિસા ફાતેમા ઝેહરા(અ.)નાં યશોગાન

જનાબે સૈયદા(અ.)ની વિલાદતની સાલની બાબતમાં ઈતિહાસકારોમાં મતભેદ છે. કેટલાકની દ્દષ્ટિએ બેઅસતના વર્ષમાં થઈ છે. અબ્દુલ્લાહ બિન મોહંમદ બિન સુલયમાન બિન જાફર હાશમીથી રિવાયત છે કે જનાબે ફાતેમા(અ.)નો જન્મ આં હઝરત(સ.)ની વિલાદતના એકતાલીસ વર્ષ પછી થયેલ છે.

કેટલાક ઈતિહાસકારોની દ્દષ્ટિએ બેઅસતના પાંચ વર્ષ પછી થયો છે. ગમે તેમ પણ સહીહ કોલ મુજબ આં હઝરત(સ.)ના રિસાલત ઉપર મબઊસ થયા પછી હઝરત સૈયદા(અ.)નો જન્મ થયો હતો અને નીચેની હદીસો પણ તેનું સમર્થન કરે છે.

સાઅદ બિન અબીવક્કાસ(રઝી.)થી રિવાયત છે કે સરવરે દોઆલમ(સ.) ફરમાવતા હતા કે જિબ્રઈલ જન્નતનું (સફરજન જેવું એક ફળ) બહી મારી પાસે લાવ્યા અને મેઅરાજની રાત્રે મેં તેને ખાધું અને ખદીજતુલ કુબરા(રઝી.) પણ એ જ રાત્રે મારાથી હામેલા થયાં અને ફાતેમાને જન્મ આપ્યો. આથી જ્યારે પણ મને જન્નતની સુગંધનો શોખ પેદા થતો તો હું ફાતેમાના મોઢા મુબારકને સૂંઘી લેતો હતો.

ઉમ્મુલ મોમિનીન હઝરત આઈશા(રઝી.)થી રિવાયત છે કે મેં અરજ કરી, યા રસૂલિલ્લાહ ! જ્યારથી જનાબે ફાતેમા તશરીફ લાવ્યાં છે ત્યારથી આપ પોતાની જબાન મુબારકને તેમના મોઢામાં મૂકો છો અને એવું લાગે છે કે જાણે મધ ચાટી રહ્યા હો. હઝરત(સ.)એ ફરમાવ્યું કે જ્યારે મેઅરાજની રાતમાં મને આસમાનની સૈર કરાવી હતી અને જિબ્રઈલ મને જન્નતમાં લઈ ગયા અને તેઓ મારી પાસે જન્નતની એક બહી (સફરજન જેવું ફળ) લાવ્યા તો મેં તેને ખાઈ લીધું. તે હજમ થઈને એક નુત્ફાના સ્વરૂપમાં ફેરવાઈ ગયું. જ્યારે હું જમીન ઉપર આવ્યો તો તેનાથી જનાબે ખદીજતુલ કુબરા હામેલા થઈ ગયાં અને તે નુત્ફાથી જનાબે ફાતેમા પેદા થયાં. જ્યારે મને તે બહી (જન્નતી ફળ) તરફ શોખ પેદા થાય છે તો હું જનાબે ફાતેમાના મોઢાને ચૂમી લઉં છું.

જનાબે ફાતેમા(અ.)નાં માતાનું નામ ઉમ્મુલ મોમિનીન સૌ પ્રથમ ઈસ્લામ કબૂલ કરનાર સિદ્દીકતુલ કુબરા ખદીજા બિન્તે ખોવેલ્દ છે જેઓ આં હઝરત(સ.) ઉપર સૌ પ્રથમ ઈમાન લાવ્યાં હતાં જેની પ્રશંસામાં અસંખ્ય હદીસો વારિદ થયેલી છે.

રિવાયત છે અમ્માર બિન યાસરથી કે આં હઝરત(સ.)એ ફરમાવ્યું છે કે ખદીજાને મારી ઉમ્મતની સ્ત્રીઓ ઉપર એવી રીતે ફઝીલત આપવામાં આવી છે કે જેવી રીતે મરીયમ બિન ઈમરાનને સઘળા જહાનની સ્ત્રીઓ ઉપર ફઝીલત અર્પણ થઈ છે.

ઈબ્ને અબ્બાસ(રઝી.)થી રિવાયત છે કે એક વખત જનાબે રિસાલત મઆબ(સ.)એ ચાર લીટીઓ દોરી અને પછી ફરમાવ્યું, શું તમે જાણો છો ખરા કે મેં આ લીટીઓ શા માટે દોરી છે? લોકોએ અરજ કરી, ના. આપે ફરમાવ્યું કે જન્નતની સ્ત્રીઓમાંથી ચાર સ્ત્રીઓ અફઝલ છે : મરીયમ બિન્તે ઈમરાન અને ખદીજા બિન્તે ખોવેલ્દ અને ફાતેમા બિન્તે મોહંમદ અને આસિયા બિન્તે મઝાહિમ.

જનાબે ફાતેમા(રઝી.)નું નામકરણ ખુદ આં હઝરત(સ.)એ બયાન ફરમાવ્યું છે.

(૧) અનસ બિન માલિકથી મરવી છે કે જનાબે રસૂલિલ્લાહ(સ.)એ ફરમાવ્યું છે, મેં એટલા માટે ફાતેમા નામ રાખ્યું છે કે અલ્લાહ તાઅલાએ તેમને દોઝખની આગથી અલગ કરેલ છે.

(૨) ઈબ્ને અબ્બાસ રિવાયત કરે છે કે જનાબે રસૂલે ખુદા(સ.) ઈરશાદ ફરમાવે છે કે મારી દીકરી ફાતેમા માનવજાતમાં હૂર છે. હૈઝ, નિફાસથી પાક છે. તેનું નામ એટલા માટે ફાતેમા રાખવામાં આવ્યું છે કે નિઃશંકપણે અલ્લાહ તઆલાએ તેમને દોઝખની આગથી સુરક્ષિત રાખ્યાં છે.

જનાબે અલી(અ.) કહે છે કે એક વખત જનાબે રસૂલિલ્લાહ(સ.)એ **'યા ફાતેમા'** કહીને પોકાર્યાં. હઝરત અલી(અ.)એ અરજ કરી, યા રસૂલિલ્લાહ ! આપે તેમનું નામ ફાતેમા શા માટે રાખ્યું છે ? તો આપે ફરમાવ્યું કે ખુદાવંદે તઆલાએ તેમને અને તેમની ઓલાદને દોઝખની આગથી બચાવ્યાં છે.

જનાબે ફાતેમા(અ.)ને પોતાના પિતાશ્રીના નામ મુબારકની કુન્નિયત આપવામાં આવતી હતી અર્થાત ફાતેમા બિન્તે મોહંમદ(સ.).

કેટલાક લોકો આપને ઉમ્મુલ હસન પણ કહ્યા કરતા હતા. (નઝલુલ અબરાર)

જનાબે સૈયદાના સુપ્રસિધ્ધ ઈલ્કાબોમાંથી અલ બતૂલ, સૈયદતુન્નિસા, અફઝલુન્નિસા, અસ્સિદીકા, અઝઝેહરા, અલ મુબારકા, અત તાહિરા, અઝ ઝકીય્યા, અર રાઝિયા, અલ મર્ઝીયા છે. (નઝલુલ અબરાર)

**અલ બતૂલ :**

જનાબે અલી(અ.) કહે છે કે એક વખત જનાબે સરવરે કાઈનાત(સ.)ને પૂછવામાં આવ્યું કે **'બતૂલ'**નો અર્થ શું થાય ? તો આપે ફરમાવ્યું કે બતૂલ એ છે કે જેણે સુર્ખીને ન જોઈ હોય અર્થાત તેને કદી હૈઝ ન આવ્યું હોય કેમકે અંબિયા(અ.)ની દીકરીઓ માટે હૈઝ મકરૂહ છે. (ક્રમશઃ)


**ક્ષમા યાચના**





અલ્લાહ તઆલાના ફઝલો કરમથી અને કા'બા વ કિબ્લા આલી જનાબ હાજરપીર સૈયદ મોહંમદ મુજાહિદહુસૈન બાવા સાહેબ(મદ્દે.)ની ભલી દુઆઓથી હું કનાઈ નિવાસી **મો.હૈદરઅલી ફતેભાઈ મસી** તથા મારાં મહોરદાર **મો.કુલસુમબેન હૈદરઅલી મસી** તથા મારી માસીની દીકરી **મો.મલીબેન દાઉદભાઈ દેધરોટીયા**ને નવેમ્બર-૨૦૧૧માં હજ-ઝિયારત કરવા જવાનું નસીબ પ્રાપ્ત થયેલ છે. અમારું આપ સૌને નિવેદન છે કે અમારા દ્વારા સગા-સંબંધીઓ, મિત્રો, પાડોશીઓ, સહપંથીઓ અને સર્વે મોમિન ભાઈ-બહેનોથી જાણ્યે અજાણ્યે કોઈ ભૂલચૂક થઈ હોય તો ક્ષમ્ય ગણીને માફ કરશો. અમારી હજ-ઝિયારત સફળ બને તેવી દુઆ કરશો અને અમે દુઆ ગુઝારીએ છીએ કે પરવરદિગારે આલમ મોહંમદ વ આલે મોહંમદની ભલી દુઆઓથી દરેક મોમિન ભાઈ-બહેનને હજ-ઝિયારત નસીબ કરે, આમીન

લિ. **મો.હૈદરઅલી ફતેભાઈ મસી**
**મો.કુલસુમબેન હૈદરઅલી મસી**
**મો.મલીબેન દાઉદભાઈ દેધરોટીયા**

**ફોન : ૨૫૬૨૦૧૮૦**
**મો. ૯૪૨૬૩૨૮૫૭૦**
**મો. ૯૮૯૮૬૬૭૭૪૧**

**સરહિંદ**
**રેફ્રીજરેશન સર્વિસ**

**ડીપ ફ્રીજ, વર્ટીકલ ફ્રીજ, બોટલ કુલર તેમજ વૉટર કુલર ઊંચી ગુણવત્તા અને વ્યાજબી ભાવે બનાવનાર તેમજ રીપેરીંગ અને સર્વિસ સંતોષકારક રીતે કરી આપનાર**

**મળો જૂના અને જાણીતા**
☞ **બશીરભાઈ**
**દિલ્હી ચકલા, ઘી કાંટા રોડ,**
**આર. સી. હાઈસ્કૂલની પાસે, અમદાવાદ.**

# જ્ઞાન ગોષ્ઠિ

: સંપાદક :

'મોમિન રત્ન'

## ઈસ્લામી શિષ્ટાચાર

### નફસ

- ઈસ્લામ ધર્મમાં નૈતિક વર્તન ઉપર, સદાચારપૂર્વકના વ્યવહાર ઉપર ખૂબ જ ભાર મૂકવામાં આવ્યો છે.
- અલ્લાહ તઆલાએ માણસનું સર્જન ત્રણ વિભાગોમાં કર્યું છે.
  - ✶ એક ભાગ જાણે કે મોટરકારના ખાલી ખોખા જેવો છે કે જેમાં કંઈક રાખી શકાય. આપણે આ ભાગને **માનવ શરીર(body)** કહીશું.
  - ✶ બીજો ભાગ જાણે કે એન્જિન જેવો છે કે જેના વગર મોટરકાર પોતાની કામગીરી કરી જ ના શકે. આ ભાગને આપણે **નફસ (consciecne)** કહીશું.
  - ✶ ત્રીજો ભાગ જાણે કે બેટરી જેવો છે કે જેના વગર મોટરકાર દોડશે જ નહીં. આ ભાગને આપણે **રૂહ(soul)** કહીશું.

  આ રીતે માનવ સર્જનના ત્રણ ભાગ છે (૧) શરીર (૨) નફસ (૩) રૂહ.
- આપણા શરીરની સાર સંભાળ લેવાની જરૂર પડે છે. આપણે તેને ખોરાક આપવો પડે છે, તેને ગરમ રાખવું પડે છે નહિતર આપણે બીમાર પડી જઈએ અને પીડા ભોગવવી પડે.
- શરીરની માફક રૂહની પણ સાર સંભાળ લેવાની જરૂર પડે છે, નહિતર એ પણ બીમાર પડી જાય. રૂહની સાર સંભાળ લેવા માટેનો માત્ર એક જ તરીકો છે અને તે છે આપણા ઈમાનને સતત મજબૂત બનાવતા રહેવું.
- નફસ આપણા અસ્તિત્વનો સૌથી અગત્યનો ભાગ છે.
- જ્યારે આપણે કોઈને મદદ કરીએ છીએ ત્યારે આપણને આનંદની લાગણી થાય છે. આ આનંદ શરીરને થતો નથી, નફસને થાય છે. નફસ આનંદ અનુભવે છે.
- નીતિમત્તા-સદાચાર રૂહ માટેનો ખોરાક છે અને જો આપણે તેને નિયમિતપણે (રૂહાની) ખોરાક ખવડાવતા રહીશું તો રૂહ હંમેશાં તંદુરસ્ત રહેશે.
- અલ્લાહ તઆલાએ કાનૂનના જે બધા જ ઘટકો મોકલ્યા છે તેમની પોતાની પણ આચારસંહિતા છે. ઈસ્લામના આગમને બધા જ નિયમોને સંપૂર્ણ બનાવી દીધા છે. માણસે એક કે બીજી રીતે બીજા ધર્મોને બદલી નાખ્યા છે. માત્ર ઈસ્લામ ધર્મ જ જ્યારથી નાઝિલ થયો ત્યારથી રાતની માફક અણીશુધ્ધ છે. આમ ઈસ્લામ ધર્મે જે અખ્લાક/શિષ્ટાચાર નિયત કરેલા છે તેમનું અનુસરણ નફસને કરવા દઈએ તો એમ કહી શકાય કે આપણે રૂહને શક્ય હોય તેવો સર્વોત્તમ ખોરાક ખવડાવી રહ્યા છીએ.
- આ તબક્કે હઝરત રસૂલિલ્લાહ(સ.)ની આ પ્રખ્યાત હદીસ પણ યાદ કરી લઈએ :

  **'મને અખ્લાક(ચારિત્ર્ય)ના ઉમદા-પણાને સંપૂર્ણ બનાવવા માટે (આ દુનિયામાં) મોકલવામાં આવ્યો છે.'**
- આજની આ ભૌતિક દુનિયામાં માત્ર શરીરની જ સારી રીતે દેખભાળ લેવાઈ રહી છે જ્યારે નફસને સંપૂર્ણપણે ભૂલી જવામાં આવ્યો છે. આને લીધે નફસના રોગો પેદા થઈ ગયા છે, જેનું લોકોને ભાન નથી. આવા રોગો તીવ્ર અને લાંબા ગાળાનું નુકસાન કરે છે. નફસને તંદુરસ્ત રાખવા માટે આપણે આપણા પ્રત્યેક અમલ/કાર્યથી સચેત રહેવું

જ પડશે.

- ઈમામ અલી મુર્તઝા(અ.)ના આ કૉલને પણ યાદ રાખવા જેવો છે :

**'નફ્સ એક જંગલી ઘોડો છે અને તમે તેના ઉપર સવારી કરી રહ્યા છો, જો એક ક્ષણ માટે પણ તમે તમારું ધ્યાન ગુમાવશો તો તે તમને નીચા પાડી દેશે.'**

**નફ્સની અવસ્થાઓ :**

નફ્સની ત્રણ જુદી જુદી અવસ્થાઓ અસ્તિત્વ ધરાવતી હોય છે :

**(૧) નફ્સે અમ્મારા :**

નફ્સની આ સૌથી ખરાબ અવસ્થા છે કે જેમાં તે બૂરાઈ તરફ દોરી જાય છે. જ્યારે આપણો નફ્સ આ અવસ્થાએ પહોંચે છે ત્યારે આપણે અલ્લાહની નજરમાં જાનવરો કરતાં ય નીચા ઊતરી જઈએ છીએ. આ અવસ્થામાં આપણે સતત એકધારા અને પસ્તાવો કર્યા વગર, કોઈની પણ દરકાર કર્યા વગર ગુનાઓ આચરતા જ જઈએ છીએ.

**(૨) નફ્સે લવ્વામા :**

આ એવી અવસ્થા છે કે જ્યાં આપણે બૂરાઈ પર હોતા નથી તેમ છતાંય હજુ આપણે ખરાબ કાર્યો કરતા હોઈએ છીએ. આ એવો તબક્કો છે કે આપણા નફ્સને સાચા-ખોટાનો નિર્ણય કરવાનો નિર્દેષ કરવામાં આવે છે, એ વખતે આપણા આમાલની બાબતમાં સભાનતા હોય છે કારણ કે જ્યારે આપણે કોઈ ખરાબ કાર્ય કરીએ છીએ તો આપણો નફ્સ જ આપણને એવું કહેતો હોય છે કે આપણે આવું કાર્ય કરવું જોઈતું નહોતું અને આપણે તૌબા કરવી જોઈતી હતી.

**(૩) નફ્સે મુત્મઈન્ના :**

નફ્સની આ અવસ્થા આપણા જીવનનું ધ્યેય છે, મકસદ છે; અલ્લાહ સાથેનું સંપૂર્ણ સમાધાન - સંપૂર્ણ સંતોષ. ઈરાદાપૂર્વક કોઈ પણ જાતના ગુના ન કરવા અને ભલાઈનાં કાર્યો બજાવી લાવવામાં આનંદ મેળવવો.

✶ આશુરાના દિવસે કરબલામાં અલ્લાહે ઈમામ હુસૈન(અ.)ને આવું કહ્યું હતું :

**'અય નફ્સે મુત્મઈન્ના ! તું તારા રબની તરફ પાછો આવી જા, એવી સ્થિતિમાં કે તું તેનાથી રાજી હોય અને તે તારાથી (રાજી હોય).'**

(સૂરએ ફજ્ર, સૂરા નં.૮૯, આયત-૨૭-૨૮)

✶ નફ્સનાં કાળાં સૂચનોથી આપણી જાતને રક્ષણ આપવાની કેટલીક રીતો આ મુજબ છે :

- આપણે કોઈ પણ કામ કરીએ એ પહેલાં દરેક વખતે **'બિસ્મિલ્લાહ...** કહેવું. આ રીતે આપણે અલ્લાહને આપણી જાતથી અને સાથે સાથે બીજા જોખમોથી આપણને બચાવવાનું કહીએ છીએ.
- (ગરીબો માટે) થોડા પૈસા **સદકા**માં કાઢો. પરિણામે અલ્લાહ આપણી દેખભાળ રાખે.

✶ અલ્લાહ તઆલા સૂરએ બકરહ, આયત-૨૭૨માં ફરમાવે છે :

**ગર હઝારાં અંદ યક કિસ બૈશ નીસ્ત**
**જુઝ ખયાલાતે અદદ અંદેશ નીસ્ત -મૌલાના રૂમ**

(અગર હજાર જણા હોય પણ એકની વિસાતમાં કંઈ નથી. વિપુલતા અને સંખ્યાબળ માત્ર એક ભ્રમણા છે.)

**'...અને તમે જે કાંઈ દાનમાં વાપરો તે તમારા પોતાના જ (લાભ) માટે છે; અને તે (દાન કેવળ) અલ્લાહની ખુશી સંપાદન કરવા સિવાય બીજા કોઈ હેતુ સર કરો નહીં...'**

✶ આપણા મનોબળને વિકસાવવું તે એવી શક્તિ છે કે જે આપણી વાસનાઓ/ઈચ્છાઓને અંકુશમાં રાખે છે. આપણે ડ્રગ્ઝ, આલ્કોહૉલ, વગેરે જેવા ખતરાઓથી સુરક્ષિત નથી. જો આપણે આ બધી લાલચોમાં લપેટાઈ જઈએ તો આપણે આપણી જિંદગીઓને હલાકતમાં નાખી દઈશું.

- હઝરત રસૂલે ખુદા(સ.)ને એવું પૂછવામાં આવ્યું કે શું આપને અંદરનો અવાજ બૂરાં કાર્યો કરવાનું કહે છે ખરો? તો આપે જવાબમાં ફરમાવ્યું, **'હા. મને એવો અવાજ સંભળાય છે, પરંતુ હું તેને કેદ કરી રાખું છું.'**
- નફસને કંઈ ધાતુની સાંકળોથી બાંધવામાં આવેલો નથી, પરંતુ તે મનોબળની લગામોથી બંધાયેલો છે. આ બાબત બતાવે છે કે મનોબળ બૂરાઈની સામે લડવાનું શક્તિશાળી હથિયાર છે. શિસ્ત દ્વારા આપણે આપણા નફસને કાબૂમાં રાખવા સક્ષમ છીએ કે જે ક્રમશઃ આપણા મનોબળને મજબૂત બનાવે છે.
- આ દુનિયામાં દરેક વસ્તુને જોડીમાં પેદા કરવામાં આવેલ છે, દરેક વસ્તુનો વિરોધી હોય છે. કાળાનો વિરોધી હોય છે સફેદ, મજબૂતનો વિરોધી નબળો, સારાનો વિરોધી ખરાબ, જન્નતનો વિરોધી જહન્નમ. આ જોડીઓ આપણી અંદર પણ અસ્તિત્વ ધરાવે છે કેમકે દરેક સારી લાગણી આપણને અલ્લાહ તરફ લઈ જાય છે તો કોઈ દુષ્ટ લાગણી પણ હોય છે કે જે આપણને તેનાથી દૂર લઈ જવા માગે છે. (ક્રમશઃ)

## નુસ્ખા

### હેડકી

* કાંદાના રસનાં ટીપાં નાકમાં નાખવાથી હેડકી બંધ થાય છે.
* થોડી હળદર પાણી સાથે ફાકી જવાથી હેડકી બંધ થાય છે.
* દૂધમાં સૂંઠ ઉકાળીને તેનાં ટીપાં નાકમાં નાખવાથી હેડકી બંધ થાય છે.
* ગાજરના રસનાં ટીપાં નાકમાં નાખવાથી હેડકી બંધ થાય છે.
* મૂળાનો રસ પીવાથી હેડકી બંધ થાય છે.
* સરગવાનાં પાનનો રસ પીવાથી હેડકી બંધ થાય છે.
* ચોખાના ઓસામણમાં જાયફળ ઘસીને પીવાથી હેડકી બંધ થાય છે.
* સૂંઠ અને ગોળને ગરમ પાણીમાં નાખીને પીવાથી હેડકી બંધ થાય છે.
* ગોળના પાણીમાં સૂંઠ ઘસીને થોડી થોડી વારે સૂંઘવાથી હેડકી બંધ થાય છે.
* શેરડીનો રસ પીવાથી હેડકી બંધ થાય છે.
* અડદ અને હિંગનું ચૂર્ણ દેવતા પર નાખી તેનો ધુમાડો મોંમાં લેવાથી હેડકી બંધ થાય છે.
* નાળિયેરના છોડને બાળીને તેની રાખ મધમાં ચાટવાથી હેડકી બંધ થાય છે.
* ગાયનું દૂધ ઉકાળીને પીવાથી હેડકી બંધ થાય છે.
* ગાજર પીસીને સૂંઘવાથી હેડકી બંધ થાય છે.
* તુલસીનો રસ ૧૦ ગ્રામ અને મધ પાંચ ગ્રામ ભેગું કરીને પીવાથી હેડકી બંધ થાય છે.
* જીરૂ ખાવાથી હેડકી બંધ થાય છે.
* આંબાના પાંદડાને બાળીને તેનો ધુમાડો લેવાથી હેડકી બંધ થાય છે.


# આપણા ઘરની વાતો

● **કઠોર મુકામે બાબુલ ઈલ્મ ક્વીઝ કોમ્પિટીશનનું આયોજન :**

દર વર્ષની જેમ આ વર્ષે પણ ૭મી, ૧૦મી, ૧૩ મી રજબના રોજ **બાબુલ ઈલ્મ ક્વીઝ કોમ્પિટીશન**નું આયોજન કરવામાં આવ્યું હતું. દુરૂદ શરીફ પછી ક્વીઝની શરૂઆત કરવામાં આવી હતી. ૭ મી રજબના દિવસે ૧૨ ટીમોમાંથી ૬ ટીમો સેમી ફાઈનલમાં આવી હતી. ૧૦ મી રજબના દિવસે ૬ ટીમોમાંથી ૩ ટીમો ફાઈનલમાં આવી હતી. આ વર્ષે કુલ ૧૨ ટીમોમાંથી ૫ ટીમો બહેનોની હતી. ૧૩ મી રજબના દિવસે ફાઈનલ રાઉન્ડમાં (૧) અબ્બાસ ટીમ (૨) કુલસુમ ટીમ (૩) મુજાહિદ ટીમ આવી હતી જેમાંથી **કુલસુમ ટીમ** (ઈરફાનાબાનુ શબ્બીરહસન, શાહેદાબાનુ સરફરાઝઅલી, મકબૂલફાતેમા ફરમાનઅલી) વિજેતા બની હતી. ભાગ લેનાર દરેકને ઈનામ આપીને પ્રોત્સાહિત કર્યા હતાં. દર વર્ષની જેમ આ વર્ષે પણ સિલેબસમાં **'તોહફતુલ મોમિનીન'** કિતાબ રાખવામાં આવી હતી.

૩ જી શાબાનના રોજ મદ્રેસાના બાળકોની ક્વીઝ કોમ્પિટીશન રાખેલ હતી જેમાં દીનીયાત ભાગ-૧-૨ તથા ફઝાએલે એહલેબયતમાંથી સવાલ પૂછવામાં આવ્યા હતા. કુલ ૨૨ ટીમો(૬૬ બાળકો)એ ભાગ લીધો હતો. ૫૦ માર્કસની લેખિત પરીક્ષામાંથી સૌથી વધુ માર્કસ મેળવનાર કુલ પાંચ ટીમોની વરણી કરવામાં આવી હતી. તે પાંચ ટીમોમાંથી **સકીના ટીમ** (નેઅમતફાતેમા સાદિકઅલી, ઈરફાનહૈદર ફરમાનઅલી, મોહિબઅલી મહેદીઅલી) વિજેતા બની હતી. ભાગ લેનાર તથા વિજેતાઓને ઈનામ આપવામાં આવ્યાં હતાં. આ બન્ને ક્વીઝ કોમ્પિટીશનનું સફળ આયોજન અબ્બાસ એમ. મોમિને (સર્વેયરે) કર્યું હતું જેને ભાણેજ રિઝવાનઅલી, સિરાજ એહમદ આઈ. મોમિને સહકાર આપ્યો હતો. અંતમાં તમામનો આભાર માની પીર સૈયદ મોહંમદ ઝહીરહુસૈન બાવા(રહે.)નો ફાતેહા પઢી ક્વીઝ કોમ્પિટીશનની પૂર્ણાહુતિ કરવામાં આવી હતી.

● **ઈન્નાલિલ્લાહે :**




મેતા નિવાસી **મર્હૂમ મો.વલીમોહંમદ શરીફભાઈ પલસાણીયા** મુ.તા. ૨૯, રજબ-૧૪૩૨, તા.૨-૭-૨૦૧૧ને શનિવારના રોજ ૫૭ વર્ષની વયે અલ્લાહ તઆલાની રહેમતે પહોંચ્યા છે. મર્હૂમ સ્વભાવે મિલનસાર, મહેમાનનવાઝ, હસમુખા અને પીરો મુરશિદના ચાહક તથા એહલેબયત(અ.)ના મોહિબ હતા. ---➔



←--- વાધણા નિવાસી **મર્હૂમા મો.મરીયમબેન વલીભાઈ ભગત કડીવાલા** મુ.તા.૧૦, શાબાન-૧૪૩૨, તા.૧૩-૭-૨૦૧૧ને બુધવારના રોજ ૭૫ વર્ષની વયે ટૂંકી માંદગી બાદ અલ્લાહ તઆલાની રહેમતે પહોંચ્યાં છે. તેઓ મિલનસાર, નેક દિલ અને પીરો મુરશિદ તથા એહલેબયત(અ.)નાં ચાહક હતાં. તેઓ પાંચ ટાઈમની નમાઝ અને રોઝાનાં પાબંદ હતાં. મર્હૂમા મજલિસમાં જવા માટે હંમેશાં તત્પર રહેતાં હતાં.



બાદરપુર નિવાસી **મર્હૂમ મો.નજરમહંમદ ઈસુબભાઈ દાદાવાળા** મુ.તા.૧૭, શાબાન-૧૪૩૨, તા.૨૦-૭-૨૦૧૧ને બુધવારના રોજ ૨૮ વર્ષની યુવાન વયે અલ્લાહ તઆલાની રહેમતે પહોંચ્યા છે. મર્હૂમ મોહંમદ વ આલે મોહંમદ અને પીરો મુરશિદના ચાહક હતા. ---➔



←---ઈલોલ તલાવ નિવાસી **મર્હૂમ મો.વજીરભાઈ ગુલામભાઈ મસી** મુ.તા.૨, રમઝાન-૧૪૩૨, તા.૩-૮-૨૦૧૧ને બુધવારના રોજ ૬૯ વર્ષની વયે અલ્લાહ તઆલાની રહેમતે પહોંચ્યા છે. મર્હૂમ ગામમાં કોઈની મૈયત થતી તો કબ્ર મુબારક ખોદવામાં અવશ્ય હાજરી આપતા હતા.



બાદરપુર નિવાસી **મર્હૂમ મો.આબિદઅલી ગુલામમહંમદ દેસાઈ** મુ.તા.૫, રમઝાન-૧૪૩૨, તા.૬-૮-૨૦૧૧ને શનિવારના રોજ ૩૨ વર્ષની વયે અલ્લાહ તઆલાની રહેમતે પહોંચ્યા છે. મર્હૂમ સ્વભાવે નેક, ઈમાનદાર નરમ, સહનશીલ તથા પીરો મુરશિદના ચાહક અને આશિકે હુસૈન(અ.) હતા. ---→



←---બાદરપુર નિવાસી **મર્હૂમ મો.નજરઅલી ગુલામહૈદર બટ્ટી** મુ.તા.૧૭, શાબાન-૧૪૩૨, તા.૨૦-૭-૨૦૧૧ને બુધવારના રોજ ૨૯ વર્ષની વયે અલ્લાહ તઆલાની રહેમતે પહોંચ્યા છે. મર્હૂમ સ્વભાવે ભોળા, હસમુખા, પ્રેમાળ, નેક દિલ, મહેનતુ અને આશિકે આલે મોહંમદ(સ.) હતા. મર્હૂમ મોહર્રમ માસ દરમિયાન નૌહા પઢવામાં અગ્રેસર રહેતા હતા. તેઓ ધાર્મિક અને સામાજિક કાર્યોમાં ખૂબ જ રસ ધરાવતા હતા.



બાદરપુર નિવાસી **મર્હૂમા મો.કલીબેન કરીમદભાઈ ધરખડ** મુ.તા.૨૨, શાબાન-૧૪૩૨, તા.૨૫-૭-૨૦૧૧ને સોમવારના રોજ ૯૩ વર્ષની વયે અલ્લાહ તઆલાની રહેમતે પહોંચ્યાં છે. મર્હૂમા સ્વભાવે ભોળા, શાંત હતા. તેઓ આશિકે એહલેબયત તથા પીરો મુરશિદના ચાહક હતા.---→

અલ્લાહ તઆલા તમામ મર્હૂમીનને ગરીકે રહેમત કરે અને તેમના કુટુંબીજનોને સબ્રે જમીલ અતા ફરમાવે, આમીન.


*બીજા વર્ષમાં શુભ પ્રવેશ*

કટલરી સ્ટોર્સ ચલાવતા મોમિન ભાઈઓને જણાવતાં આનંદ અનુભવીએ છીએ કે આપના સાથ અને સહકારથી એક વર્ષ પૂરું કરી બીજા વર્ષમાં સફળ પ્રવેશ કરી રહ્યા છીએ. પ્રત્યક્ષ અથવા પરોક્ષ સાથ-સહકાર આપનાર મોમિન ભાઈઓનો ખૂબ ખૂબ આભાર માનીએ છીએ.

## યાદગાર હોજીયરી એન્ડ કટલરી સ્ટોર્સ તથા સહયોગ ફુટવેર

**અમદાવાદ (વાઘરોલવાળા)**

ઠેકાણું : બગડીયા માર્કેટ, પહેલો માળ, સન્માન રેસ્ટોરન્ટની બાજુમાં, જુમ્આ મસ્જિદની સામે, ગાંધીરોડ, અમદાવાદ - ૩૮૦ ૦૦૧.

**યાદગાર હોજીયરી એન્ડ કટલરી સ્ટોર્સ**

**આબિદઅલી વી. મુખી – ૯૯૭૯૦૮૮૦૧૮**
**શબ્બીરભાઈ – ૯૪૨૬૪૩૪૩૯૭**
**દુકાન – ૯૦૩૩૧૨૭૪૪૦**

અમારે ત્યાં કિફાયતી ભાવે હોલસેલમાં નાઈટ પેન્ટ, ટી શર્ટ, કેપરી, હાથ રૂમાલ, ટુવાલ, લુંગી, અંડરવેર, બનિયાન, ગમછા તથા 12W, 24W, D.C. પંખા, પાના પક્કડ સેટ, ગાડી બ્રશ, વગેરે મળશે.

**સહયોગ ફુટવેર**

**કાસિમઅલી – ૯૪૨૭૬૭૯૮૬૪**
**મહંમદભાઈ – ૯૯૭૯૪૦૧૯૯૩**

અમારે ત્યાં કિફાયતી ભાવે હોલસેલમાં કાનપુરની ફેન્સી ચપ્પલ, સેન્ડલ અને પાન ગલ્લા પર ચાલતી સસ્તા ભાવની વિવિધ વેરાઈટી મળશે.

# જાફરી આવાઝ(માસિક)ને મળેલ ડોનેશનની યાદી

રૂા.૫૧/- મો.ફિરોઝહુસૈન કાસિમભાઈ (કઠોર) તરફથી પીર સૈયદ મોહંમદ ઝહીરહુસૈન બાવા(રહે.) તથા મર્હૂમ કાસિમભાઈની રૂહના સવાબ અર્થે.

**મર્હૂમ મો.વલીમોહંમદ શરીફભાઈ પલસાણીયા(મેતા)ની રૂહના સવાબ અર્થે મળેલ ડોનેશન.**

રૂા.૫૦૧/- મર્હૂમ મો.વલીમોહંમદ શરીફભાઈ પલસાણીયાના કુટુંબીજનો તરફથી

રૂા.૫૧/- મો.ગુલામભાઈ શરીફભાઈ પલસાણીયા

રૂા.૫૧/- મો.કુલસુમબેન ગુલામભાઈ પલસાણીયા

રૂા.૫૧/- મો.ઝોહરાબેન ઈમ્તિયાઝભાઈ પલસાણીયા

રૂા.૫૧/- મો.મંજૂરભાઈ શરીફભાઈ પલસાણીયા

રૂા.૫૧/- મો.રઝીયાબેન મંજૂરભાઈ પલસાણીયા

રૂા.૫૧/- મો.મંજૂરભાઈ ગુલામભાઈ પલસાણીયા

રૂા.૫૧/- મો.સાદેકાબેન આબિદભાઈ પલસાણીયા

રૂા.૫૧/- મો.અમીનાબેન ગુલામભાઈ કડીવાલા

રૂા.૫૧/- મો.ઝયનબબેન શબ્બીરભાઈ સુણસરા

**રૂા.૧૫૦૧/- મો.મર્હૂમ નજરમોહંમદ ઈસુબભાઈ દાદાવાળા(બાદરપુર)ની રૂહના સવાબ અર્થે તેમના પરિવારજનો તરફથી મળેલ ડોનેશન.**

રૂા.૫૦/- મો.મર્હૂમા મરીયમબેન વલીભાઈ ભગત(વાઘણા)ની રૂહના સવાબ અર્થે.

રૂા.૧૦૦/- મો.વજીરઅલી ગુલામભાઈ હજુર (ઈલોલ તલાવ)તરફથી તેમની પૌત્રી મુસ્કાનફાતેમાના જન્મની ખુશાલી પ્રસંગે.

રૂા.૧૩૦/- મો.નુરમહંમદ સાવદીભાઈ મુખી (પટેલ)(કેસરપુરા-ખેરાલુ)તરફથી પીર સૈયદ મોહંમદ ઝહીરહુસૈન બાવા(રહે.)ની રૂહના સવાબ અર્થે.

રૂા.૪૫૦/- મો.વજીરઅલી હબીબભાઈ કડીવાલા(વાઘરોલ-મુંબઈ)તરફથી તેમના દીકરા હસનઅબ્બાસના ઘેર દીકરી રાહતફાતેમાનો જન્મ થયો તેની ખુશાલી પ્રસંગે.

રૂા.૫૩૦/- મો.મંજૂરઅલી હબીબભાઈ કડીવાલા(વાઘરોલ)તરફથી તેમના સુપુત્ર મોહસિનઅલીએ ચાલુ સાલે C.A.ની પદવી મેળવી તેની ખુશાલી પ્રસંગે.

રૂા.૫૦/- મો.મકબુલફાતેમા મોહસિનઅલી કોજર(કાકોશી)તરફથી તેઓ બી.એ.માં ૮૦.૯૨% ગુણ મેળવી ઉત્તીર્ણ થયાં તેની ખુશાલી પ્રસંગે.

રૂા.૧૦૦/- મો.મેઅરાજફાતેમા મહંમદઅલી તરફથી તેઓ બી.એડ્.માં પાસ થયાં તેની ખુશાલી પ્રસંગે.

રૂા.૫૦/- મો.બેનઝીર ગુલામહુસૈન તરફથી તેઓ બી.એડ્.માં પાસ થયાં તેની ખુશાલી પ્રસંગે.

**મર્હૂમ મો.વજીરભાઈ ગુલામભાઈ મસી (ઈલોલ તલાવ)ની રૂહના સવાબ અર્થે તેમના પરિવારજનો તરફથી મળેલ ડોનેશન.**

રૂા.૧૦૦/- મો.ઉરીબેન વજીરભાઈ મસી

રૂા.૧૦૦/- મો.ઉરીબેન શરીફભાઈ કોવડીયા

રૂા.૧૦૦/- મો.અબ્બાસભાઈ ગુલામભાઈ મસી

રૂા.૧૦૦/- મો.હલીમાબેન અબ્બાસભાઈ મસી

રૂા.૫૦/- મો.યાકુબભાઈ ગુલામભાઈ મસી

રૂા.૫૦/- મો.અહમદઅલી હાસમભાઈ ભુરા

રૂા.૫૦/- મો.ઝયનબબેન અહમદઅલી ભુરા

રૂા.૫૦/- મો.અમીનાબેન મહંમદઅલી ખણુશીયા

રૂા.૫૦/- મો.હુસૈનાબેન અબ્બાસભાઈ નુરભાણેજ

રૂા.૫૦/- મો.તાહેરાબેન આબિદઅલી લોઢા

**રૂા.૨૧૧૦/- મર્હૂમ મો.આબિદઅલી ગુલામમહંમદ દેસાઈ(બાદરપુર)ની રૂહના સવાબ અર્થે તેમના કુટુંબીજનો તરફથી મળેલ ડોનેશન.**

**રૂા.૧૭૮૬/- મર્હૂમ મો.નજરઅલી ગુલામહૈદર બટ્ટી(બાદરપુર)ની રૂહના સવાબ અર્થે તેમના કુટુંબીજનો અને સગા સંબંધીઓ તરફથી મળેલ ડોનેશન.**

**મર્હૂમા મો.કલીબેન કરીમદભાઈ ધરખડ (બાદરપુર)ની રૂહના સવાબ અર્થે મળેલ**

ડોનેશન.

રૂા.૧૫૧/- મો.અલીમહંમદ કરીમદભાઈ ધરખડ
રૂા.૧૫૧/- મો.ફિજ્જાબેન અલીમહંમદ ધરખડ
રૂા.૧૦૧/- મો.આબિદહુસૈન અલીમહંમદ ધરખડ
રૂા.૫૧/- મો.રૂકૈયાફાતમા અલીમહંમદ ધરખડ
રૂા.૫૧/- મો.શીરીનફાતમા અલીમહંમદ ધરખડ
રૂા.૫૦/- મો.મોલ્વી ગુલામમહંમદ સુલેમાન ધરખડ
રૂા.૫૦/- મો.કુલસુમબેન ગુલામમહંમદ ધરખડ
રૂા.૨૫/- મો.નજરમહંમદ ગુલામમહંમદ ધરખડ
રૂા.૨૫/- મો.હુસૈનાફાતમા નજરમહંમદ ધરખડ
રૂા.૨૫/- મો.સિરાજએહમદ ગુલામમહંમદ ધરખડ
રૂા.૨૫/- મો.નિસારફાતમા સિરાજએહમદ ધરખડ
રૂા.૧૦૦/- મો.ઈસ્માઈલભાઈ દાઉદભાઈ મસી
રૂા.૧૦૦/- મો.સકીનાબેન ઈસ્માઈલભાઈ મસી
રૂા.૫૧/- મો.ઈમદાદઅલી ઈસ્માઈલભાઈ મસી
રૂા.૫૧/- મો.મન્સુરાફાતમા ઈમદાદઅલી મસી
રૂા.૫૧/- મો.અનવરઅલી ઈસ્માઈલભાઈ મસી
રૂા.૫૧/- મો.સાકેરાફાતમા અનવરઅલી મસી
રૂા.૨૫/- મો.હુસૈનાફાતમા શબ્બીરઅલી વઘવાડીયા
રૂા.૧૫૧/- મો.ઈસુબભાઈ કરીમદભાઈ કલુસીયા
રૂા.૧૦૧/- મો.અમીનાફાતમા ઈસુબભાઈ કલુસીયા
રૂા.૨૫/- મો.હબીબાફાતમા ઈસુબભાઈ કલુસીયા
રૂા.૫૧/- મો.કમ્બરઅહેમદ ઈસુબભાઈ કલુસીયા
રૂા.૨૫/- મો.શબ્બીરઅલી ઈસુબભાઈ કલુસીયા
રૂા.૧૦૧/- મો.ઈસ્માઈલભાઈ હબીબભાઈ ઢાબરા
રૂા.૧૦૧/- મો.હલીબેન ઈસ્માઈલભાઈ ઢાબરા
રૂા.૫૧/- મો.હસનઅલી ઈસ્માઈલભાઈ ઢાબરા
રૂા.૫૧/- મો.મહેમૂદઅલી ઈસ્માઈલભાઈ ઢાબરા
રૂા.૧૦૧/- મો.મહંમદઅલી ગુલામરસુલ ઢાબરા
રૂા.૧૦૧/- મો.હુસૈનાફાતમા મહંમદઅલી ઢાબરા
રૂા.૫૧/- મો.જાસેદાફાતમા મહંમદઅલી ઢાબરા
રૂા.૫૧/- મો.સકીનાફાતમા મહંમદઅલી ઢાબરા
રૂા.૨૫/- મો.હસનઅલી મહંમદઅલી ઢાબરા
રૂા.૨૫/- મો.હકીમઅલી મહંમદઅલી ઢાબરા
રૂા.૨૫/- મો.હુસૈનાફાતમા અહેમદઅલી તાજા
રૂા.૧૦૧/- મો.મરૂબેન ઈબ્રાહીમભાઈ રાબડી

રૂા.૨૫૦/- મો.કમરઅલી હબીબભાઈ અસામદી તરફથી તેમના દીકરા વજીરઅલી ચાલુ સાલે મકતબા જાફરીયા ખાતે આવેલી આઈ.ટી.શેલીયા બી.સી.એ. કોલેજમાં બી.સી.એ.ની પ્રથમ વર્ષની પરીક્ષામાં ૮૭.૩૮% ગુણ મેળવી ક્લાસમાં પ્રથમ નંબરે પાસ થયા તેની ખુશાલી પ્રસંગે.

**રૂા.૧૦૦૧/- ડિસન્ટ રેસ્ટોરન્ટ(સુરત) તરફથી મર્હૂમ નજરઅલી ગુલામહૈદર બટ્ટીની રૂહના સવાબ અર્થે મળેલ ડોનેશન.**

રૂા.૧૫૧/- મો.મહેદીઅલી રસુલભાઈ નાથામેઠા(બાદરપુર)તરફથી મર્હૂમ નજરઅલી બટ્ટીની રૂહના સવાબ અર્થે.

**રૂા.૧૦૦૧/- મો. ગોરા ઈસ્માઈલભાઈ સાવદીભાઈ(બાદરપુર) તરફથી મર્હૂમ નજરઅલી ગુલામહૈદર બટ્ટીની રૂહના સવાબ અર્થે.**

રૂા.૫૦/- મો.તાલિબઅલી ગાલિબઅલી ખણુશીયા(કિશોરગઢ) પરીક્ષામાં એ-ગ્રેડ સાથે ઉત્તીર્ણ થયા તેની ખુશાલી પ્રસંગે.


પ્રો. જી. કે. સુણસરા
(સેવાણીવાળા)

**બેસ્ટ રેડીમેડ ક્લોથ એન્ડ ટેલર્સ**

● રેડીમેડ ●
* જીન્સ * ટી.શર્ટ * શોર્ટ શર્ટ * સ્લીમ શર્ટ
* કારગો * ઝભ્ભા-લેંઘા * ટ્રાઉઝર્સ
* નાઈટ ડ્રેસ વિગેરે.

● કલોથ ●
શુટીંગ તથા શર્ટીંગ

● ટેલર્સ ●
પેન્ટ, શર્ટ, શુટ, સફારી ઓર્ડર મુજબ બનાવી આપવામાં આવશે.

૧૨, આશિષ શોપીંગ સેન્ટર, જાફરીબાગ, સિધ્ધપુર.
ફોન : (૦૨૭૬૭) (દુ.) ૨૨૨૪૪૦ (ઘર) ૨૮૪૪૪૦